

ફૂલની માળા.

નારાયણ હેમચંદ્ર.

જુનાગઢના વજીર સાહેબ સેખ બાઉદ્દીનભાઈ
હાસમભાઈ સી. એસ. આઈ. ની
વિવિધ જ્ઞાન વિસ્તાર માળા.
૧

ફૂલની માળા.

શ્રીમતી સ્વર્ણ કુમારી દેવી કૃત મૂળ બંગાળી
" ફૂલેર માળા " નું ગુજરાતી અનુકરણ,
કરનાર

નારાયણ હેમચંદ્ર.

મુંબઈ,
ગજાનન પ્રિંટિંગ પ્રેસ.

કિંમત ૧૨ આના.

૬૮૩૫

આ માળામાંના આ ગ્રંથકારનાં પુસ્તકો.

1 ફૂલની માળા. ... ... ૦—૧૨—૦
૨ વીરમંડળ. ... ... ૦—૧૨—૦
૩ બ્રહ્માંડતત્વ
૪ જીવતત્વ.
૫ વનસ્પતિ તત્વ.
૬ પૃથ્વીતત્વ.
૭ પ્રેમતત્વ. } તૈયાર છે છપાય છે.
૮ સૌન્દર્ય તત્વ
૯ અપરાધ તત્વ.
૧૦ શિક્ષણ તત્વ.

અર્પણ પત્ર.

જુનાગઢના વજીર સાહેબ શેખ બાઉદ્દીન-
ભાઈ હાસમભાઈ સી. એસ. આઈ.

જનાબે અલી,

આપ જુનાગઢના વજીર સાહેબ છો, પ્રજાને સંતોષ આપવા માટે જોઈતો શ્રમ લ્યો છો તેની કદર સરકારે જાણીને આપને સી. એસ. આઈનો ખીતાબ આપ્યો છે, આવા આપના ગુણોથી ખેંચાઈને આપના નામની જુનાગઢના વજીર સાહેબ બાઉદ્દીનભાઈ હાસમભાઈની વિચિત્ર જ્ઞાન વિસ્તાર પુસ્તકમાળા પ્રકટ કરવાનું મે ધાર્યું છે તેનો આ પહેલો મણકો ફુલની માળા આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

આપનો

નારાયણ હેમચંદ્ર.

આ ગ્રંથકારનાં પુસ્તકો.

વાર્તાના પુસ્તકો—સ્નેહ મંદિર (જેમાં ૧૫ નવલ કથાઓ છે) ૪, કૃષ્ણલાલનું વિલ ાા, માણેક ાા. નંદકોર ાા, પ્રેમ કથા ાા, સ્નેહ કુટીર ાા; જીવન પ્રભાત ૧, જીવન સંધ્યા ૧, દુર્ગેશનંદિની ાા, યોગ જીવન ાા, શરત ચંદ્ર ાા, હૃદય વિકાશ ા=, ઉભરાઇ જતો પ્રેમ ા=, ઉત્તરરામ ચરિત ાા, વૈદ્યક કન્યા ા=.

સ્ત્રી ઉપયોગી પુસ્તકો—સ્ત્રી સૌન્દર્યમંદિર (જેમાં ૨૦ સ્ત્રી ઉપયોગી પુસ્તકનો સંગ્રહ છે) ૪, કેવીરીતે કુળમાં સારાં છોકરાં ઉત્પન્ન કરવા ા=, મા અને છોકરાં ા, કેવીરીતે બાળકને નીતિનું તથા મનનું શિક્ષણ આપવું ા=, સ્ત્રી હિત શિક્ષા ા=, જનહિતકારિણી સ્ત્રીઓ ા. સતી સ્ત્રીઓ ા, બેહેન ડોરાનું જીવન ચરિત ા=, પ્રાચીન હિંદુ સ્ત્રીઓના યશોગાન ા, સ્ત્રીઓનાં સારાં કામ ા, સદ્વર્ત્તનશાલી સ્ત્રીઓ ા,

મુખ્ય મુખ્ય ચોપડી વેચનારને ત્યાંથી મળશે.

૬૭૭૨

ફૂલની માળા.

પ્રકરણ ૧ લું.

ગાઢાં ઝાડોની હાર વચ્ચેના રસ્તાપર થઇને બે નાની છોકરીઓ મીલનસર તળાવને કિનારે આવીને ઉભી રહી. તળાવ નિર્મળ કાળા પાણીમાં બોરશલીના ઝાડની ગાઢી છાયા પડેલી હતી એક દોરડાથી બાંધેલો નાનો મછવો વાયુથી આમ તેમ હાલતો હતો. વારંવાર જળ તરંગને લીધે કિનારાપર અથડાઇ ઉછળતાં અને હાલતાં તે નાચતો હોય એમ લાગતું હતું. પોતાની ઇચ્છા પ્રમાણે તેનાથી નચાતું નહિ. અંતઃપુરની બારીનાંથી કટાક્ષ ફેંકવા પ્રમાણે થોડી જગામાં તે હાલતો હતો. બાંધેલો હોવાથી પોતાના મનનું દુઃખ દૂર કરવાને રાજી થતો હોયની એવું ભાસતું હતું. તેનો આ ઉદ્યમ અશ્રાન્ત અને અશાંતિવાળો થઇ પડયો હતો.

૨

બે છોકરીઓ બોરશલીના ઝાડની નીચે ઉભી ઉભી મછવાની તરફ જોવા લાગી. થોડીવાર મછવાનો સ્વછંદ વ્યાપાર જોયા પછી એક છોકરી કાલું કાલું બોલી, "લાજકુમાર હજી આવ્યા નથી, બહેન !"

ગંગાની ઉમ્મર આઠ વર્ષની હતી, પરંતુ હજી તે સારું સ્પષ્ટ બોલી શક્તી નહોતી. તેના નાના સુંદર મુખથી આવું કાલું બોલવું સાંભળ્યાથી તેની મોટી બહેનો તથા પડોસની છોકરીઓ તેને ઘણી ચહાતી હતી. કેવળ ગોદાવરીને તે સારૂં લાગતું નહિ. ગંગા કહે તો તે હસે અને મશ્કરી કરે, તેથી ગંગા ગોદાવરીની પાસે જતાં ડરતી હતી. તેની પાસે રહેવાને તે મુદલે ચહાતી નહિ. તે છતાં જ્યાં ગોદાવરી જતી હતી, ત્યાં ગંગા પણ જતી હતી. તેઓ તેજ તિમિરની માફક અવિચ્છેદ્ય હતાં. કોણ જાણે શું એક અજ્ઞાત શક્તિના બળથી તે ગોદાવરીની સાથે ને સાથે ફરતી હતી. ગોદાવરી ઘણી જલદીથી મીલનસર તળાવના પાસેના રાજાના બગીચામાં આવતી હતી તેમ બીજું કોઈ આવતું નહોતું, ગોદાવરી જેટલી મોડી ત્યાંથી પોતાને ઘેર

જતી તેટલું મોડું બીજું કોઇ જતું નહોતું, ગંગા તે માટેજ ગોદાવરીની સાથે ને સાથે ફરતી હતી, કેમકે ગંગા પણ ગોદાવરીની માફક રાજકુમારને જોવાને ચહાતી હતી. રાજકુમાર ગોદાવરીની સખીઓની સાથે રમવાને દરરોજ સાંજે ત્યાં આવતો હતો.

ગંગાએ મનના આવેગથી ઉપલી વાત કહી પણ તરત મશ્કરીના ડરથી ભયભીત થઇ ગઇ ગોદાવરીએ તે વાતપર લક્ષ ન આપતાં કહ્યું, "આવ, આપણે પાણીમાં ઉતરીને કમળ તોડી લાવીએ!" ગંગા બોલી, "નહિ, હું આવીશ નહિ. હું અહિં બેસીને બકુળ (બોરસલી)ની માળા ગુંથીશ." ગોદાવરીની ઉમ્મર નવ વર્ષની હતી પરંતુ તે આજ્ઞા કરતી હોય તેવા અવાજથી બોલી, "આવવુંજ પડશે." તે વળાએ ગંગા એવી તો ડરી ગઇ કે પોતાની મોટી મા કહે તોપણ તેથી ભયભીત થાય નહિ. તથાપિ પહેલા વચનનો પ્રતિધ્વનિ સ્વરૂપ તેના ભય કંપિત અવાજથી નીકળ્યા, "નહિ હું આવીશ નહિ."

ગોદાવરી ગંગાની પાસેથી આવો આશ વગરનો જવાબ સાંભળીને હતમર્યાદા રાણીની પેઠે જમીન

ઉપર પગ ઠોકીને સુતીવ્ર સ્વરથી બોલી, "આવવું જ પડશે. શું તું આવીશ નહિ ?"

"ના—આ—આ !"

"આવીશ નહિ ? વળી કહે છે !" આવું કહીને ગોદાવરી તેનો હાથ ઝાલીને ચાલ ચાલ કરતી ખેંચી ગઇ. બાળિકા નિરાશાના બળમાં બળવાન થઇને હું આવીશ નહિ આવીશ નહિ." આવું કહીને બુમો પાડતી પાડતી હાથ છોડાવવાની કોશેશ કરવા લાગી. તે વેળાએ ઝાડની ઓથમાંથી બીજી બે છોકરીઓ એકદમ દૈવ સહાય રૂપે બાહાર પડીને બોલી, "ગોદાવરી, એને કયાં ખેંચી લઈ જાય છે! શું થયું છે ?" આવું કહેતી કહેતી તેઓ ગોદાવરી ને ગંગાની પાસે આવીને ઉભી રહી તે વેળાએ ગોદાવરીએ તેનો હાથ છોડીને કહ્યું, "હું કહું છું કે પાણીમાં ચાલ, કમળો તોડી લાવીએ, તે આવતી નથી." કરૂણ નયનથી બે સખીઓની સામું જોઇને ગંગા બોલી, "હું પલે જઇશ." ગોદાવરીએ મોં વાકુ કરીને કહ્યુ, "જાણે નાનું બાળક હોયને ! પલે જઇશ." નંદકોરે કહ્યું, "એ નાની છે, એને રહેવા દે ચાલ હું તારી જોડે કમળ તોડવા આવું છું."

નંદકોર તથા ગોદાવરી પાણીમાં ગયાં. હરકોર ગં-ગાની આંખમાંના આંસુ લોહીને બોલી પેલાં, "બોર-શળીના ફૂલ પડયાં છે. આપણે તેને એકઠાં કરીએ આવ." આંખમાંના આંસુ સૂકાતાં ન સૂકાતાંમાંજ છોકરીના હોઠ ઉપર હસવું ખીલ્યું, તેણે ડાબા હાથની મુઠી ઉઘાડી પોતાની સખીને દેખાડી હર્ષથી કહ્યું, "આ જો, હું સુતર લાવી છું, માળા ગુંથીને લાજ-કુમારને આપીશ."

ફાગણ મહિનો છે. નવા વસન્તની બહારમાં વૃક્ષ પત્ર મર્મર કરે છે, પ્રસ્ફુટિત આંબાના મોરનો સુગંધ ચો તરફ વિસ્તારીને બહેકી રહ્યો છે. કોયલ મેનાઓ મોટે અવાજે ગાય છે, તે મલય હિલ્લોલિત વાસંતિક લતાજ પરિમળથી મધમધી રહેલા બગીચામાંથી વીણી વીણીને તરતનાં પડેલાં નવાં બોરશળીના ફૂલથી ખોળાં ભરીને બે છોકરીઓ તળાવને કાંઠે આવીને બેઠી, ને બેસીને માળા ગુંથવાનો આરંભ કર્યો. તે વેળાએ અંધારૂ થયું નહોતું, પશ્ચિમની તરફથી તળાવના પાણીમાં તરૂશ્રેણીથી ગાઢી કાળી છાયાના ઉપર સૂર્ય કિરણ ઝગઝગાટ કરી રહ્યાં હતાં, અને પૂર્વ તરફથી પદ્મપત્રાચ્છન્ન જળના પટને હલાવીને અને

પ્રકાશિત કરીને એ છોકરીઓ કમળ તોડતી હતી. ખી-
લી નિકળેલાં કમળમાં બન્ને બાળિકાનાં વદન પ્રતિબિં
બિંત થયાં હતાં—બેઉના માધુર્યથી બેઉનું સૌન્દર્ય
ખીલી નિકળ્યું હતું.

હરકોર એકવાર તેઓની તરફ જોતી હતી, એક-
વાર હાથની તરફ જોઇને સોયમાં ફૂલ પરોવતી હતી,
પરંતુ ગંગા એકાગ્ર મનથી માળા ગુંથતી હતી. થો-
ડીવારે ગોદાવરી અને નંદકોર બીને લુગડે ને બીના
વાળે દિવ્યરૂપે તેઓની પાસે આવીને ખોળામાંનાં
કમળોનો જથ્થો જમીન ઉપર નાખ્યો. ગંગા આતુ-
રતાથી બોલી, "હું એક લઈશ ને લાજકુમારને
આપીશ?"

ગોદાવરી ગુસ્સે થઇને બોલી, "વાહ અમે તોડીએ
અને એ 'લાજકુમારને" આપે એની ઇચ્છા તો
જુઓ એકવાર! કદી પણ મળશે નહિ જા." ગંગાનું
મોં લેવાઈ ગયું. હરકોરે કહ્યું, "બહેન તમે આટલાં
ફૂલો તોડયાં, પણ રાણીજીને કાળે પૂજામાં ફૂલ ઓછા
પડશે, તે વેળાએ જોઇશે શું થાય છે." ગોદાવરી
બોલી, "તે કોણ જાણે કે કોણે તોડયાં છે" નંદ-

કોરે પૂછયું, "બહેન શું આ વાત ખરી છે કે એક સો ફૂલથી શિવની પૂજા કર્યાથી સ્વામી વશ થાય છે?"

હરકોર અને નંદકોર બેઉના લગ્ન થયાં હતાં. પરંતુ વયમાં હજી પણ તે ઘણાં નાનાં બાળક હતાં. એકની ઉમ્મર અગિયાર વર્ષની ને બીજાની બાર વર્ષની હતી. હરકોરે કહ્યું, "મા કહે છે કે પહેલા રાજા રાણીને જોઇ શકતો નહોતો, એટલે બેઉ વચ્ચે સારૂં નહોતું. એકસો ફૂલની શિવ પૂજા કર્યાથી હમણાં મુઠીમાં લાવ્યા છે. તારી બહેનનો સ્વામી પોતાના ઘરમાં તેને શું રાખવા ચહાતો નથી? ત્યારે તે કેમ પૂજા કરતી નથી? તેમ કર્યાથી તેની વાત સ્વામી સાંભળશે!"

નંદકોર બોલી, "બહેન ૧૦૦ ફૂલ રોજ અમે કયાંથી મેળવીએ! માએ તો મને આવુ કહ્યું હતું કે સત્કુમારના શરીર ઉપર ફોડા થયા છે તેથી રાણીજી પૂજા કરે છે. તે ફોડાને માટે રાજકુમારનું હજી લગ્ન થયું નથી. ફાગણ મહિનો ઉતર્યા પછી ફોડા સારા થશે."

નંદકોર ખુશ થઇને બોલી, "આપણી નવી રાણી થયાથી કેવી મઝા પડશે! કહે જોઇએ આપણી રાણી કેવી થશે?"

હરકોર બોલી, આપણી ગંગાના જેવી રાણી થયાથી સારૂ થાય—નહિ વારૂ !"

ગંગાની બે આંખ એકદમ ઝળકી ઉઠી, તેના હાથની માળા પડી ગઇ. તે આગ્રહથી બોલી ઉઠી, "હા, બહેન, હું લાણી થઇશ" હરકોર હસી તેનું મુખ ચુંબન કરીને બોલી, "તુ રાણી થઇશ, આવ આપણે રાજા રાણી રમીએ. તુ રાણી, હું મોટી રાણીજી, નંદકોર સખી, ગોદાવરી"—

આ બોલવું પુરૂં ન કરાવતા ગોદાવરી શ્વાસ નહિ રોકતાં બોલી, "હું કોણ ?"

હરકોર બોલી, "તું દાસી !"

તરત તેની કાળી આંખની કીકીમાંથી અગ્નિ ઝર્યો. તેણે દૃઢતા પૂર્વક કહ્યું, "હું રાણી, ગંગા દાસી !"

ગંગા કહેવા જતી હતી કે "નહિ હું દાસી થઇશ નહિ" એટલામાં વાંશળીમાંથી ગાવાનું સંભળાયું.

ગંગા આનંદિત થઇને બોલી, "ઓ પેલા લાજકુમાર !"

નંદકોર બોલી, "ઠીક રાજકુમાર જેને કરે તે રાણી."

હરકોર બોલી, "તે ઠીક."

જોતા જોતામાં વાંશળી બંધ થઇ ગઇ, ચઉદ

વર્ષનો સુરૂપ સુંદર એક બાળક ત્યાં આવીને ઉભો. નંદકોરે આગ્રહથી પૂછ્યું, "રાજકુમાર તમે કહો કોણ રાણી? ગોદાવરી કે ગંગા?"

હરકોર બોલી, "અમે રાજા રાણી રમીએ છીએ હું મોટી રાણીજી, બહેન સખી અને ગંગા"–

નંદકોર બોલી, "નહિ, રાજકુમાર! તમે કહો કોણ રાણી?"

રાજકુમારે પૂછ્યું, "કોની રાણી? રાજા કોણ?"

બે જણા હસીને બોલ્યાં, "તે વળી કોણ હોય? આ તમે રાજા!"

રાજકુમાર હસીને બોલ્યો, "હું રાજા! બીજી કોણ રાણી?"

ગંગા આટલા વખતથી જે ફૂલની માળા ગુંથી મૂકી હતી, તે રાજકુમાર ઉપાડીને ગોદાવરીના ગળામાં પહેરાવીને બોલ્યો, "આ જુઓ!"

ગર્વમય આહલાદ–જ્યોતિથી ગોદાવરીનું બાળિકા મુખમાં યુવતીનું ગાંભીર્ય ગાઢું થયું. ગંગાની આંખમાં ઝળઝળીઆ આવ્યાં, નંદકોર હરકોર હસીને બેઉ જણાને એકઠાં કરીને હાથ મેલાવ્યા. કોયલ પાપિયાએ તે વેળાએ પ્રતિધ્વનિ કરી. જ્યારે ગંગાએ

જોયું કે તેઓમાં ભ્રમ થઇ ગયા છે, હું રાણી નથી, ગોદાવરીજ રાણી છે. ત્યારે આંસુથી ભરેલી આંખથી રાજકુમારની પાસે આવીને બોલી, ઠીક છે, "હું ત્યારે લાજકુમારની દાસી થઇ!"

પ્રકરણ ૨ જું.

ચઉદમી શદીની આખરે ગુજરાતે ખરીરીતે દિલ્લીની તાબેદારી તોડી દિલ્લીનો બાદશાહ ગયા સુદીન તઘલકના વખતમાં ફરતુલ્લમુલ્ક ગુજરાતનો સુબેદાર થઇને આવ્યો હતો. ઇ. સ. ૧૩૯૦ માં તેને સ્વતંત્ર થવાની ઇચ્છા થયાથી તેણે હિંદુ જમીનદારોને પોતાના પક્ષમાં લેવા માટે તેઓના ધર્મને ઉત્તેજન આપવા માંડયું. આથી ઇસલામના ધર્મને હાનિ થશે જાણી તમામ મુસલમાનોએ ડરી બાદશાહને ખબર કર્યા. બાદશાહે તરત એક તાક જાતીના અને મૂલના હિંદુમાંથી વટલેલા સરદારને મુજફ્ફરખાનનો ખીતાબ અને રાજ્યચિહ્ન ધારણ કરવાની પરવાનગી આપી ગુજરાતમાં મોકલ્યો. આ સરદાર

પોતાનો હોદ્દો લેવા માટે પાટણ આવતો હતો રસ્તામાં શત્રુઓ સાથે સિદ્ધપુર પાસ મુકાબલો થયો. તે વખતે બલવાખોરામાં ઘણા ખરા હિંદુ જમીદારો હતા. આ સમય ફરતુલમુલ્ક હાર ખાઇ મરણ પામ્યો અને મુજફ્ફરે ગુજરાતનું રાજ્ય પોતાના સ્વાધીનમાં ઇ. સ. ૧૩૯૧ માં લીધું.

મુજફ્ફરે ગુજરાતનું રાજ્ય સ્વાધીનમાં લઇ લાગલુજ પોતાનું મન હિંદુલોકોને તાબે કરવા તરફ લગાડ્યું. તેણે મોટા મોટા ગામના ગરાસીઓને તથા રાજાઓને તાબે કર્યા. કેટલાકના ગામ લઇ લીધા અને કેટલાકની પાસેથી ખડણી લઇને પાછું આપતો.

જ્યારે મુજફ્ફર ગુજરાતનો બાદશાહ થયો તે વખતનું સ્મરણ રહેવા માટે પોતાની પાટણ રાજધાનીમાં દર વર્ષે એક મોટો ઉત્સવ કરવાનું શરૂ કર્યું. તે ઉત્સવમાં હથિયારની રમતજ મોટામાં મોટો આનંદ હતો, હથિયારની લડાઈમાં, કસરતના યુદ્ધમાં જે તે દહાડે જય મેળવતો હતો, તેને ગુજરાતનો બાદશાહ સન્માન દઇને ઇનામ આપતો હતો.

પાટણમાં આજે હથિયારનો ઉત્સવ છે. ચંદ્રા-વાથી સુસજ્જિ કિલ્લાની બહારનું મેદાન લોકોથી પરિપૂર્ણ થયું છે. મુજફ્ફરશાહ ઉચી બેઠકવાળા ફૂલ-મય સ્તંભના એક મંડપમાં સર્વથી ઉંચા સિંહા-સનપર બેઠા છે ચારે બાજુએ ગુજરાતના જુદે જુદે સ્થલથી એકઠાં થયલા રાજા, જમીનદાર, સામંતો અને સભાસદો પદ મર્યાદા પ્રમાણે બેઠા છે. પાસે મલ્લ યુદ્ધનો ચીત્કાર, તરવારની લઢાઇનો ઝણ ઝણાટ મેદાનમાં જોનારના સોત્સુક ઉલ્લાસધ્વનિ કરાવે છે.

કિલ્લાની ચારે બાજુએ નાના પ્રકારની સુશોભિત દુકાનો છે. કયાં ખાવાની વસ્તુઓ, ક્યાં ફૂલનો બાહર, કયાંક સુંદર કારીગરનું સૌન્દર્ય, કયાંક હથિયારનો ઝલકાર થઇ રહ્યો છે. ઘણીક જાતના વેપારીઓ આજે લોભની આશાથી કિલ્લાની બહાર એકઠાં થયા છે, અદૃષ્ટના વેપારીઓ આ લાગ વળી કેમ છોડે ? તેઓ પણ દુકાનની પાટો ગોઠવીને બેઠા છે, ઘણાકો તેઓની પાસે જઇને ઘરના પૈસા આપીને દુઃખ વેચાતું લેઇને ઘેર જાય છે.

આવી એક દુકાનમાં કંઇક વધારે ભીડ છે. નામના

જોરથી લેનારના ઉપર લેનારા આવીને એકઠાં થાય છે, વેચનાર એકલો છે તેઓની બધાની ઇચ્છા પૂર્ણ કરી શક્તો નથી. તેનો જીવ જવાની અણી ઉપર આવ્યો છે, તેણે લોભના પગ બાંધીને નાશવાની તૈયારી કરી છે, એટલામાં એક સુંદરી આવી, પોતાનો હાથ જોવાને માટે તેણે વિનંતિ કરી, સૌન્દર્યની અરજ ઘણી અરજ કહેવાયા જોશી તેની માગણી અગ્રાહ્ય કરી શકયો નહિ સુંદરીનો ડાબો હાથ પોતાના હાથમાં ઝાલીને એક ટસથી તેના મોં સામું જોઇને તે રાજરાણી યોગ્ય, તે પૃથ્વીને નિસ્તેજ કરનારૂં રૂપ જોવા લાગ્યો. જોશીના મુખના હાવ ભાવ જોઇને એક જોનારે કહ્યું, "જોશી મહારાજ મોંથી શું ગણાય, હાથ જુઓ. બીજા એકે કહ્યું, "જોશી મહારાજ શું જેવા તેવા છે કે હાથમાં કંઇ નહિ મળ્યાથી શું હાથ જુએ!" છોકરી જોશીના હાથમાં કંઇક આપવા જતી હતી, તેણે મનાઇ કરીને કહ્યું, "બ્હેન તમે રાજરાજેશ્વરી થશો. તમારી પાસેથી હું કંઇ લઇશ નહિ." એક ઘોડે સવાર આ ભીડની પાસેથી હળવે હળવે જતો હતો. બાળિકાની પાસે આવતાંજ તેની નજર એક-

દમ પડી તેથી તરત તેણે ઘોડો થોભાવ્યો. સુંદરીને તે સંપૂર્ણ અપરિચિત લાગ્યો, તે નયન વિકશિતકારી રૂપ તેણે પહેલાં કદી જોયું નથી. તે છતાં પૂર્વ જન્મની વિસ્મૃત સ્મૃતિના જેવું તે રૂપ ઓળખ્યું હતું એવું મનમાં આવવા લાગ્યું. તે મુગ્ધ આત્મવિસ્મૃત થઇને ચિત્રાર્પિતચિત્રના એવી થઇને તેના મોં સામું જોવા લાગી, બીક તેની પાસેથી જતી રહી. કેવી સ્મૃતિસૂત્રથી કોણ જાણે તે અજાણી સુંદરીના મોં તરફ જોઇને તે બધુ ભૂલી ગયો, કેવળ એક વારનો બાળપણાનો બનાવ તેના મનમાં આવવા લાગ્યો. વિજન તળાવને કિનારે, નિસ્તબ્ધ ઉપવનમાં, તેના હાથમાંની માળા સ્મરણમાં આવી. ભીના વાળવાળી, ભીના કપડાવાળી છોકરીની દિવ્ય મૂર્તિ, વળી રમનારીઓનાં ગીત તેને યાદ આવવા લાગ્યાં. એકદમ ઘોડાએ અધીર ભાવથી ડાકુ ઉચ્ચુ કર્યું. રાજકુમારની ચમક ભાંગી, લક્ષ્ય બેદવાને માટે ચોપદાર તીર યોદ્ધાઓને બોલાવે છે તે સાંભળ્યું. ઘોડસવાર પોતાને ઠીક કરીને પોતાની મુગ્ધતાથી મનમાંને મનમાં હસીને તે તરફ ઘોડો હંકાર્યો.

પ્રકરણ ૩ જું.

તરવારની લડાઈ. ભાલાની લડાઇ વગેરે બીજા હથિયારની રમતો પૂરી થઇ થઇ છે, કેવળ માત્ર તીરની રમતજ હવે બાકી રહેલી છે, પાસે ઘોડાઓ છે. મુજફ્ફરશાહ સિંહાસન ઉપરથી ઉતરીને ઘોડા ઉપર સવાર થયો, અને અમાનદો તથા નોકરેલાઓ તેની બેઉ પાસે અને પછવાડે હારબંધ ઉભા. એક હાથ ઉંચો કરીને પક્ષીનું મુખ ચુમ્બન કરનારી પથ્થરની સ્ત્રીનું પૂતળું છેટે મુકેલું હતુ, તે પક્ષીની આંખના ઉપર તીર નાખીને વિંધવાનું છે. પક્ષી સ્ત્રીના કપાળપર એવી રીતે રહેલું હતુ કે સ્ત્રીને કઇ પણ ન લાગતા તીરથી કેવળ આંખ વિંધવાને વિશેષ કુશળતાનું કામ છે. આખા દહાડો જે રમતો થઇ હતી, તેમાં આ રમત જોવાને માટે બધા આતુર છે. બાદશાહની ઇશારતથી ચોપદાર જરા આગળ વધીને બુમ પાડીને બોલ્યો, "આ લક્ષ્ય ભેદવાને જે ઇચ્છતા હોય તેઓ બાદશાહના હુકમથી એકીવાર સામે આવો. ચોપદારે

મોટે અવાજે ત્રણ વાર પોકાર્યું. એટલામાં હણ હણાટ કરતો પાણીદાર ઘોડો ડોક ઉપર કરીને સુંદર યુવા પુરૂષને પીઠ ઉપર લઇને આગળ વધ્યે. એકદમ મેદાનમાં મોટી ગડબડ બંધ થઇ ગઇ, મંત્ર મુગ્ધના પ્રમાણે એકી નજરથી બધા માણુસો પોતાના શ્વાસ રોધીને ઉભા રહ્યા. યુવાને મુજફ્ફરશાહની તરફ આવતો આવતો બાદશાહને ત્રણવાર સલામ કરીને પથ્થરના પુતળાને તાકીને તીર ફેંક્યું કે તરત ગડગડ મચી ચારે તરફથી લોકો આવીને પથ્થરની મૂર્તિને ઘેરીને ઉભા રહ્યા. તેઓએ જોયું તો પક્ષીની આંખ વિંધાઇને તીર નીકલી ગયું છે. લોકોમાં આકાશ મેદાનને પ્રતિધ્વનિત કરીને તરત જયધ્વનિ થયો, વિરમગામના રાજકુમાર અજસિંહે લક્ષ્ય ભેદયું છે. જોનાર સભાસદોઓ ઉલ્લાસ ધ્વનિ સાથે તેમાં પુષ્પ વૃષ્ટિ કરવામાં છે રાજકુમારને તે પુષ્પવૃષ્ટિની વચ્ચેથી ગુજરાતના બાદશાહની પાસે લાવ્યા મુજફ્ફરશાહ પણ ઘોડા ઉપરથી ઉતર્યો. તેણે પોતાના હાથથી જુવાન કમર ઉપર કિંમતી તરવાર બાંધીને રાવબહાદુરનો ખીતાબ આપ્યો. ચારે બાજુએથી પાછો ઉત્સાહનો જયધ્વનિ ઉઠયો, હજારો પુષ્પ-

માળા તેના ગળામાં નંખાવવા લાગી. એક સ્ત્રીએ છેટેથી રાજકુમારને તાકે છે, તેણે તે વેળાએ પોતાના ગળામાંથી એક સૂકી ફૂલની માળા ઉતારીને એક નાના પથરાની જોડે વીંટાલીને રાજકુમારની તરફ ફેંકી; પરંતુ માળાને જે જગાએ જવી જોઈએ ત્યાં નહિ જતાં બાદશાહના શરીર ઉપર લાગીને નીચે પડી. ગુજરાતનો બાદશાહ મુજફ્ફર તરવાર બાંધતા બાંધતાં જરા હાથ લંબાવીને વિસ્મયથી તથા ગુસ્સાની નજરથી નીચું માથું જરા ઉચ્ચું કર્યું પાસેના સભાસદો ફૂલની વૃષ્ટિ કરતાં અટકી જઈને ડરથી તેની સામું જોવા લાગ્યા. તે વેળા મુજફ્ફરશાહના છોકરાનો છોકરા અહમદખાન પાસે પડેલી સૂકા ફૂલની માળા ઉપાડી લઈને હસતાં હસતાં બોલ્યો, "રાજકુમાર, સૂકી ફૂલની માળાથી કોને તમને અભિવાદન કર્યું છે?" તે વેળાએ બધાની ગંભીરતા દૂર થઈ. ગુજરાતનો બાદશાહ હસતે ચહેરે અજયસિંહની કમરમાં પછી તરવાર બાંધવા લાગ્યો. વળી પુષ્પ વૃષ્ટિ સાથે જયધ્વનિ, થવા માંડી! એવામાં ભીડમાંથી એક સ્ત્રી દૃઢ પગળાં ઉપાડતી શાહજાદા અમદખાંની પાસે આવીને સલામ કરીને બોલી, " મારી ફૂલની માળા

મને પાછી આપવાનો હુકમ થવો જોઇએ." બધા આશ્ચર્ય પામીને તેને જોવા લાગ્યા. શાહજાદાએ તેની માળા તેને પાછી આપી. તે માળા હાથમાં લઇને અજયસિંહની સામે જોઇને જરાવાર સુધી ઉભી રહી, ત્યાર પછી મુજફ્ફરશાહ અને શાહજાદાને સલામ કરીને જેવી તે દૃઢ પગલાં ઉપાડતી આવી હતી, તેવી નિર્ભય દૃઢ પગલાં ઉપાડતી ત્યાંથી જતી રહી.

પ્રકરણ ૪ થું.

સૂર્ય પશ્ચિમ તરફ ઢળી પડ્યો છે, તેમાં સોનેરી કિરણો નદીના ઉર્મિવાળા સ્રોતને ચમકાવીને બીજા કાંઠાપરના ઝાડના શિખરમાં રમતાં રમતાં ધીરે ધીરે ખરતાં જાય છે. કુમાર અજયસિંહ ઘોડા ઉપર સવાર થઇને નદીને કિનારે કિનારે થતો આ વખતે ધીરે ધીરે પોતાના પોતાના ઉતારા તરફ આવતો હતો. પરંતુ બપોરની દૃશ્ય શોભાપર કુમાર મોહિત થી, અથવા બપોરે મળેલા જય સન્માનના વિશે

પણ હમણાં તેના મનમાં નથી, તે કેવળ વિચાર કરે છે પેલી ગરીબ પોશાકની યુવતીની વાત ઉપર. તેનું જ્યોતિમય સૌન્દર્ય, પોતાના જેવા અજાણ્યાના ઉપર તે ઓળખીતાના જેવી સહાસદૃષ્ટિ, રાજસભા વચ્ચે સૂકા ફૂલની માળા ફેંકવી, અને તે પાછી લઇ જવી એ બધા રહસ્યમય વિચારથીજ તે અનન્યમનવાળા થયો છે. તે અજાણીના સંબંધમાં આ બધું આશ્ચર્યકારક છે, વિસ્મયજનક એક પ્રહેલિકા છે! તેનો પોશાક, વ્યવહાર, હાવભાવ એટલુંજ નહિ પણ એક કટાક્ષને દરેક ચાલવાના ડગલાંપરથી તેણે પહેરેલાં ગેરવાં વસ્ત્રો છે છતાં સન્યાસિની નથી. કેમકે સન્યાસિનીમાં ઉપકરણ ત્રિશૂળ, જટાજૂટ, વિભૂતિ, રૂદ્રાક્ષમાળા, તેની પાસે નથી, માથું ઉઘાડું નથી; ગેરવા રંગની બારીક ઓડણીમાંથી ડોકની તરફ અયત્ન બંધ અર્દ્ધ મુક્ત કાલો અંબોડો જણાયો. સામે અડધા ખુલ્લા માથા ઉપર ઝુલી રહેલાં કાળા વાળની શોભા રહી ગઇ છે વળી એક બે વળેલા છુટા વાલના ગુચ્છાએ કપાળપરથી ખસીને કપાલની વચમાં આવીને કમનીય કાંતિને ઘણીજ ખીલાવી મૂકી છે.

ત્યારે શું સુંદરી કોઇ વિધવા તીર્થયાત્રી હશે ! ના, વિધવા જો હોય તો હાથમાં એ સોનાની બંગડી શામાટે હોય ! કદાચ બાલવિધવા તરીકે માબાપે તેને અલંકાર વિનાની કરી નહોય ! તે હોવું સંભવે છે, કેમકે સૌભાગ્યવતી હોય તો શામાટે ફરતી ફરે ? સુંદરી કુવારી પણ હોય તેથી સંભવે છે, એ સંભવનાનો પણ કુમારના મનમાં ઉદય થયો નહિ આવી જુવાનીમાં આવેલી હિંદુ કન્યા કુવારી રહે એ એકદમ કોના મનમાં આવે ? રાજકુમારે અનુમાન કર્યું કે તેજ બરાબર જણાય છે કે સુંદરી તીર્યયાત્રી વિધવા છે, અને તે કોઇ ઉચ્ચ ન્યાતની સ્ત્રી હોય તેમાં પણ સંદેહ નથી. તેનાં દરેક પગલાંપરથી આત્મમર્યાદા ને પ્રત્યેક કટાક્ષથી સાધ્વીનો તેજગર્વ પ્રકાશિત થાય છે ! તે છતાં મારી તરફ તેણે જેવી નજર ફેંકી છે. તેતે નજરમાં અતિ મધુર પ્રેમપર લાગણીનો ભાવ શામાટે પ્રકાશ થતો હશે ? તેને મેં કદી જોઇ નથી, હું તેને ઓળખતો નથી, ત્યારે આ નજરનો અર્થ શો હશે ! સુંદરીનું તે બધું કંઇક રહસ્ય છે બધી પ્રહેલિકા છે ! આવી રીતે વિચારમાં મગ્ન થનો લગામ હાથમાં લઇને

રાજકુમાર આસ્તે આસ્તે જાય છે એટલામાં તે એકદમ અટક્યો, પેલું આશ્ચર્ય મન આગળ આવી ઉભું, તે અપરિચિત સુંદરી મૂર્તિ તેની તરફ હસ્તે ચહેરે જોતી ઝાડની નીચે ઉભી છે।

રાજકુમારને સ્વપ્ન જેવું ભાસવા લાગ્યું આખો દહાડો તે શું કેવળ સ્વપ્નું જુએ છે કે શું? પરંતુ વધારે વખત સુધી આ વિસ્મય ભોગવવાનો અવસર મળ્યો નહિ. રાજકુમારને ઘોડો રોકતા જોઇને પેલી સ્ત્રી તેની પાસે આવીને મૃદુ હસીને બોલી, "રાજકુમાર ઓળખી શકો છો?"

રાજકુમારની જીભ ઉપડી નહિ। ગોદાવરી પાછી બોલી, "પેલા મીલનસરનાં તલાવના કિનારાપરની રમત કેમ યાદ આવે છે?"

રાજકુમાર ધીરે ધીરે સુષુપ્તની પેઠે બોલ્યો, "બાલ્યસખિ ગોદાવરી કે!"

ગોદાવરી હસીને બોલી, "તે પણ શું યાદ કરાવવું પડે છે। મેં તો જોતાંજ ઓળખ્યાં. એક આવેગનો તરંગ રાજકુમારના હૃદયને હલાવીને એકદમ પાછો સમી ગયો. પેલી તે પેલી ગોદાવરી, તે છતાં હમણાં વચ્ચમાં ભાવનું અનંત છેટાપણું। તે દહાડે

તે પોતાની હતી, જેની જોડે એક દહાડો અસંકોચથી પોતે રમતો હતો, વાતો કરી હતી, પણ હમણા તે પરણી હતી, યુવતી છે, તે તેની ઘણી સન્માન કરવાવાળી પારકી સ્ત્રી છે. એક બાજુએ બાળબંધુત્વનો સ્વભાવિક ઉચ્છવાસ! ને બીજી બાજુ એ સંસ્કારગત પરપુરૂષોચિત સન્માન સંકોચભાવ આ બેઉ એકી વેળાએ તેને શું કરવું તે વિશે દિગમૂઢ જેવો કરી નાખ્યો. એટલુંજ નહિ પણ ગોદાવરીની જોડે શી રીતે વાતચીત કરવી તેનો વિચાર કરવા છતાં કંઇ પણ સૂઝયું નહિ.

જ્યારે ગોદાવરીએ અસંકોચથી પોતાના માણસના પ્રમાણે કહ્યું, "ઘોડા ઉપરથી એકવાર ઉતરો! બધા તમને વિજયને માટે સન્માન આપે છે, વળી મારી સૂકાયલી માળા જાણીને ગળામાં પહેરવાની આટલી અનિચ્છા થાય છે?"

ત્યારે રાજકુમાર પોતાનો સંકોચ ભૂલીને પોતાની સમજીને હસતો હસતો બોલ્યો, 'પેલી સૂકાયલી માળા મારા સન્માન માટે ફેંકવામાં આવી હતી કે?"

ગોદાવરી બોલી, "હા તેમજ હતું ખરૂં પરંતુ માળા તમારી પાસે નહિ પહોચે એવી બુદ્ધિ તે

વેળાએ મનના આવેગથી સુઝી નહોતી, એથી માગી માળાની ફૂલની પાખડીઓ ખરી પડી." રાજકુમાર આ બોલથી જરા હસીને ઘોડા ઉપરથી ઉતરતા ઉતરતા બોલ્યો?" ગોદાવરી, સુકી માળાની ભેટ!! એ શું સન્માન કે મશ્કરી "ગોદાવરી એનો કંઈ પણ જવાબ નહિ આપતાં બોલી, "ઘોડાને લઈને મારી જોડે ચાલો, આ તરફ બેસવાની જગા છે ને ત્યાંજ ઘોડો બાંધવાની પણ જગા છે.

ગોદાવરી રસ્તો દેખાડતી ચાલી રાજકુમાર ઘોડાની લગામ પકડીને તેની વતે ચાલ્યો.

પ્રકરણ ૫ મું.

કિનારા ઉપરના ગાઢાં ઝાડની હારમાં જે આમળીનું એક ઝાડ અડધુ જમીનપર અડધુ પાણીપર અધિકાર કરીને સુઇ પડયું હતું, ગોદાવરી ત્યાં આવીને તેના ઉપર બેઠી. રાજકુમાર એક ઝાડના થડની સાથે ઘોડો બાંધીને ગોદાવરીની પાસેના ઝાડની ડાળી પકડીને ઉભો રહ્યો, સૂર્ય અસ્ત પામ્યો છે, પરંતુ તે વેળાએ પણ સન્ધ્યાના ધુવાડાના ઢાક-

ણુથી પૃથ્વી આચ્છાદિત થઇ ન હોતી. પશ્ચિમ ગગનમાં ઉજ્વલ લાલ મેઘના મંડળનો જમાવ થયો છે, તેની આભાથી જળસ્થળ સર્વ લાલ થઇ ગયું છે. પરંતુ ગોદાવરીના સુરૂપને સુંદર મુખપર જેવું શોભિત થયું છે, એવું બીજું ક્યાંઈ પણ નહોતું !

ગોદાવરી ગૌરરંગની હતી. પરંતુ સાધારણ ગુજરાતણુના જેવી ચંપા વર્ણની અથવા કોમળ ફીકાસવાળી નથી–તેનો રંગ ઇરાનીના જેવો તેજોમયી પ્રફુલ્લ, પ્રદીપ્ત, સુવર્ણાભ હતો, કેવળ રંગ નહિ, તેનાં લાંબા અણીદાર નાકમાં, વક્રરેખાવાળા બંધ થયલા હોઠમાં, વચ્ચમાંથી જુદી થયલી નાની હડપચીમાં, કાળી વાંકી ભમરની નીચે વનપત્રશાળી નીલ નયનની દૃષ્ટિમાં આત્મગરિમામય ગર્વીત દીપ્ત સૌન્દર્ય પ્રકટ થતું હતુ. તેની આંખનું આ તેજ, આ દીપ્તિ આછા ગૈરિક વસ્ત્રથી, ગુચ્છાળા કેશની લટના સંસ્પર્શથી, નયનના પ્રેમમય આવેગવાળા ચાંચલ્યથી અને હોઠના આનંદવિસ્ફુરિત ભાવથી પહેલાં અતિ મધુર કોમળ કમનીયતા મેળવી હતી, રાજકુમાર તેને જોઇને શકુન્તલાને યાદ કરતો હતો, દુષ્યન્તે બરાબર કહ્યું હતું:—

" सरसि जमनुषिद्धं शैवलेना पिरम्यं
मलिनमपि हिमां शोर्लक्ष्म लक्ष्मीं तनोति ॥
दयपचिकमनोज्ञा वल्कलेनापि तन्वी
किमिवाहि मधुराणां मंडनं णाकृतिनां" ॥

તે રૂપ માધુર્યથી મોહિત થઇને ધીરે ધીરે તેની બધી ભૂલ થવા લાગી. તેના મનમાં આવવા લાગ્યું —નદી કિનારાનું આ જંગલનું તલિયું જાણે મીલનસરના કિનારાનું પેલું ઉપવન છે, વળી પોતે જાણે પેલો ચઉદ વર્ષનો છોકરો છે, ગોદાવરી તેની બાલિકા સખી છે, તેની રાણી છે. મોર પરાયણ થઇને તે કયારે ધીરે ધીરે ગોદાવરીની પાસે પડેલા ઝાડની ઉપર આવીને બેઠો તે જાણવા પણ પામ્યો નહિ. જ્યારે ગોદાવરીએ તેને પૂછ્યું, "રાજકુમાર! પહેલાના પ્રમાણે હમણા પણ શું વાંશળી વગાડો છો? ત્યારે તેને શુદ્ધી આવી, ધીરે ધીરે એક લાંબો શ્વાસ મૂકીને તે જરા દૂર ખસીને બેઠો, પરંતુ એકદમ હવે ઉઠીને બેસાયું નહિ, ગોદાવરીએ પાછું કહ્યું, "રાજકુમાર તમારી વાંશળી કયાં છે? પહેલાની પેઠે એકવાર વાંશળી વગાડો જોઇએ?"

રાજકુમાર લાંબો નિસાશો મૂકીને બોલ્યો, "પહેલાના પ્રમાણે? આગળના દહાડા શું પછી રહે? રાત ગયાંથી સ્વપ્નું ચાલ્યું જાય છે."

ગોદાવરી બોલી, "પરંતુ વળી રાત છે ને?

રાજકુમાર બોલ્યો, "પહેલી રાતનું જે સ્વપ્નું આવે છે તે સાથે લઇને ગઇ રાત આવતી નથી."

રાજકુમારની વાતથી ગોદાવરીનું હૃદય આનંદથી ફુલાયું. રાધા વગર વૃન્દાવન અંધકાર છે, શ્યામની વાંશળી બંધ છે તે સમજવામાં તેણે ભૂલ કરી નહિ, શા માટે તે કરે, તે જેમ રાજકુમારની વિરહ યાતના સહન કરતી હતી તેમ રાજકુમાર પણ તેના અદર્શનથી યાતના ભોગવશે। નાનપણમાં જ્યારે સંસારિક ઝેરથી ભરેલું હૃદય અભિજ્ઞતાથી જર્જરિત નથી, ત્યારે પ્રેમમાં પુર્ણ વિશ્વાસ હોય છે. તે હસીને બોલી, "તેવી ઇચ્છા હોય તો જૂનુ સ્વપ્નું શું પાછું ફરે નહિ। આટલામાંજ તમારી બધી ઇચ્છા પૂરી થઇ છે કે?" રાજકુમાર હસીને બોલ્યો, "બધી નહિ પણ કંઇક પૂરી થઇ છે, હવે વૃદ્ધ થવા આવ્યો. રાજ્યભાર મારા તાબામાં છે, પ્રજાનું સુખ દુઃખ

ન જોતાં નાનપણના જેવો કેવળ ધૂળમાં રમતો ફરૂં અને વાંશળી વગાડીને દહાડા ગાળુ'?"

રાજકુમારની વીસ વર્ષની ઉમ્મર થઇ છે. બાળક સ્વભાવ–સુલભ ભાવથી હજી પણ તેનું હૃદય પરિપૂર્ણ છે તેથી તે વાત ચીતમાં પોતાનું વૃદ્ધપણું પ્રકાશ કરીને સુખ અનુભવે છે. ગોદાવરી બોલી, "તમારી વાંશળી વગાડવાની ઇચ્છા પૂર્ણ થઇ છે પરંતુ મારી સાંભળવાની ઇચ્છા હજી પૂરી થઇ નથી. છિ રાજકુમાર! જે વાંશળીના શિવાય તમે પહેલાં એક પળ પણ રહી શકતા નહોતા, તેને હમણાં શીરીતે છોડી? ઉલટું કન્દર્પને પોતાનું ધનુષબાણ છોડવાની કલ્પના કરાય બંશીધારી મદનમોહનને પણ કેવળ વાંશળી વિનાનો કલ્પાય પણ મારા અજયસિંહને વાંશળી વિનાનો ધારવાથી અન્તર બહાર બધુ ઉલટુ પાલટુ થઇ જાય છે."

રાજકુમાર હસીને બોલ્યો, "જો આમ છે તો હું વાંશળી વિનાનો થાઉં નહિ." આવું કહીને પોતાના ખીસામાંથી નાની બે લાકડાની નળી કાઢીને જોડવા લાગ્યો. ગોદાવરી ખુશી થઇને બોલી, "પેલી વાંશળી, વાંશળી કે!"

રાજ કુમારે કહ્યું, "હા તમારીજ આ વાંશળી છે. નાનપણમાં ગોદાવરી વાંશળી વગાડતા શીખે એ માટે રાજકુમારની પાસેથી તે વાંશળી લઈ આવી હતી, પરંતુ બે દહાડા વાંશળીમાં ફૂક મારીને તેની શીખવાની ઇચ્છા પૂરી થઇ. પછી તે વાંશળી રાજકુમારે પાછી લઇ લીધી. જો કે તે સામાન્ય વાંશની વાંશળી છે પરંતુ પોતાની સોનાની મઢેલી વાંશળીના કરતાં એ સારી વાગે છે!

ગોદાવરી બોલી, "હમણાં તમે રાજા થયા છો, હમણાં આ સામાન્ય વાંશની વાંશળી શું તમારે હાથે શોભ. મહારાજા! મારી ઇચ્છા થાય છે કે તમારી આ રમવાની વાંશળી ઝુંટાવીને પાણીમાં નાખી દઉં છિ, રાજાના હાથમાં આ શોભતી નથી!"

રાજકુમારે પોતાને હમણાં મળેલી કિંમતી તરવાર ઉપર હાથ મૂકીને કહ્યું, "ગોદાવરી, આ કિંમતી તરવારના કરતાં આ સામાન્ય વાંશળી મને વધારે કિંમતી જણાય છે. આ તરવાર હું પાણીમાં નાખી શકું છું, પણ આ વાંશળી મારા પોતાના શરીરના જેવી અતિ યત્નથી રાખવાની વસ્તુ છે.

જૂની યાદદાસ્તનું આજ માત્ર "મારૂં" કહીને બાકી છે!"

રાજકુમારના બોલવાથી ગોદાવરીના લાલ ગાલ વધારે લાલ થઇ પડ્યા, તે હસીને માથા ઉપરનો છેડો કાઢીને ગલામાંની ફૂલની માળાને હાથ લગાડીને બોલી, "રાજકુમાર જેવી તમારી વાંશળી છે, તેવી આ મારી સૂકી માળા છે! આ તમારા હાથની ભેટ છે, આના જેવો કિંમતી પદાર્થ મારી પાસે એકે નથી, તેથી આ લઇને તમારા જયની વખતે આનંદ પ્રકાશ કર્યો હતો. હવે તમેજ કહો સૂકી માળાની આ ભેટ, સન્માનને માટે કે મશ્કેરીને માટે હતી?" એક વિજળીના પ્રહવાના પ્રમાણે રાજકુમારનું હૃદય કંપિત કરીને ગાભરૂ કરી નાખ્યું. તે સુખનું કે દુઃખનું તેનો તે અનુભવ કરી શકયો નહિ. પરંતુ પળમાં પ્રફુલ્લ મુખ દિલગીર થઈ ગયું. તે ગોદાવરીને ભૂલી શકયો નહોતો તે ખરૂં છે. પરંતુ તેનાથી બીજાનું લાભાલાભ નહોતું, જે કંઈ નુકશાન હતું તે પોતાનુંજ હતું. તે પુરૂષ છે, સેંકડોવાર પણ તેને માટે જ્યારે શાસ્ત્ર સંમત છે, ત્યારે એકથી વધારે સ્ત્રીનો વિચાર પણ તેને માટે

તેવો દોષવાળો નથી. વિશેષ કરીને ગોદાવરી પરસ્ત્રી થવાની આગમજ તેના હૃદયપર અધિકાર કર્યો છે, તેથી તેની સ્મૃતિ પૂર્ણ તે આ ગોદાવરી નથી, તે તેની બાલ્ય સખી, કુવારી ગોદાવરી છે, પરંતુ ગોદાવરી સ્ત્રી થઇને બીજાની પત્ની થઇને હજી પણ તેની સ્મૃતિ પકડીને રહેલી છે તેથી તેને આ લોક અને પરલોક બેઉની નુકશાની છે!

કુમારની મ્લાન દૃષ્ટિ, ખેદવાળો ભાવ જોઇને ગોદાવરી એકદમ સ્તંભિત થઈ ગઈ. તે ગળામાંથી માળા કાઢીને રાજકુમારને પહેરાવવાને જતી હતી, પણ એટલામાં તો હાથમાંની માળા તેના હાથમાંજ રહી ગઇ, પહેરાવી શકી નહિ.

કુમારે કહ્યું, "ગોદાવરી! આ રમવાની માળા! તે રમવું હજી પણ તમે ભૂલ્યા નથી? તે બાળકની રમત છે, તમારે તે ભૂલી જવું જોઇએ."

ગોદાવરી મર્મનાહત થઇને બોલી, "શું તમે ભૂલ્યા છો?"

કુમાર બોલ્યો, "હું ભૂલ્યો નથી. પરંતુ ભૂલવું જોઇએ ગોદાવરી! તમે શા માટે એકદમ વીરમ-

રગામ છોડીને ચાલ્યાં ગયાં, તમારી મેં બહુ તપાસ કાઢી પણ ક્યાં પણ તમારો પતો મળ્યો નહિ!"

રાજકુમારે કઠોર કર્તવ્ય સમજાવવા જતાં પોતાનો પ્રેમ કહી દીધો. ગોદાવરી તેથી પળવાર પહેલાં તો આ વાતની વેદના ભૂલીને પાછી ખુશી થઇને બોલી, "રાજકુમાર, શા માટે નીકળ્યા તે હું જાણુતી નથી. એક દહાડો સવારે પિતાજીએ કહ્યું કે હું તીર્થ કરવા જનાર છું તું મારી જોડે આવજે! મેં ઘણું સમજાવ્યું કે હું રાજ્યમહેલમાં જઇને તમને મળી આવું. પરંતુ બાપાએ મને આવવા દીધી નહિ ને વેળાએ તેમની જોડે ગાડીમાં બેઠી. છ વર્ષ થયાં તેની સાથે ને સાથે ફરૂં છું. દરરોજ પૂછું છું કે કયારે ઘેર જઈશું? તેનો જવાબ પહેલા તીર્થ પૂરા થવા દે પછી. આ કેટલાક વર્ષ કેવા કષ્ટથી ગાળ્યાં છે તે ભગવાન જાણે છે, આ સૂકા ફૂલની માળા–"

તેનાં છેલ્લા વાકય પૂરાં થતાંમાંજ રાજકુમારે વિસ્મયથી કહ્યું, " હું ધારતો હતો કે તમે પરણ્યા છો. શું તમારૂં હજી લગ્ન થયું નથી?"

તે હસીને બોલી, "સ્ત્રીઓનું કદી બે વાર લગ્ન થાય છે કે?" રાજકુમારે માથું નીચું ઘાલ્યું,

અનુતાપ રૂપ તીવ્ર વીંછુના દંખના પ્રમાણે તેનું હૃદય બળવા લાગ્યું. ગોદાવરી તેને સ્વામી જાણીને આટલા દહાડા સુધી કુવારી છે, વળી તે પોતે વિવાહ કરીને સુખથી દહાડા ગાળે છે તોપણ આ અનુતાપમાં પણ તેણે જરાપણ સુખ અનુભવ્યું નહિ એવું કહી શકતા નથી. બીજું ગમે તે હો પણ ગોદાવરી પારકાની સ્ત્રી નથી.

ગોદાવરીએ પૂછ્યું, "શું રાજકુમારે જરૂર વિવાહ કર્યો છે?" રાજકુમાર થોડીવાર ચુપ રહીને આંસુ ભરેલી આંખથી બોલ્યો, "ગોદાવરી તમે શામાટે ચાલ્યાં ગયાં હતાં?"

ગોદાવરીએ જવાબ આપ્યો, "તે શું યાદ નથી?"

કુમારે કહ્યું, "તેમ નથી, માના મ્હોડેથી સાંભળ્યું હતું કે તમારૂં લગ્ન કરાવવા માટેજ તમારા બાપ તમને બીજી જગાએ લઈ ગયા છે. મેં ધાર્યું હતું કે તમે પારકાની સ્ત્રી છો."

ગોદાવરીના બાપનું ઘર વીરમગામ નહોતુ પણ ઈડર તરફ હતું. તે રાજાને ત્યાં કામકાજ કરવાને આવ્યો હતો અને વીરમગામમાં ૧૦ વર્ષથી રહેતો હતો.

ગોદાવરીએ મુશ્કેલથી આંસુ આવતાં રોકીને બોલી, " કોણ રાણી છે? "

રાજકુમારે કહ્યું, "ગંગા."

ગોદાવરીનું સુંદર મોં તરત અદેખાઇથી ઉતરી ગયું! ગોદાવરી રાજકુમારની સ્મૃતિ લઇને કષ્ટથી દહાડા ગાળતી હતી; વળી તે બે દહાડા જતાં ન જતાંમાં તેણે બીજી સ્ત્રીની જોડે લગ્ન કર્યાં છે! ભગવાન, પૃથ્વીમાં તમે પુરૂષ તથા સ્ત્રીને આટલું અસમાન કરીને ઉત્પન્ન કર્યા છે? એક જણ રોઇને મરે અને તેનાં આંસુથી બીજાને હસવું આવે? એકને લોહી આપ્યું છે તે શું કેવળ બીજાની તરસ છુપાડવા માટે!

ગોદારીની આ અદેખાઇની કુટિલ રેખાવાળી ભ્રુકુટિ જોઇને રાજકુમાર કંપાયમાન થયો. તેના હૃદયમાં શક્તિ જેવી રીતે અધિષ્ઠિત છે, તેની મૂર્ત્તિ તે ભૂલવા પામ્યો નહોતો, આ તો તે મૂર્ત્તિ ન હોય! તે મોહિની સૌન્દર્યમાં આવી સંહારિણી મૂર્ત્તિ છુપાઈ રહી શકે છે, તે રાજકુમાર સ્વપ્નામાં પણ ધારી શકતો નહોતો!

રાજકુમારને સ્તબ્ધ થયલો જોઇને ગોદાવરી કઠોર અવાજથી બોલી, " આ તમનેજ શોભા આપે છે! ખરેખર અમે વિશ્વાસ રાખીએ અને તમે છળો! અમે તમારા ધ્યાનમાં જીવનપાત કરીએ ને તમે ફૂલોમાંથી મધ લુટતા ફરો! અમે તમારા પગ તળે પડીએ ને તમે કચરીને ચાલ્યા જાઓ! તમારી રમત, અને અમારૂં મરણ!"

રાજકુમારની જીભ ઉપડી નહિ, પ્રફુલ્લ કુસુમમાં સર્પ મૂર્ત્તિ જોને તે આશ્ચર્ય બનીને દિગમૂઢના જેવો થઈ ગયો. ગોદાવરીની તે ભ્રુકુટિ ભરેલા ઝેરી ભાવ સામે આવેલો જોઇને તેની પેલી ભક્તિમતી નિર્ભિરપરાયણ, ક્ષમાશીલ, ગંગાની કોમળ કરૂણ મુખશ્રી યાદ આવી, આટલીવાર સુધી તે તેને ભૂલી ગયો હતો. તેણે મનવડે જોયું, આ ઇર્ષા કદરૂપી ગોદાવરી તેની રાણી છે, વળી ગંગા તે સુકુમાર સુકોમલ સુકોમલતિકા તેના આલિંગન વિચ્છિન્ન કચારાથકી સૂકી જમીન નીચે પડેલી છે! તે કંપાયમાન થઇ પડયો.

જો કે તે ગંગાને ખરા દીલથી ચહાતો નહોતો, કેમકે બાલ્ય પ્રેમ હજી પણ તેના હૃદયમાં જાગ્રત

હતો, પરંતુ તે પ્રેમ એવો અન્તરમાં ઠસી ગયલો હતો ને તે સ્વપ્નમય સ્મૃતિ રૂપથી તેના હૃદયમાં વ્યાપ્ત થઇ રહ્યો હતો, જે તેના સાક્ષાત્ સંબંધમાં તેના દાંપત્ય પ્રેમની કંઇપણ હાનિ થઇ ન હોતી, ભક્તના આરાધ્ય દેવતાના પ્રમાણે ગોદાવરી તેની સ્મૃતિગત કલ્પના માત્ર, લોહી માંસવાળા દોષ ગુણવાન માણસ નથી, માનસ પૂજાના ગુણ, વાસના કામના પ્રવૃત્તિના અગમ્ય અપ્રાપ્ત ધ્યાન ધારણનો વિષય— આત્માનો અનુભાવ માત્ર છે;–બીજુ ગંગા તેની વિવાહિતા પત્ની, તેનાં છોકરાની મા; તેના સુખ દુ:ખની અધિકારિણી છે; તેથી તેના ઉપર તેની શ્રદ્ધા ભક્તિ કરૂણા કે સ્નેહના કંઇપણ અભાવ ન હોતા. ખોટ જે હતી તે બીજી કંઇ તે આત્મપરિપૂર્ણકારી પ્રેમનો અભાવ છે પરંતુ ગંગાના કોમળ ગુણો, તેનુ પરિપૂર્ણ આત્મદાન તેને આટલી મુદત સુધી તે ખોટ જ્ઞાનસાથે અનુભવ કરવા દીધી નહોતી. આજે જ્યારે તેની માનસીદેવી મૂર્તિરૂપે તેની સાથે ઉદય થઇ હતી, જ્યારે તેના હૃદયનો અનુભવ બહારના સત્ય રૂપથી તેની સાથે પ્રકાશ થયો હતો, ત્યારે તેણે પહેલા અનુભવ કર્યો. આટલી મુદતથી તે કેવા

અભાવના સમુદ્રમાં નિમગ્ન હતો! તેણે તે વેળાએ પોતાને ભૂલ્યો, જગતને ભૂલ્યું, ગંગાને પણ તે દેવીરૂપ માનુષીમાં તેના અમૃતમય સૌન્દર્યમાં તેનું બધું વિલુપ્ત થઈ ગયું.

પણ ગોદાવરીની આ વિકૃત વિરૂપ મૂર્તિ જોઇને તેનો જ્યારે તે મોહ તુટયો, ત્યારે તેણે જોયું તે કેવા ભારે ભૂલવામાં પડયો હતો. તે વેળાએ તે સમજ્યો કે આ ગોદાવરી તેની પેલી ગોદાવરી નથી, તેની ધ્યાન ધારણાની પેલી દેવી નથી, તેના અંતરના પરિપૂર્ણ સૌન્દર્યની તે કલ્પના હવે નથી; અસુન્દર છુપાયલાં ઝેરની કાલાસ આ મૂર્તિમાં પરિવ્યાપ્ત છે! ત્યારે નિરાશ–ચેતન થઇને તેને ફરી ગંગા યાદ આવી, તેને કર્તવ્યનું જ્ઞાન ઉપજયું. પેલી સરળ વિશ્વાસુ હૃદયનો અસીમ પ્રેમ, પરિપૂર્ણ નિર્ભરતાના બદલામાં તે પોતાને હાથે તેને શોખ્યના આગમાં નાખવા જતો હતો! ગંગાની વેદના જ્વાલા તે પોતાના આખા શરીરમાં અનુભવ કરવા લાગ્યો.

આટલા કષ્ટમાં, આટલા સખ્ત તિરસ્કારનાં વાક્યમાં, રાજકુમારને આવો અચલ નિસ્તબ્ધ જોઇને

ગોદાવરીનો ઉદ્ધત ગર્વ, ક્રુદ્ધ ભ્રકુટિ નીરવ અશ્રુ સ્નિગ્ધ થઇને મળી ગયો. "હું મોટા છુ" આવા ભાવવાળો, દાંભિક, ઉદ્ધત, માણસોનો ગર્વ પ્રતિકૂલ અવસ્થામાં વખતો વખત સહિષ્ણુ નમ્ર પ્રકૃતિયોના કરતાં ઘણોજ ઓછો ખર્વ થઇ પડે છે. સંસારમાં આ એક આશ્ચર્ય સત્ય છે !

ગોદાવરી ખેદિત થઇને રોતી રોતી બોલી, "રાજકુમાર, મને છોડશો નહિ, તમે પુરૂષ છો, ઇચ્છા કરો તો સો વિવાહ કરી શકો છો, ત્યારે શામાટે આ અભાગિધણને ત્યાગો છો? તમે ધર્મતઃ મારા સ્વામી છો, મને કિનારા વિનાના સમુદ્રમાં તણાતી નાખશો નહિ. જો તમે મને ત્યાગો, ને મારે પાછું લગ્ન કરવું પડે તો યાદ રાખજો કે તે લગ્ન ધર્મના લગ્ન કહેવાશે નહિ અને તે અધર્મને માટે પાપને માટે તમેજ ફક્ત જુમેદાર છો!"

ગોદાવરી અટકી રાજકુમારની આંખમાં ગોદાવરીનું દુઃખદાયક આંસુથી ભીજાયલું મ્લાન જ્યોત્સ્નાદીપ્ત મોં, વળી તેના, કાનમાં તેનો પેલો કરૂણ કંઠસ્વર! આની આગમજ ગોદાવરીના આ સુંદર ભાવને વળી એ ભૂલી ગયો અને તેની જોડે વળી

ગંગાને પણ ભુલ્યો. હવે તેનું બીજું કોઈ નથી, બીજું કંઇ નથી. જ્યોત્સ્નાદીપ્ત સુંદર કાનની નીચે તે અને તેની પ્રિયતમા તથા તેની મનોવેદના આવી છે તેથી એક જાતનો અનુતાપ ને વેદના એમાંજ માત્ર તે સચેતન છે. રાજકુમાર વ્યથિત ચિત્તથી ગોદાવરીની પાસે ખસીને બેઠો, હૃદયનો કરૂણ–પ્રેમ આંખમાં પૂર્ણ કરીને ગોદાવરીના સામું જોઇને તેનો હાથ ઝાલીને અડધા બોલતા અવાજથી કઇ કહેવા જતો હતો, એવામાં એકદમ બે પ્રેમિક હૃદય કંપાયમાન થઇને તે નિસ્તબ્ધ નદી કિનારે ધ્વનિત થયું, "કુલાંગાર, પરસ્ત્રીનો સ્પર્શ કરે છે!" જીભપરનું કહેવું જીભપરજ રહી ગયું, કંઈ બોલયું નહિ. રાજકુમારે પાછું વળીને જોયું તેની માની ક્રુદ્ધ મૂર્તિ તેની આંખમાં પ્રતિબિંબ થઈ, રાજકુમાર ભયભીત શરમાઇ ગયો. પરંતુ ગોદાવરી ડર્યાવગર ઉઠીને અટલ સ્વરથી બોલી, "રાણીજી, હું પરસ્ત્રી નથી, હું યુવરાજની ધર્મપત્ની છું, ઈશ્વરની સામે અમારા લગ્ન થયા છે." રાણી ક્રોધથી ધ્રુજતી બોલી, "અજય, આ નીચા કુલના રજપુતની કન્યા શું નથી? એ તારી ધર્મપત્ની જે દહાડે

થશે, તે દહાડે તારા વડાઓનો વંશ ચંડાલ વંશ-થી અધમ થશે. તેની ફૂઈ કુલકંકિની છે, એ શરમથી તેણે દેશ છોડયો છે. તેની ભાણેજ મારી વહુ! વીરમગામની રાજરાણી! હું જ્યાં સુધી જી-વતી છું ત્યાં સુધી તેમ થશે નહિ; તારી મરજી હોય તો તું તેને રાંડ તરીકે રાખી શકે છે."

ગોદાવરીની બધી પ્રકૃતિ ગુસ્સાથી, ધિક્કારથી અપમાનથી બળી ઉઠી. તેણે કહ્યું, "મહારાણીજી, આપે આપના મહતવંશના લાયકની વાત કહી છે! પરંતુ ભગવાને ધનવાન તથા ગરીબને માટે જૂદા નિયમ કર્યા નથી જો ભગવાન હોય, જો હું આપના દીકરાને ખરેખર એકાગ્ર મનથી ચહાતી હોઉ તો એક દહાડો તેનો ઇનસાફ થશે. આજે જેને ધિક્કા-રીને કિનારા વગરના દરિયામાં તરતી મૂકી છે, આપનો શ્રેષ્ટ વંશ આ હીન વંશની નીચે થઇને સન્માનના આનંદનો અનુભવ કરશે. તેમ જો ન થાય તો જાણુ જો કે ભગવાન નથી!"

ગોદાવરી આટલું બોલીને તરત દોડતી ત્યાંથી જતી રહી. એક છાયાના પ્રમાણે તે જંગલમાં મળી

ગઇ, રાજકુમાર તથા તેની માના કાનમાં તેના સાપનો ભીષણ વજ્રધ્વનિ પ્રતિધ્વનિત થવા લાગ્યો.

પ્રકરણ ૬ ઠું.

જેમ ખરતા તારા અતિ વેગથી થોડીવારમાં પોતાની ગતિ ખાલી કરી નાખે છે, તેમ ગોદાવરી પણ ઉત્તેજિત હૃદયાવેગથી નીકળીને થોડે છેટે પહોંચતાંજ થાકીને નિસ્તેજ થઇ ગઇ. એકદમ તેની આંખના અંધારામાં ફરતી દીશા ગુમાઇ ગઇ, પગ નીચેની સખ્ત જમીન કેન્દ્ર પણ શૂન્ય થઇ પડી, ગોદાવરી પ્રાણપણથી બળ સંગ્રહ કરીને ઝાડ તળે આશ્રય લેવા જતાં જમીન ઉપર પડી ગઇ. ગોદાવરીને આજ સુધી કોઇએ દુઃખવાળી મૂર્છિત જોઇ નહોતી. આજે સાંઝે વિજય ગોદાવરીની શક્તિ વિનાની અસહાય મૂર્તિની તરફ વિસ્મિત નેત્રથી જોઇને સ્તંભિત થઇ રહ્યું. થોડીવારે ગોદાવરીને ભાન આવ્યું. તેની ચારેબાજએ જંગલની નીચે ગાઢી ભીષણ છાયા છે, માથાના

ઉપર ચંદ્ર શૂન્ય આકાશમાં પ્રજ્વલિત તારકારાશિ છે. તેણે નીચેથી ઉપર દૃષ્ટિ કરી. બધું તેના નેત્ર તારકામાં પ્રતિબિંબિત થયું, તે છતાં તેણે કંઇ જોયું નહિ. બહારનો પ્રકાશ અંધારો, સૌન્દર્ય ભીષણતા તેના અંતરનો જ્વલંત યંત્રણાભર ભેદીને ઇંદ્રિય બોધ જન્મવાને અસમર્થ થયો. ગોદાવરી કેવળ પોતાના હૃદયને ઉત્પાતથી જ માત્ર સચેતન થઇને ધીરે ધીરે ઉઠીને બેઠી થઇ, શરીરનો ભાર ઝાડના થડમાં મૂકીને અશ્રુપ્લાવિત નયનથી જમણા હાથની તરફ તેણે જોયું, રાજકુમારને પહેરાવવા માટે ગળામાંની ફૂલની માળા કાઢીને તે જાણે હાથમાં પકડી હતી; હમણા પણ તેવીજ હાથમાં રહેલી છે! માળાની તરફ જોઇને આજે ગોદાવરીનો પ્રાણ ટાઢો થયો નહિ, ગોદાવરીના ઘણા યત્નની ઘણા આદરની પેલી કિંમતી માળા હવે તે માળા નથી! જે આશા-વિશ્વાસરૂપી સૂત્રથી ગુંથાયલી હતી તે આશા વિશ્વાસ સૂત્ર છિન્ન છે; તેથી હવે એ કંઇજ નથી, ફક્ત અવહેલા સૂકા ભાંગેલા ફૂલની પાંખડીયો, માત્ર છે, માળાની તરફ જોઇને આજે ગોદાવરીની જવલંત વેદના વધારે સળગી, આંસુ

સૂકાઈ ગયાં, સંધ્યાની તીવ્ર અપમાનની યાદદાસ્ત તેનો નિર્જીવ પ્રાણ એકદમ અસ્વાભાવિક રૂપથી શુદ્ધીમાં આવ્યો, ગોદાવરીએ હોઠપર દાંત પીસીને તે એકત્ર ગુંથેલા સૂકાં ફૂલોને સૂતરમાંથી કાઢી હાથથી મસલીને જમીનપર નાખ્યાં, તેના વહાલા ફૂલની પાંખડીઓ અણુ પરમાણુમાં મળીને માટીમાં ભળી ગયાં, બાલિકાએ તેના ઉપર પગ મૂકીને ગર્વિત નિર્નિમેષ નેત્રથી તે તરફ જોયું. જોતાં જોતાં તેની રોષવાળી આંખમાંથી પાછી આંસુની લહેરો વહેવા માંડી. ગોદાવરી તે છૂટા ફૂલોની પાંખડી ઉપર સૂઇને રોતી રોતી બોલી " કુમાર ! કુમાર ! આ તમારા પ્રેમની સ્મૃતિ ! " વળી ઉત્તેજિત ક્રોધથી તેનું કરૂણ દુઃખ વિરૂપ થઇ ગયું. તેણે પોતાના હાથની મુઠીવાળીને તીવ્ર અવાજથી કહ્યું, "ક્યાં છે સ્મૃતિ ! સ્મૃતિ ! હવે બદલો. ભગવાન બદલો–બદલો ! " પોતાના અવાજથી પોતે કંપાયમાન થઇને ગોદાવરી નિર્વાક્ નિર્જીવ, નિસ્પન્દ થઈ ગઇ. નિસ્તબ્ધ નિશાય તે ગુસ્સાવાળો અવાજ કાનનમાં પ્રતિધ્વનિ થઈ ઉઠયો–બદલો–બદલો–બદલો !

પ્રકરણ ૭ મું.

જમીન ઉપર પડેલી ગોદાવરીને એકદમ કોઈના હાથનો સ્પર્શ લાગ્યાથી તે ચમકીને ગુસ્સાથી બોલી, "કોણ તું છે?"

જવાબ મળ્યો, "હું મુસલમાન છું?"

બીજી કોઇ બાયડી હોત તો આ સ્થિતિમાં ઘણીજ ભયભીત થઈ જાત. પરંતુ સ્વભાવિક હિમ્મતવાન હતી તેમાં વળી અવસ્થા ચક્રમાં પડીને સંપૂર્ણ રીતે પોતા ઉપર આધાર રાખવા માટે કુશળ થઇ હતી; તેથી અજાણ્યા પુરૂષને જોઇને તે ભય પામી નહિ કેવળ યવનના સ્પર્શથી ક્રોધાયમાન તથા સ્પર્શથી ધિક્કારવાળી થઇને સતેજ ઉઠી બેઠી અને ગુસ્સાવાળા અવાજથી મનનો ભાવ જણાવીને બોલી "કયાનો તું અભાગિયા મને અડકયો રે!"

મુસલમાન આસ્તે આસ્તે બોલ્યો, "મેં ધાર્યું હતું કે તમે બેહોસ થઇ પડયાં છો."

તેનું બોલવું પુરૂં ન થતાંજ ગોદાવરી કઠોર અવાજથી બોલી, "હું બેશુદ્ધ થાઉ કે નહિ થાઊ તેમાં તારૂં શું? યવન થઇને મને અડકયો?"

પવન ઝાડ નીચે બેસીને માથાપરની પાઘડી ઉકે-ળીને પાછી સારીરીતે માથાપર બાંધતો હતો, બાં-ધતાં બાંધતા બોલ્યો, "તેમાં દોષ શો મેં કર્યો ? તમને જે વિધાતાએ જે પદાર્થથી બનાવ્યાં છે, મને પણ તે વિધાતાએ તે એક પદાર્થથી બનાવ્યો છે. તમે જે છો હું પણ તેજ છું, ત્યારે મારા સ્પર્શથી દોષ શા માટે ગણો છો ?"

ગોદાવરી બોલી, "મૂર્ખ, તું પુરૂષ છે, હુ સ્ત્રી છું, તું મુસલમાન છે, હું હિંદુ છુ. તારો નીચો વશ ને નીચો ધર્મ છે, મારો શ્રેષ્ટ વંશ અને શ્રેષ્ટ ધર્મ છે! ભગવાને આપણે બેહુને ઉત્પન્ન કર્યા છે એ કહેવુ સાચુ છે, પણ એકઠાં તો ઘડયા નથી, તું સ્વતત્ર માણુસ છે અને હું સ્વતંત્ર માણુસ છું."

મુસલમાન હસ્યો. અધારામાં તેના મુખની વિદ્રુપ ભ્રુકુટિની રેખા જણાઇ નહિ, પરંતુ અવાજથી તે સ્પષ્ટ જણાઇ આવી તેણે કહ્યું, "હા, ભગવાને બધા-સ્વતત્ર ઘડયાં છે ખરા, પરતુ સ્વતત્ર નિયમથી તો ઘડયા નથી ને ! એક ચેતન હિદુ મુસલમાન ધન-વાન ગરીબમાં સચારિત છે, એકજ ન્યાય ધર્મથી

તેઓ પ્રતિપાલિત થાય છે, વિધાતાની પાસે બધા એક સરખા છે."

અજયસિંહની માની પાસે અપમાનીત થઇને ગોદાવરીએ થોડોવાર પહેલાં આ ભાવ હૃદયમાં અનુભવ્યો હતો. હમણાં યવનના મોંથી તે પોતાના શાપનાં વચનો મશ્કેરી તરીકે સાંભર્યા! આથી ગોદાવરી કંઇક આશ્ચર્ય બની. તેણે જાણ્યું કે આ મુસલમાન કંઇ જેવો તેવો માણસ નહિ હોવો જોઇએ, તેના મનની વાત તેની પાસે અજાણી હોવી ન જોઇએ. થોડીવારે તેણે એકદમ પૂછ્યું, "તે જો બધા સંસારમાં સરખાપણું હોય તો આ ભેદ જ્ઞાન ક્યાંથી થયું હશે વારૂ?"

જવાબ આવ્યો, "અજ્ઞાનતા—માયા!"

ગોદાવરી બોલી, "આ માયાની જરૂર શામાટે છે? આ માયાજ જ્યારે બધા દુઃખનું કારણ છે ત્યારે ભગવાને આ માયા, આ અજ્ઞાનપણું જગતમાંથી શા સારૂં દૂર કર્યું નહિ?"

જવાબ આપ્યો, "દૂર કર્યાથી સૃષ્ટિ રહે નહિ? પોતાની સૃષ્ટિ રાખવા માટે, પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરવા માટેજ આ માયાની જરૂર પડી છે."

ગોદાવરી બોલી, "આપણને બહુ દુઃખ આપીને જો ભગવાન પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરે છે તો વિધાતા દયાળુ નથી. તે નિર્દય નિર્મમ શું નથી?"

જવાબ આપનારે કહ્યું, "તે નિર્દય છે ખરો અને દયામય પણ છે ખરો, તેનો ઉદ્દેશ જે સિદ્ધ કરીને ચાલે છે તેને તે સુખ આપે છે, તેનો ઉદ્દેશ જે સિદ્ધ કરવા ચહાતો નથી તેને તે દુઃખ આપે છે."

આ બધું કહેવું ગોદાવરીના મગજમાં સારી રીતે પ્રવેશ થયું નહિ, તે દુઃખથી ઉત્તેજિત થયેલા હૃદયથી બોલી, "ભગવાન પણ બદલો ઇચ્છે છે! કયાંપણ શું ક્ષમા નથી! ત્યારે આ નાની સ્ત્રીનો બદલો લેવાની ઇચ્છા દોષવાળી નથી?"

જવાબ મળ્યો, "જો દોષવાળી હોય, તો ભગવાને આ વૃત્તિ શા માટે આપી હશે? જો ગેરવાજબીપણાપર બદલો ન લેવામાં આવે તો ભગવાન ન્યાયવાન થતો નથી. ન્યાયજ અન્યાયનો બદલો છે!"

ગોદાદાવરી બોલી, "હું તેજ ચાહું છું. બદલો ભગવાન બદલો! પરંતુ તે વિશ્વાસઘાતનું આ હૃદયની વ્યથાનો બદલો શું દુનિયામાં કંઇ નથી?"

મુસલમાન ગંભીર સ્વરથી દૈવવાણીના પ્રમાણે બોલ્યો, "શોણિત પાત, લોહી કાઢવું! ભગવાન તમને—"

ગોદાવરીએ બીજું કંઈ સાભળ્યું નહિ. ગુસ્સે થએલી અપમાનિત બાળિકાનું હૃદયપણ કંપાયમાન થઇ ગયું. તેણે કહ્યું, "નહિ, હું તેનું મૃત્યુ ઇચ્છતી નથી–તેમાં મારી બદલો લેવાની ઇચ્છા નિવૃત્ત થશે નહિ. હું તે ચાહું છું. જે દહાડે જોઇશ કે અજયસિંહ મારા પ્રેમમાં ગાંડો થઇને આ કુટુમ્બ રાજ્ય, સંપદ ત્યાગવાને તૈયાર થાય—જે દહાડે જોઇશ કે મારા એક અનુગ્રહ વાકય મેળવવા માટે નરકમાં જવાને પણ જે કુંઠિત નથી તે દહાડે આ હૃદયની આશા પૂર્ણ થશે, ત્યારેજ મારી બદલો લેવાની ઇચ્છા પરિતૃપ્ત થશે, બીજા કોઇથી થશે નહિ"

મુસલમાન હસીને બોલ્યો, "ઇચ્છા કર્યાથી સંકડો રાજા મહારાજાના હૃદયને કચરી શકો છો, તે આજે સામાન્ય રૂપનો ભિખારી છે–એજ શું તેનો બદલો છે?"

તે બધી જુની વાતો છે! જોશીઓ એક અવાજથી આવું કહેતા આવે છે. આટલુંજ નહિ પણ

તેના પિતાએ હજી સુધી તેના લગ્ન કર્યા નથી તેનું કારણ આવી ભવિષ્યદ્વાણી છે. જન્મોતરીની ગણતરીથી પંદરમે વર્ષે ગોદાવરી સ્વયંવરા થઇને રાજરાજેશ્વરી થશે, તેનો બાપ તે માટેજ તેનો વિવાહ કરવાનો યત્ન કરતો ન હોતો. તે જાણે છે કે બરાબર વખતે જન્મોતરીની ગણતરી સફળ થશે ને થશે. ગોદાવરીનો પણ આજ સુધી આમાં વિશ્વાસ હતો, પરંતુ આજે જે જાણ્યું છે તેથી તે બધું કહેલું ખોટું છે– તેની જન્મોતરી ખોટી પડી છે, આશા કલ્પના બધી ખોટી થઇ છે, તેથી ખુશીને બદલે મુસલમાનના આ કહેવાપર તે ગુસ્સે થઇને બોલી, “ આવું ઘણું સાંભળ્યું છે, હવે હું સાંભળી શકતી નથી! સાધુ માણસના મોંમાં આવી મશ્કરી શોભતી નથી એક જણને હૃદય ચાહે છે તે તો મળ્યું નથી, સેંકડો રાજા મહારાજાના હૃદય ચાહીને તે શી રીતે મેળવશે!”

મુસલમાન બોલ્યો, “ આ મશ્કરી નથી. પુષ્કળ સુખ દુઃખ ભરવા માટેજ વિધાતાએ તમને જન્મ આપ્યો છે, શક્તિ તમારી દાસીના જેવી છે,– તમે રાજરાજેશ્વરી—

ગોદાવરી જરા અવિશ્વાસનું હસવું હસીને તે હસવામાંથી નિરાશાને અપમાનની તીવ્ર જ્વાલા સુસ્પષ્ટ થઈ. તે બોલી, "વિધાતાએ મને શક્તિશાલી કરી છે; એક દહાડો હું પણ એવું ધારતી હતી! પરતુ હાલ હું જોઉં છું. તે ઠીગણા માણસની દુરાશા માત્ર છે. ગરીબની છોકરી ગોદાવરી રાજરાણી શીરીતે થાય?"

મુસલમાન બોલ્યો, "મત્સ્યગંધા રાજરાણી થઇ છે, તેથી શું પૂછો છો કે હું રાણી શી રીતે થવાની છું? હું દિવ્ય આંખથી જોઉં છું કે આ ગુજરાતના એક છેડાથી લઇને બીજે છેડો તમારી શક્તિના પ્રભાવથી ચાલે છે.- ગોદાવરી- રાજરાજેશ્વરી ગુજરેશ્વરી છે!"

ગોદાવરી સ્તંભિત થઈ, મુસલમાનનો અવાજ તેને ખરેખરો જણાયો. પળને માટે તે પોતાની અપમાનની વેદના નિરાશાનું કષ્ટ ભૂલીને વિસ્મયભવાળા હૃદયથી તેણે કહ્યું, "હું ગુજરાતનું ભાગ્ય પરિચલાન કરીશ! હું ગુજરેશ્વરી! ફકીરજી આટલી આશા હું તો રાખતી નથી, કદી હતી પણ નહિ, જે હતી તે પણ આટલી ઉચ્ચી નહોતી, પરંતુ તે પણ આજે ભગ્ન થઇ છે!"

મુસલ્લમાને કહ્યું, "તમારૂં નસીબ સારૂં છે તેથી ભ્રમ થઇ છે. સામાન્ય પ્રેમથી ગુલામગીરી કરવાનો તમારા જીવનનો ઉદ્દેશ નથી. મુજફ્ફરશાહનો કુવરના શાહજાદો અહમદખા તમારા પ્રેમથી ગાંડો થયો છે. તે તમારી જોડે લગ્ન કરવા ઇચ્છે છે. હું તેનો દૂત સ્વરૂપે તમારી પાસે આવ્યો છું"

ગોદાવરી આટલીવાર સુધી મુસલમાનનું કહેવું સારી પેઠે પકડી શકતી નહોતી. તેના મનના દેવતાનેજ આટલીવાર સુધી મુસલ્લમાનના કહેવાને ધારતી હતી–તેણે ધાર્યું હતું કે મુસલમાન કહે છે કે હજી તેની આશા હોલવાઇ નથી, તે હજી પણ અજયસિંહની પત્ની થશે, તેથી તેના બોલવા ઉપર વિશ્વાસ રાખવામાં તેની આશા પૂરી ન થાય, પરંતુ જ્યારે તેણે જાણ્યું કે મુસલ્લમાન બીજું કહે છે. મુજફ્ફરશાહના દીકરાનો દીકરો તેના હાથની અરજ કરનારા છે. ત્યારે તે બોલવાથી ગોદાવરી આશ્ચર્ય પામી નહિ, અવિશ્વાસ પણ કર્યો નહિ. ગોદાવરીએ જોયું કે તેના પગ નીચે મોટું રાજ્ય પડેલું છે, વળી તેને બીજું શું જોયું ! તેણે જોયું, રાજકુમારની પાસે, તેની માની પાસે, હવે તે ઘણી દીન

હીન નથી. તે હવે તેઓની પણ ભાગ્ય નિયંતા છે! એથી તેણે જેવી રીતે ગર્વમય આનંદ અનુભ્યો એવી રાજ રાજેશ્વરી થઇ છે તેવો વિચાર કરીને નહિ!

નાનપણથી ગોદાવરીના હૃદયમાં બે પ્રવૃત્તિ ઘણીજ બલવતી હતી; રાજકુમારના ઉપર પ્રેમ અને મોટી થવાની ઇચ્છા. આ બે ભાવને આટલા દહાડા થયાં એકત્ર તેના હૃદયના લોહીમાં ગોદાવરી પોષણ કરી આવતી હતી. એક પળની પહેલાં એક આશા ભગ્ન થઇ હતી,–રાજકુમાર હવે તેનો નથી. પરંતુ ઐશ્વર્યના હાથ તેના ઉપર હજી સુધી ફેલાયલો છે–તે તેને વરણ કરશે નહિ, શું ધિક્કારીને ફેરવશે? ગોદાવરી થોડા વખત મૂંગી રહી, ત્યારપછી બોલી, "પરંતુ તે મુસલમાન છે, હું હિંદુ છું!"

મુસલમાને કહ્યું, "એ મનની ભ્રાંતિમાત્ર છે–ભગવાન તો એકજ છે. બધા તેને બોલાવે છે–નામ ભેદમાં શું આવી જાય છે!"

ગોદાવરી તેનું કહેવું ચિત્ત દઇને સાંભળતી નથી, તે આટલીવાર સુધી અંદરના મનથી જોવા લાગી, ઐશ્વર્યના આલિંગનથી તેને સંપૂર્ણ પરિતૃપ્તિ

નહોતી, રાજકુમાર નહિ હોય તો બધું નકામું છે તેણે કહ્યું, " પરંતુ હું તેને ચાહું છું."

મુસલમાને કહ્યું, " તે મળશે નહિ."

ગોદાવરીએ પૂછ્યું, " કદી પણ નહિ ? "

મુસલમાને કહ્યું, " કદી પણ નહિ ! "

ગોદાવરીએ પૂછ્યું, " બરાબર કહો છો ? "

મુસલમાને કહ્યું, " હું બરાબર કહું છું ! તે તમને પત્ની રૂપ ગ્રહણ કરશે નહિ. હવે કહો બેગમ-થશો-નહિ."

તેનું બોલવું પૂરૂં ન થતાંમાંજ ગોદાવરી ઉઠીને ઉભી થઇને બોલી, " હું હમણાં જાઉં છું; જવાબ કાલે આપીશ."

પ્રકરણ ૮ મું.

બાળિકા ચાલી અંધારામાં જંગલને રસ્તે. તે એકલી ચાલી, ઘોર ભીષણતાએ કેવું ચારે તરફ આધિપત્ય વિસ્તાર્યું છે; કેવી એક અદૃશ્ય વિકટ છાયા અંધકારની અનંદ સીમાંથી આવીને બાળિકાની સાથે

ચાલતી ચાલતી નીરવ ખડખડ હસતી મોટે અવાજથી બોલતી હતી, "મેળવીશ નહિ—તેને મેળવી શકીશ નહિ!" ગોદાવરીનું નિભીક હૃદય પણ તેનાથી કંપાયમાન થઈ પડયું, ચકિત નેત્રથી ચકિત પગલાં ઉપાડતી બાળિકા ઝાડની ઓથમાંથી ક્ષણ વિભાસિત ઝાંખા અજવાળાને લક્ષીને આગળ જવા લાગી.

જંગલમાં જીર્ણ જૂનું કાલિકાનું મંદિર છે. છોકરી બારણાની પાસે આવી બારણું ઉઘાડું જોઇને તે દેવળમાં ગઇ. માટીની અથવા પથ્થરની દેવ દેવીની મૂર્તિ અહિં નહોતી, દીવાના અજવાળાવાળા ખંડમાં વાઘના ચામડા ઉપર કરૂણારૂપિણી સ્ત્રીની પ્રશાંત સૌમ્યમૂર્તિ છે. ગોદાવરીને ખંડમાં પ્રવેશ થતાંજ મંદિરમાં રહેનારી યોગિની તેને ઠપકો આપતી કહેવા લાગી, "બેટા, હું તારે માટે ઘણી ફીકરમાં હતી, આટલી રાત શુધી તું કયાં હતી? તું આવી તારી ઇચ્છા પ્રમાણે ચાલનારી તને પહેલા જાણત તો હું તને રાખવાને રાજી થાત નહિ." ગોદાવરીનો બાપ થોડા દિવસને માટે યોગિનીની પાસે પોતાની દીકરીને રાખીને બીજી જગોએ ગયો હતો.

ગોદાવરીએ પ્રશાંત ભાવથી યોગિનીના ઠપકાનાં વાક્યો સાંભળીને પોતાનો દોષ ધોવાનો કંઇ પણ યત્ન ન કરતાં જવાબમાં ફક્ત આટલુંજ કહ્યું, "રાજકુમાર આવ્યા છે." વધારે કહેવાની પણ જરૂર નહોતી; તેને મંદિર આવવાને વાર થઇ તેનું કારણ યોગિનીએ જાણ્યું. બીજો ક્રિયો તે રાજકુમાર જેની જોડે મળવાને ગોદાવરી ઘેર આવતાં ભૂલી ગઇ હતી, તેનું પણ અનુમાન કરી લીધું, પોતાનું અનુમાન ખરૂં છે કે નહિ તે જાણવા માટે તેણે પૂછ્યું, "કિયા રાજકુમાર?"

ગોદાવરી બોલી, "બાલ્યસખા અજયસિંહ, વીરમગામનો હાલનો રાજા."

યોગિનીએ પૂછ્યું, "શું સુરજસિંહનું મૃત્યુ થયું છે?"

ગોદાવરીએ હાનું ડોકુ હલાવ્યું. યોગિની અસ્ફુટસ્વરથી એકદમ બોલી, "ઓં શાંતિ શાંતિ!" ત્યાર પછી નિસ્તબ્ધ ભાવ તેણે ધારણ કર્યો. ગોદાવરીએ પૂછ્યું, "આપ તેમને શું જાણતા હતાં? પરંતુ યોગિનીએ તેનો કંઇપણ જવાબ ન આપતાં થોડીવારે કહ્યું, "બેટા, તું જુવાન છોકરી છે, રાજ-

કુમાર તારો નાનપણનો સખા હોવા છતાં પણ તેની જોડે આવી રીતે એકલ રહેવું તે તને ઠીક નથી!"

ગોદાવરી બોલી, "અમે પરણેલાં છીએ."

તે આશ્ચર્ય પામીને બોલી, "પરણેલાં! તારા બાપની પાસેથી તો મેં આવું કદીપણ સાંભળ્યું નથી!"

ગોદાવરી બોલી, "તે જાણતા નથી. અમારો ગાંધર્વ વિવાહ થયો હતો.

ગોદાવરીએ પોતાની રમતમાં વિવાહનો વૃત્તાન્ત કહ્યો. યોગિની જરા કરૂણ હસવું હસીને બોલી, "બેટા, તેમાં તમારો અપરાધ નથી. આ દુનિયા એક રમવાનું ઘર છે, ભગવાન પોતે રમવામાં મચેલો હતો—અને તું તો બાળક બુદ્ધિની છોકરી છે! તું જે રમવાને ખરૂં સમજે છે તેમાં આશ્ચર્ય પામવાનું શું હોય! પરંતુ રાજકુમારનો પણ શું આવો ભાવ છે? તે શું પોતાની રમવાની વહુને હમણાં વિવાહ કરેલી વહુ તરીકે લેવાને તૈયાર છે?"

યોગિની તેમાં સંદેહ પ્રકાશ કરે છે! કોઈપણ શું બીજી રીતે વાત કહેતા નથી, વિશ્વાસ તો ક્યાં પણ નથી! બધાના મનમાં શું એકજ જાતનો

ભાવ છે, મુખમાં શું એકજ જાતનું કહેવું છે! બધા શું કહે છે, "તેને મેળવીશ નહિ. તેને મેળવી શકાશ નહિ!"

આ બોલવું સાંભળતા સાંભળતાં તે ઘેલી થઇ ગઇ હોય એમ જણાવા લાગી. નિરાશાને સુતીવ્ર પ્રબલ ઝંઝાવાયુથી માર ખાઇને તેના હૃદયમાંના કોમળ કરૂણ ભાવ દારૂણ કઠોરતામાં આવી ગયો. ગુસ્સાથી બોલી, "જો તે નહિ કરે તો હું તેની પાયમાળી કરીશ!"

થોડીવાર પહેલા મુસલમાનના મોંથી આવા વચન સાંભળીને કંપાયમાન થઈ હતી, પરંતુ હમણાં પોતાના મોંથી વગર અટકાવે આવું કહ્યુ. ગોદાવરીએ ગુસ્સાનો વેગ જરા થોભવ્યા પછી કહ્યું, "દેવી હું તમને આ વાત કહેવાને આવી છું. હું ધિક્કારને પામીછું, મને પાછી વાળી છે તેનો બદલો હું ચાહું છું! હું તેને ચાહું છું; તે મને નમે, હું આ ઇચ્છું છું; જો તેમ ન થાય તો."

યોગિની બોલી. "તું ધીરજ ધર. કોમળ પ્રકૃતિ સ્ત્રીઓને બદલો લેવાની પ્રવૃતિ ઘણીજ અશોભન છે, ખરાબ છે, વીભત્સ છે. તું શું ધારે છે કે તારી

આકાંક્ષા પૂર્ણ કરવા માટે, તારી આંગળીથી ચલાવવા માટે વિશ્વ સંસારની સૃષ્ટિ થઇ છે. ભગવાને તારા રસ્તામા ચાણુકય નિયોજિત કરીને શું તુંને પૃથ્વીમાં સરજી છે? બેટા, વૃથા ગુસ્સો કરીશ નહિ. રાજકુમાર નાનાપણુથી તારી જોડે રમતો હતો તે આજ તારી જોડે લગ્ન કરવાને બંધાયલો નથી. તારી આકાંક્ષા પૂર્ણ કરવી એ તેની ફરજ નથી. તારૂં દુઃખ તારાંજ કર્મરૂપી છે–તેને અપરાધી કરવો એ ફોકટ છે. તુ ચાહે છે મળતો નથી તેથી તું તેને ગેરવાજબી ધારે છે, બદલો લેવાની આકાંક્ષાથી જર્જરિત થાય છે, પરતુ તું વિચાર કરીને જો, ભિખારીનો અધિકાર કેટલો હોય? ખરી રીતે જોતાં તેણે તારા પ્રત્યે કંઇ પણ અન્યાય કર્યો નથી, તેજ તેના પ્રત્યે અન્યાય દાવો કર્યો છે."

ગોદાવરીએ મોટે અવાજે કહ્યું, "અન્યાય દાવો! વિશ્વાસનો અધિકાર, પ્રેમનો અધિકાર, હૃદયનો અધિકાર, એ શું સર્વથી મોટો અધિકાર નથી? ભિખારી પણ જો સર્વ રીતે દાતાની કરૂણાના ઉપર આધાર રાખે તો તેને પાછો ફેરવવો એ દાતાનું અકર્તવ્ય કહેવાય! વળી તેના ઉપર જીવન રાખનાર

અનન્ય હૃદયવાળી સ્ત્રીને પાછી ફેરવવી તે શું તેણે અન્યાય કર્યો નથી? સંસારનો ન્યાયાન્યાય ધર્મ અધર્મ હું જાણતી નથી, પરંતુ હૃદયના ધર્મમાં ભગવદ્ધર્મમાં તેને દોષી કહું છું. હું જાણું છું કે મારો વિશ્વાસ તોડીને સર્વોચ્ચ ધર્મ, હૃદયનો ધર્મ છે, સર્વોચ્ચ કર્તવ્ય હૃદયનુ કર્તવ્ય છે તેને તોડયુ છે."

યોગિની બોલી, "બેટા, તુ ભૂલે છે. હૃદયનો ધર્મ મોટો ધર્મ છે, હૃદયનો અધિકાર મોટામાં મોટો અધિકાર છે તેમાં અંતર નથી. પણ હૃદયધર્મ કોને કહેવાય? એકમેકનો પ્રેમભાવજ હૃદયધર્મ છે. તું જેને ચાહે છે તે પણ જો તને ચાહે, તો તે પ્રણય બંધન છે, તો તે એકમેકના ઉપર એકમેકનું કર્તવ્ય છે, અધિકાર છે! આ બંધન તોડયાથી-વિશ્વાસ ભંગ, કર્તવ્ય ભંગ; ધર્મ ભંગ કરાય? પરંતુ રાજ-કુમાર નાનપણમાં તારી જોડે રમ્યો હતો તેથી તારી સાથે પ્રેમસૂત્રમાં બંધાયલો હતો. આવું ધારવું એ યુક્તિ વિનાનું છે. પ્રેમધર્મ યૌવનધર્મ છે, વિશેષ કરીને પુરૂષને માટે નાનપણથી તું તેની પાસેથી દૂર હતી, તારા ઉપર પ્રેમ સંચારવાનો લાગ પણ તેને મળ્યો નથી; અથવા વગર પ્રેમથી પણ યથા

'સમયે યથા નિયમે તને પોતાની પત્ની પસંદ કરી નથી—આ અવસ્થામાં હૃદયધર્મમાં અથવા સમાજ-ધર્મમાં, કોઇ ધર્મમાં તેણે તારા પ્રત્યે અન્યાયવાળું કામ કર્યું નથી. એક તરફ જોતાં પ્રેમનો કંઇ પણ અધિ-કાર નથી, તું કૃપાની ભિખારણ માત્ર તારો અધિ-કાર ભિક્ષામાંજ છે. જ્યારે ભિક્ષા ન્યાયપૂર્વક મળે, નહિ તો અન્યાય ભિક્ષા જે ચાહે છે તે અધિકાર દાન ચાહે છે, તેનાથી વંચિત થયાથી કોઇના ઉપર ગુસ્સો કરવાનો કંઇપણ અધિકાર નથી."

ગોદાવરી બોલી, "એક તરફનો પ્રેમ! ત્યારે દર-રોજ શા માટે મને પોતાની પ્રેમ દેખાડતો હતો? શા માટે તેણે ફૂલની માળા પહેરાવીને મને પોતાની રાણી કરી હતી?"

યોગિની બોલી, "બેટા! તે બાળકની રમત છે! કોમળમતિ બાળકમાં કંઇ યુવકની જીમેદારી આપી શકતી નથી.

ગોદાવરી બોલી, "હું પણ તે વેળાએ બાલિકા ન હોતી! હું તે વેળાથી તેને પૂર્ણ પ્રાણથી ચાહ-તી હતી; વળી તેનો પ્રેમ, તેના સોગન બાળકની રમત છે! તેમ નથી; આજ પણ તેની દરેક વાત-

થી તેના અંતરનો પ્રેમ જણાય છે, હૃદયમાં અમે એકત્વ ઉપલબ્ધિ કરીએ છીએ. પરંતુ તે ભય કરવા વાળો છે! તે કાયર પુરૂષ છે! તે વિશ્વાસઘાતક છે! તેમજ માતૃભયથી માતાના ખોટા આપવાદથી મને પાછી કાઢી છે, "મારા બાપની બહેન કલંકિની છે!" ખોટું બોલનારી છે, ભગવાન જો હશે તો તમારા વંશને એક દહાડો તે મારા બાપના વંશની નીચે નમાવીશ ને નમાવીશ."

પ્રકરણ ૯ મું.

ગોદાવરી આટલીવાર સુધી શ્વાસ લીધા વિના બોલતી હતી. હમણાં શ્વાસ લેવાને માટે ઉભી. યોગિની પણ થોડો વખત સુધી મૂંગી રહી. ત્યાર પછી તે બોલી, "બેટા, ભગવાન આપણને દુઃખ કષ્ટો આપીને પોતાનો ન્યાયધર્મ સાચવે છે તેથી શું તે આપણી પાસે દોષી ઠરે છે? તેમ રાજકુમાર તને ચાહીને પણ જો તને પાછી કાઢે, તારા સુખના ઉપર ધ્યાન નહિ લગાડે, તો તે કેવળ કર્તવ્યને માટે

પ્રાણુથી વધારે વહાળી તને પોતાનાથી વિચ્છિન્ન કરતાં કેવળ તારાં સુખને માટે નહિ પણ પોતાના આખા જીવનની સુખશાંતિ સુધ્ધા વિસર્જન કરે છે આવી અવસ્થામાં તે બદલો લેવાને લાયક નથી, પણ શ્રદ્ધાને પાત્ર છે. ભગવાન શ્રી રામચંદ્રે શું કર્યું? તારી જોડે લગ્ન કર્યાથી જ્યારે તેના વંશમાં કલંકની કાળી ટીલી ચોટે, ત્યારે તારી જોડે લગન કરવા એ તેને માટે અકર્તવ્ય કહેવાય!"

ગોદાવરી આગના જેવી થઇને બોલી, "શ્રદ્ધાનો પાત્ર! કિયું કર્તવ્ય મનુષ્યના કર્તવ્યનું વિરોધી છે? રામચંદ્રે સીતાને વનવાસ આપીને મહત્ હૃદયની ઓળખાણ આપી નથી, પોતાનાં ભયભીત સ્વભાવની ઓળખાણ માત્ર આપી ગયો છે. આ અન્યાયથી તેનું દેવનામ કલંકિત થયું છે. જેમ સીતા તેની સહધર્મિણી છે, તેમ તેની પ્રજા છે, તેને લોકભયથી દોષ વિના ત્યાગને તેણે પતિનું કર્તવ્ય, રાજકર્તવ્ય બધાં કર્તવ્યજ ભંગ કર્યા છે."

યોગિની બોલી, "પરંતુ—"

ગોદાવરી બોલી, "એમાં પરંતુ નથી. રાજકુમારને જે પતિ તરીકે જાણતી હતી, જેણે તેના

ધ્યાનમાં જીવન અર્પણ કર્યું હતું, ખોટા અપજશના ભયથી તેને ગ્રહણ ન કરતાં રાજકુમારે કેવળ પોતાનો ધર્મ નાશ કર્યો છે એટલુંજ નહિ પણ એક નિષ્ઠ હૃદયને સમાજાચારની તરફ બીજો પતિ પસંદ કરવાને બાધ્ય કરીને તેનો પણ ધર્મ ત્યાગ કર્યો છે. તે શ્રદ્ધાને પાત્ર કહેવાય ! ભય કરનારો, કાયર પુરૂષ ! અન્યાય કરનારા ! અધર્માચારી ! મારી ફુઇ કલંકિની ! સ્વર્ગે તેને જગા આપીને પવિત્ર થયું છે ! એ ખોટી વાત ! ખોટી વાત ? ખોટી વાત !"

ગોદાવરીનો ગુસ્સાવાળો અવાજ નિસ્તબ્ધ રાતની ગંભીરતા તોડીને ધીરે ધીરે ભલી ગયો. યોગિની તે વેળાએ સ્વભાવિક સંયત સ્વરથી બોલી, " એ ખોટી વાત નથી, બેટા, તે વાત ખોટી નથી. હુંજ તારી પેલી કલકિની ફુઇ, હજીપણ જીવતી છું ! સ્વર્ગમાં જગા મળશે કે નહિ તે હું જાણુતી નથી, પરંતુ હજી સુધી તો નરકમાં જગા મળી નથી."

ગોદાવરી આશ્ચર્ય બનીને આંખ ફાડીને જોતી રહી. યોગિનીએ કહ્યું, "સાંભળ, બેટા, મારો કલંકિત ઇતિહાસ સાંભળ–સાંભળીને સાવચેત રહેજે. હું પણ એક વેળા આવું ધારતી હતી, હૃદયના

ધર્મને હું એક માત્ર ધર્મ સમજતી હતી, હૃદય દેવતાને સાક્ષાત્‌ ભગવાનરૂપ સમજતી હતી; ઈશ્વરના રાજ્યમાં જે કંઈ સત્ય મંગળ, સુંદર છે તેમાં હું ઉપલબ્ધિ કરતી હતી, તેનાં વચન ધ્રુવ સત્ય ને તેના કાર્ય અપાપવિદ્ધ પુણ્યમય તરીકે જાણુતી હતી. સંસારના પ્રમાણે તેમાં અથવા તેના આચરણુમા પાપ કલંક સ્પર્શ કરી શકે એવી ધારણા મારી નહોતી. પરંતુ પછી હું સમજી કે એ ખોટી છે ધારણા, ભ્રાંત વિશ્વાસ છે! સંસારમાં જન્મ લીધાથી ભગવાનને પણ દુનિયાના નિયમને તાબે થવું પડયું છે. સંસાર ધર્મથી હૃદય ધર્મને બાંધવા પડે છે. તેથી તેની પવિત્રતાને તેના મહાત્મ્યની રક્ષા થાય છે, નહિ તો સમાજ ધર્મના ઉલ્લંઘનથી હૃદય ધર્મ ઉચ્છૃંખલ વ્યભિચારી થઇને—"

ગોદાવરી હવે ચુપ થઇને સાંભળી શકી નહિ; તેના બોલવાનો છેલ્લા ભાગ પૂર્ણ નહિ થતાંમાંજ તે બોલી ઉઠી, "હા ઉચ્છૃંખલ વ્યભિચારી થઇને ભરૂસો રાખનારી સરળ નારીજાતિ હમેશની સુખશાંતિ હરણ કરે! વળી જે ખરેખરો દોષી દાનવ દેવતાઓ આવી રીતે પારકાનું સર્વનાશ કરીને

દુનિયાની લીલાની રમત ગમત કરે! એકવાર નહિ પણ સેંકડોવાર તેનો બદલો લેવો જોઇએ! ભગવાન, આ શું તમારા અન્યાય! નારીને કોમળ ઘડી છે, તે શું કેવળ પુરૂષ તેને પગમાં કચરીને સુખ અનુભવ કરે તે માટેજ?"

યોગિની બોલી, "બેટા, ભગવાનની નિંદા કરીશ નહિ. ઇશ્વર જેઓને આપે છે, તેઓના પ્રત્યે તેની વધારે કૃપા છે. પશુનો અધિકાર જુલમ કરવાનો છે, દેવાધિકાર જુલમ સહન કરીને જુલમ કરનારનું ભલુ કરવું તેમ છે. જુલમ એ પૃથ્વીની વસ્તુ છે, પ્રેમ એ સ્વર્ગનું ધન છે. કોણ કહે કે પ્રેમનું બળ નથી, તેનું અમિત બળ છે. જુલમ કરનારનું બળ પણ તેની પાસે પરાજય પામે છે! પારકાના દુઃખ તાપ ભાર સહન કરવામાં એ કદી પણ ગભરાતા નથી, દુઃખ પણ એને દુઃખ આપવાને અસમર્થ હોય છે! વિધાતાની આપણા ઉપર કેટલી કરૂણા છે, કેટલો સ્નેહ છે, તેથીજ તેણે આપણને આવા અમૂલ્ય ધનના અધિકારી કર્યા છે!"

ગોદાવરી બોલી, "સહન કરીને જે સુખ મેળવે તો ભલે મેળવે, મારી પાસે જુલમ, અન્યાય—અસહ્ય છે!"

યોગિની બોલી, "બેટા, જે રાજાને લાયક છે વિધાતા પોતેજ તેને સજા આપે છે, પાપ પુણ્ય, ન્યાયાન્યાય, કર્માકર્મના ન્યાયાધિશ આપણે નથી, સ્ત્રીજાતિનો ધર્મ પ્રેમ છે–એ બદલાથી બહાર છે, બેટા, પ્રેમને ધિક્કારથી જે મોટુ કષ્ટ ઉપજે છે તે તારા જાણમાં આવ્યું છે–પરંતુ બદલો ન લેતાં જે તને સુખ મળશે તેના જેવું સુખ આ દુનિયામાં બીજું એકે નથી–તે મેળવવાની કોશેશ કર."

ગોદાવરીએ કહ્યું, "સુખ મારા નસીબમાં વિધાતાએ લખ્યું નથી! તેમ જો હોત તો મારી વૃત્તિ તેવીજ કરી હોત, દુનિયાંમાં ફૂલનું કામ, ને કાંટાનું કામ એક જાતનું નથી. પરંતુ તેથી શું કાંટાની કંઇ જરૂર નથી. તેમ જો હોત તો વિધાતાએ તેને શામાટે બનાવ્યા! દુનિયામાં સજન દુર્જન બેઉ ઇશ્વરનો અભિપ્રાય સિદ્ધ કરે છે. સજન સાધુતાથી દુર્જન સજાથી પાપની સજા આપે છે. ઇશ્વરની સૃષ્ટિની રક્ષાને માટે બેઉની જરૂર છે. સંસારમાં તારો જન્મ પુણ્યથી પાપને દમન કરવા માટે છે। કિયા કર્મદોષથી વિધાએ મને આવી અભાગિયણ કરી છે તે હું જાણુતી નથી. પરંતુ હું પણ તેનુ

કામ પૂર્ણ કરવા આવી છું; હું બદલો ચાહું છું. તે જો મારાથી થાય તોજ તેના દુષ્કાર્યનું પ્રાયશ્ચિત્ત થાય, નહિ તો ભગવાનની કાળી રૂપ વજ્ર શક્તિની આરાધનાથી—"

યોગિનીએ કહ્યું, "બેટા, કાલી હિંસા પ્રવૃત્તિને પૂર્ણ કરનારી નથી. હિંસાહનનકારિણી શક્તિ છે! બદલો લેવાની ઇચ્છાથી દેવતાની પૂજા એ દાનવ ધર્મ છે. હિંદુધર્મ દેવધર્મ નથી.

ગોદાવરી બોલી, "અન્યાયના પ્રત્યે સજા કરવી જે ધર્મમાં દેવધર્મ નથી, તે ધર્મ મારો ધર્મ નથી. હું દેવીની પાસે જાઉં છું—તે જો મારી મનવાંછા પૂર્ણ કરે તોજ હિંદુધર્મ મારો ધર્મ છે;—નહિ તો હું એ ધર્મને જલાંજલિ દઇશ."

પ્રકરણ ૧૦ મું.

ગોદાવરી યોગિનીના જવાબની રાહ ન જોતાં જલદીથી એકદમ ઓરડામાંથી બહાર નીકળી. તે ખંડની પછવાડે જીર્ણ જર્જરિત દીવાળની પછવાડે કાલિકાનું

મંદિર હતું. બગીચાને રસ્તેથી બાલિકા ત્યાં ગઇ. બારણા શાંકળીથી વાસેલા ન હોતાં, વગર હરકતે ઉઘાડીને તેમાં ગઇ. એક બે તારાની જ્યોતિ તરત તેની પછવાડે જઇને મંદિરના અંદરની સુષુપ્ત ભીષણતાને એકદમ ચમકિત, જાગ્રત કરી મૂકી. તારાના અજવાળાથી કરાલવદની કાલીકાની સામે ગોદાવરી સ્તબ્ધ નેત્રથી ઉભી રહી. તેના મનમાં આવવા લાગ્યું કે પ્રતિમાની લાલ જીભ તેની પેઠે બદલો લેવાની વાસનાથી જાણે લક લકાટ કરતી ઉભી હોયને, કુત્સિત ધિક્કારવાળી વીભત્સ પિશાચ પ્રવૃતિયો દેવીની તરસ નિવૃત્તિને માટે જાણે પોતાની ઉઘાડી તરવારની તીક્ષ્ણ ધારાથી લોહી રેડે છે. ગોદાવરીને જોતાંજ તે લોહી ઝરતી મુંડમાળા એકદમ બિકટ હાસ્યોચ્છવાસિત હોઠથી જાણે તેની તરફ જોતી હોય તેમ જણાવા લાગી; તેની આંખમાં આંખ તાકીને કાલીકંઠથી એક એક મણકો ખરાવા લાગ્યો; ખસી ખસીને "બદલો બદલો" એવા શબ્દ બોલી. તેને ઘેરીને મોટા ઉલ્લાસથી તાંડવ નૃત્યનો આરંભ કર્યા!

ગોદાવરી તેઓનાથી ખેંચાઇને બેશુદ્ધ જેવી

બેભાન થઈ ગઈ, ને તેઓની પ્રતિધ્વનિ બોલીને ઉત્તેજિત સ્વરથી બોલી ઉઠી–"હા બદલો બદલો; હું બદલો ચાહું છું!"

બાલિકાનો અવાજ કંપાયમાન દેવળની સ્તબ્ધતામાં ભળ્યો ન ભળ્યો એટલામાં હૃત્કંપના જેવી મૃદુગંભીર સ્વરથી દૈવવાણી થઇ–"તથાસ્તુ! તમારી ઇચ્છા પૂર્ણ થશે. તમારાથી તેની ખરાબી થશે."

ગોદાવરીના શરીર ઉપર રૂવાટાં ઉભાં થયાં, તે આશ્ચર્ય પામતી આંખ ફાડીને મંદિરની ચારે તરફ જોવા લાગી, ક્યાંઇપણ કોઇ નહોતું, પોતાની સામે એકમાત્ર નિર્વાક નિસ્તબ્ધ પેલી પથ્થરની મૂર્તિ છે. પરંતુ દેવીની જીભ હજીપણ હાલે છે, તેના કટાક્ષ રોપવાળા છે–ગોદાવરીને સંદેહ થવા લાગ્યો કે શું તે ગુસ્સે થઇ છે. ગોદાવરી ધ્રુજતે હૃદયે બોલી, "દેવી, હું બદલો ચાહું છું, પરંતુ હું મારી નાખવા ચાહતી નથી હું તેને ચાહું છું; તે મારો થાય, મને આવું વરદાન આપો."

પાછો મૃદુ તે છતાં વજ્ર–ગંભીર સ્વરથી જવાબ મળ્યો, "મેળવી શકીશ નહિ, તેને મેળવી શકીશ નહિ!" ગોદાવરીના શરીરમાં ગરમ લોહીનો ઉચ્છ-

શ્વાસ વેગથી વહેવા લાગ્યો. તે ગુસ્સાથી બોલી, "આ દેવીનું વચન નથી! કોણ તું છે?" દેવીની પ્રતિમાની પછવાડેથી એક માણસ આવીને ઉભો રહ્યો. આટલી વાર સુધી અંધારામાં રહીને ગોદાવરીની જોવાની શક્તિ પ્રખર થઇ હતી, માણસ તેની પાસે આવ્યાથી તેણે જોયું કે તે શાક્ત સન્યાસીનો ચહેરો છે. તેના શરીર ઉપર લાલ વસ્ત્રો છે, માથે જટાજુટ છે, કપાલમાં લાલચંદનનું ટીલું છે, ગળામાં ભીષણ નરકપાલની માળા છે. ગોદાવરીએ થોડી વાર સુધી તેની તરફ સ્તબ્ધ ભાવથી જોઇને પછી પૂછ્યું, "તમે કોણ છો?"

જવાબ મળ્યો, "હું દેવીનો દાસ છું. પોતાની દૈવવાણી કહેવાની મને આજ્ઞા થયાથી અહિં આવ્યો છું, તેની આજ્ઞાથીજ મારા મોંએ બોલાયું છે. હું જોઉં છું કે તમારૂં ઉજ્વલ ભાગ્યકાશને ઝાંખુ કરવા માટે એક કાળો મેઘ આગળ વધે છે, તમારા ભાગ્યનો સુખચંદ્ર એક રાહુનો ગ્રાસ કરવાને તૈયાર છે, તેના હાથથી નહિ છુટયાથી તમારૂં મંગળ થનાર નથી. જો તમે તમારૂ પોતાનું ભલુ કરવા ઇચ્છતા હોય, શક્તિનું તેજ કંઇ પણ હૃદયમાં ધા-

રણ કર્યું હોય, તો તેને મારી નાખવાનો નિશ્ચય કરીને કાલીકાની આરાધના કરો, નહિ તો ધર્મધાતકનું ચરણ મેળવવાની જો તમારા બદલાની છેલ્લી હદ હોય, તો તે મતલબથી દેવીની આરાધના કરીને તેને અપમાન આપવાની જરૂર શા છે? તેના ચરણમાં જઇને પડશો, તેની પત્ની ન થતાં રાખેલી રાંડ થઈ શકશો!"

સાંઝનો દેખાવ ફરી તેને યાદ આવ્યો–વિપતેજથી ગોદાવરીનું આખું શરીર જર્જરિત થઇ ગયું. તેણે કહ્યું, "સંન્યાસી કે પિશાચ છે! ઉભો રહે–હવે કહીશ નહિ. હું વ્યાભિચારિણી નથી—તેને ચહાતી નથી—"

ઉત્તર આપનારે કહ્યું, "ચાહયા છતાં પણ તે મળશે નહિ–તે તમને ધર્મ પત્ની તરીકે કબૂલ રાખશે નહિ. હવે કહો તમે તે મર્મઘાતીની રાખેલી થશો–"

એકદમ બીજો એક મનુષ્ય દેવી–પ્રતિમાની પછવાડે આવિર્ભાવ થઇને સન્યાસીનું કહેવું પૂર્ણ કરીને બોલ્યો, "અથવા મારી પ્રાણેશ્વરી થશો?"

તે વેળાએ પ્રભાતનો આરંભ થયો છે, ઊષાના અસ્પષ્ટ નવા પ્રકાશથી ગોદાવરીએ મુજફ્ફરશાહના

દીકરાના દીકરા શાહજાદા અહમદખાનને ઓળખ્યો. શાહજાદો પાસે આવીને તેના ફેલાયલા હાથ પોતાના હાથમાં ઝાલીને બોલ્યો, "સુંદરિ, કહો, તમે ગુજરેશ્વરી થશો કે નહિ? તમને નહિ મેળવું તો મારૂં રાજ્યધન બધું નકામું છે!" એક પળને માટે ગોદાવરી વિચલિત મનથી સ્તંભિત થઈ ગઈ. એક બાજુએ રાજ્યસંપદ, પ્રેમસંમાન છે; બીજી બાજુએ ગરીબાઈ, અપમાન, અપહેલા છે. એક તેને માંટે સર્વસ્વ આપે છે, વળી એક જણાને માટે તે સર્વસ્વ પણ કરીને પણ તેને મેળવતી નથી, મેળવવની આશા પણ નથી. આ અવસ્થામાં પોતાનું ભાગ્ય નક્કી કરવામાં ગોદાવરીને વધારે વખત લાગ્યો નહિ. પળમાં સ્થિર કરીને તે દૃઢ સ્વરથી બોલી, "જાહાપના, હું તમારી થઈ છું!" શાહજાદાએ પોતાના ગળામાંથી હીરાનો હાર કાઢીને તેના ગળામાં પહેરાવ્યો, તે વેળાએ એકદમ ગોદાવરીનો ચેહેરો ફીકો પડયો, બદ્ધ કરેલા હોઠ કમળ–દળના પ્રમાણે સ્પષ્ટરીતે કંપાયમાન થયા!

પ્રકરણ ૧૧ મું.

યોગિની ગોદાવરીના કહેવાના જવાબમાં બોલી, "પાપથી પાપનો ક્ષય, અન્યાયથી ન્યાય કદી પણ થઇ શકતો નથી–તેમાં પાપનો ભાર અન્યાયનો ભાર માત્ર વધે છે. पुण्यः पुण्येन कर्मणा चवाति पापः पापेन।"

પરંતુ કોને કહે છે? શક્તિ ક્યાં છે? તે આશા વિનાની થઇને મૂંગી રહી. ગોદાવરી બારણું ઉઘાડું રાખીને જતી રહી હતી, ચચળ વાયુથી દીવો એકદમ હોલવાઇ ગયો હતો. વૃક્ષથી ખુલ્લા દેખાતાં ઉત્તરાકાશના એક ભાગપર તરત યોગિનીની આંખ પડી, નભોમાર્ગમાં નિરંતર પ્રદક્ષિણશીલ ઘણા ચળકતા સપ્તઋષિ મંડલ હમેશાં ધ્રુવતારાની હીન કાંતિ દેખાડીને ગર્વિત શોભા વૈચિત્ર્ય સંપાદન કરતા હતા. યોગિની શૂન્ય દૃષ્ટિથી તે તરફ જોઇને વિચાર કરવા લાગી, દેવાધિદેવ વિશ્વપતિ, ખરેખર હું મારી પ્રવૃત્તિના ઉપર, મારા કર્માકર્મના ઉપર મારો કંઇ હાથ નથી? તમારા હાથમાં હું રમવાની પુતલી

માત્ર છું? જેમ ચલાવો છો, તેમ ચાલું છું? મારા પાપ પુણ્ય મંગલામંગળ સુખ દુઃખનો એક માત્ર ઉદ્દેશ તમારી સૃષ્ટિ વૈચિત્ર્યની રક્ષા છે! તેના સિવાય એનો બીજો કંઇ અર્થ અથવા બીજો કંઇ ઉદ્દેશ નથી? ત્યારે પ્રભો! કર્તા કોણ છે? કર્મ વળી શું? કર્મનું ફલ ભોગ વળી શામાટે? સામાન્ય ફળ ભોગ નથી,– નાનું કર્મ એકવાર વિકંપિત સંચાલિત થયાથી કયાં તે જંતુ રહેશે તે કોણ કહી શકે? બાપના કહેલા કર્મ છોકરાં ભોગવે એકના અપરાધથી બીજાને સજા થાય એવું કહેવાય! મારા દોષથી મને તેનું ફળ ભોગવું જોઇએ, શામાટે નિરપરાધી છોકરીને અમલદાર, તેના સુખની હાનિ કરી? અથવા એ ઉપલક્ષ માત્ર છે– તેના કર્મ ફળથી મારા નામની સાથે સંબંધ બાંધીને પોતાના ભાગ્યને લીધે આવું પૂર્ણ કરો છો? પ્રભુ હે! તેજ ખરૂં છે! જગતમાં તમારો અન્યાય નથી– જે જેને ઘટે છે તે તે પૂર્ણ રીતે મેળવે છે હું અજ્ઞાન છું, તેથી ન સમજતાં વખતો વખત દુઃખથી ગભરાઇને તમારા નામમાં કંલક લગાડું છું!”

યોગિનીનો વિચાર બંધ થયો. ચિત્તમાં ચિત્ત

એકાગ્ર કરીને તેણે આંખ મીચી. સેંકડો તારાઓની જ્યોતિ તેના મન ઉપર ઝળકવાં લાગી. તે પ્રકાશમાં વિશ્વ બ્રહ્માંડનો છુપો ગૂઢ કાયદો તેણે પ્રત્યેક્ષના પ્રમાણે કરતો જણાયો. તે વેળાએ પ્રશાંત આનંદમય ભાવથી વિભોર થઇને કહેવા લાગી, "હે વિભુ, તમારો મહિમાં અપાર છે! તમારી સૃષ્ટિ બધી સાર્થક છે! વિશાલ વિશ્વ બ્રહ્માંડથી લઇને અણુ પરમાણુ સુદ્ધાં કંઈ પણ આ ચરાચરમાં તુચ્છ નથી, બધા એક સરખી રીતે ઉદ્દેશપૂર્ણ છે, એક સરખા મહાન છે! સર્વ ભૂતમાં તમારી એક સરખી નજર છે, બધામાં તમે વિરાજો છે.

"ઉન્નતિજ તમારી સૃષ્ટિનું મૂળ તત્વ છે, વળી તમને મેળવાથી બધી ઉન્નતિની હદ આવે છે. સૃષ્ટિ જગતના જડાણુથી ચેતનાત્મા સુધી આ એકજ લક્ષમાં જન્મજન્માન્તર વ્યાપી ઉન્નતિ ચક્રમાં ઝડપથી ફરીને પોત પોતાનો વિકાશ કરતા કરતા જગતનું વિકાશ કરતા જાય છે. આ ઉન્નતિ યાત્રામાં પાપ પુણ્ય પ્રવૃતિ નિવૃત્તિ સુખ દુઃખ કંઈ પણ નિરર્થક નથી. તેઓ ભવસમુદ્રના વિભિન્નરૂપી નૌકા છે. તોપણ કોઈ માર્ગમાં કોઇ નાવમાં કોઇ યાત્રી

આ સમુદ્ર પાર થવાને લાયક ને સર્વજ્ઞ કાંડારી તમે છો, તમેજ માત્ર જાણો છો. ટુકી નજરની હું આદિ અંત જોઇ શકતી નથી તેથી તુફાન જોવાથી ગભરાઇ જાઉં છું. હે વિપદવારણ કાંડારિ, તમારા તરફ નિર્ભય ચિત્તવાળા થયાથી કોઇનો ડર રહેતો નથી. મારા પાપમાંથી પુણ્ય ખીલવો, મને પ્રવૃત્તિથી નિવૃત્તિમાં લઈ જાઓ, નિર્દય થઇને કરુણા પ્રકાશ કરો. તમારી મહિમા અપાર અગમ્ય છે! તમે જેને સમજાવો છો તે કેવળ સમજે છે. મને સમજાવો પ્રભુ, શા ઉદ્દેશથી હજી મને આ સંસારમાં રાખી છે! તમારાં કરુણાવારિ સિંચનથી જ્યારે આ અધમ જીવને ધન્ય કર્યું છે, ત્યારે જીવનનું કિયું કામ બીજું અસંપૂર્ણ છે?"

યોગિનીના વિચારમાં હરકત નડી. પહેલા ઘોડાના અવાજ સંભળાયા. ત્યાર પછી દરવાજાપર પાઘડી પહેરેલો એક ઘોડેસવારની યવનમૂર્તિ પ્રભાતના અજવાળામાં દેખાઇ તેણે કહ્યું, "બંદગી માયજી! ઓરડામાંથી બહાર આવો, બાદશાહની મહેરબાની જણાવવાને હું આવ્યો છું."

માયજી બારણામાંથી બહાર આવીને જોયું તો

ઝાડની નીચે એક મ્યાનો ઉભો કરેલો છે. તેની આસપાસ માણસો બેઠા છે, તેણે પેલા ઘોડે સવારને પૂછ્યું, "મ્યાનો શામાટે લાવ્યા છો?"

મુસલમાન ઉમરાવે કહ્યું, "અમારી બેગમને લઈ જવા માટે. આપને ત્યાં જે ખુબસુરત જુવાન સ્ત્રી છે તેની જોડે બાદશાહ શાદી કરવાના છે—તેને લઇ ચાલો." યોગિનીના સ્વભાવિક શાંત ચહેરા ઉપર દલગીરની રેખા પડી તેણે કહ્યું, "બાદશાહ શું જાણતા નથી કે એ જુવાન સ્ત્રી હિંદુની છોકરી છે? તેની જોડે બાદશાહનો વિવાહ થઇ શકે નહિ."

જવાબ આપનારે કહ્યું, "મુસલમાનોને હિંદુની જોડે લગ્ન કરવામાં કંઇ હરકત નથી. મુસલમાનનો ધર્મ ઉદાર ધર્મ છે, જગતનો ધર્મ છે! તે ધર્મ બધાં માણસોને પોતાના કરી શકે છે."

યોગિની બોલી, "પરંતુ યુવતી ધર્મ શામાટે છોડે?"

તે હસીને બોલ્યો, "નારી જાતિમાં એવી મૂર્ખ કોઇ નથી કે બાદશાહ સાથે શાદી કરવામાં પોતાનો ધર્મ ત્યાગ કરે, આપ તેમને લઇ ચાલો, ત્યારપછી તે બંદોબસ્ત અમે કરીશું."

યોગિની દૃઢ સ્વરથી બોલી, "નહિ, તેમ થશે

નહિ તેના બાપે મારી પાસે તેને રાખી છે, જ્યાં સુધી તે ન આવે ત્યાં સુધી હું તેને તમને આપી શકીશ નહિ."

ઉમરાવે કહ્યું, "આપ બાદશાહનો હુકમ તોડો છો! ખુશીથી જો તેને નહિ આપો તો ઘરમાં પ્રવેશ કરીશું." યોગિની બોલી, "પ્રજાની રક્ષા કરવી એ રાજાના હાથમાં છે, પ્રજાના ઉપર જુલમ કરવાની સત્તા તેની નથી! હું તેને આપીશ, તમે બાદશાહને જઇને—"

ઘોડે સવારે કહ્યું, "જો સારૂ ઇચ્છતા હો તો તેને આપો; નહિ તો જોર જુલમ તરિકે આપને પકડવાનો હુકમ આપીશ." આવું કહેતો કહેતો ઘોડેસવાર ઘોડા ઉપરથી ઉતર્યો. તે જોઇને યોગિની વિજલીના જેવી દોડતી ઘરમાંથી નીકલીને કાલીકાના મંદિર તરફ ગઇ—મંદિરની પાસે આવીને જોયું કે યવનના હાથમાં હાથ ભેરવીને ગોદાવરી દેવળમાંથી બહાર નીકળે છે. તેણે મૂઢના જેવી થઇને પૂછયું, "ગોદાવરી, આ કોણ છે?"

ગોદાવરીએ જવાબ આપ્યો, "શાહજાદો અહમદખાનજી, મારો વિવાહિત સ્વામી."

યોગિની ચિત્રાર્પિતાની પેઠે ઉભી રહી. મુસલમાન ગોદાવરીને લઇને જંગલને રસ્તે ચાલ્યા ગયા.

થોડીવારે યોગિનીએ પોતાનું નીચે ઘાલેલું મુખ ઉપર કરીને પૂર્વ તરફ નવોદિત અગ્નિમય સૂર્ય-ગોળાની તરફ એકી નજરથી જોઇને સતેજથી કહ્યું, "વિશ્વપતિ મારા જીવનનો ઉદ્દેશ સમજી છું. આ જુલમ, અન્યાયગ્રસ્ત દેશને બચાવવો એ મારા જીવનનું કામ છે. કેવળ મારૂંજ નહિ અમારા બેઉના જીવનનું કામ એકજ છે. તેને પ્રવૃત્ત માર્ગથી મને નિવૃત્ત માર્ગથી, એકજ વ્રતાનુષ્ઠાનમાં તમે લગાડયા છે. હે ભગવાન, તમે સ્રષ્ટા તમેજ સૃષ્ટિ છો; તમે જ્ઞાન તમેજ માયા છો; તમે પ્રવર્ત્તક તમેજ નિવર્ત્તક છો; તમે કર્મ તમેજ ફળ છો, આ બુદ્ધિમાં પ્રબુદ્ધ કરીને તમારો ઉદ્દેશ પૂર્ણ કરવાને મને બળ આપો. શાંતિઃ શાંતિઃ શાંતિઃ હરિઃ ઓં !

પ્રકરણ ૧૨ મું.

પ્રફુલ્લ વસંતમાં પક્ષીઓ મીઠા સ્વરથી ગાય છે.

નલાનો વાયુ વહે છે, સુગંધની લહેરો આવતા કાનનમાં પ્રફુલ્લમુખી સ્ત્રીઓ આનંદ વિહારમાં આનંદથી પરિપૂર્ણ થઇ પડી છે! હાય! મંદભાગ્ય અશોકતરૂ! તમે આજે ક્યાં છો? તમારે બદલે જામરૂખનાં ઝાડ આજે રંગિની સ્ત્રીના ચરણુ સ્પર્શ-સુખથી હલે છે ધ્રુજે છે. સ્ત્રી ધીરે ધીરે ઉપરની કોમળ ડાળીના ઉપર ચઢે છે. નીચે જોનારી સ્ત્રી-વૃન્દ કોઇ અવાક નયનથી ગભરાઇને તેની સામું જુએ છે, કોઇ એક અવાજથી તે આર્યાંગનાના વીરત્વની ઘણી તારીફ કરતી કરતી તે પ્રમાણે ચઢવાની ઇચ્છા રાખીને થડપર પગ મૂકે છે સેંકડોવાર વ્યર્થ થઇને ખસી પડીને પાછી ઉતરે છે, કોઇ કોઇ સુકુમાર સ્ત્રી અથવા નારીજનોચિત આચાર ભ્રષ્ટા આ પૌરૂષિક સ્ત્રીની આવી મરવાની ચાલને માટે ઘણો ધિક્કાર ભય તથા ક્રોધથી મુહ્યમાન થઇને કોઇ વખતે ગુસ્સાથી ઠપકો તો કોઇ વખત વિનય વાક્યથી વારંવાર તેને ઝાડપરથી ઉતરવાને સમજાવે છે. ઝાડ ઉપર ચઢેલી ...ંવતી એથી વધારે રણરંગમાં મત્ત થઇને હસતી હસતી ઝાડને હલાવે છે, ડાળીને હલાવે છે; અને ઝડપથી એક

જમરૂખ તોડીને તેઓના રૂષ્ટ હૃદયને તુષ્ટ કરવાનો યત્ન કરે છે. બીજી બાજુએ બોરની શિલાવૃષ્ટિ થઇ રહી છે. બોરડીના ભાગ્યમાં પગનો માર ખાવાનું સુખ નથી; તેઓ કુમળા હાથનો ઝોક ખાઇનેજ હૃષ્ટચિત્તથી દ્રોપદીના અન્નના પ્રમાણે અનવરત બોરની લાહણી કરે છે, સ્ત્રીઓ ઝાડની નીચેની જમીન ઉપરથી તે બોર વીણે છે. નવ યૌવનવતી સ્વામી સોહાગિની ભામિનીઓ તેમાં રાજી નથી, તેઓ આ ભાવુકના વિનાના ગદ્યમય આનંદના ઉપર દૂરથી બાડી આખેજ જોઇને ફૂલના બગીઆમાં ફૂળ વીણતી ફરે છે, કેટલીક સ્ત્રીઓને વળી ફૂળ એકઠાં કરવામાં સુખ જણાતુ નથી, તેઓના મનમાં શીકારનો આનંદ જાગ્યો છે. પ્રેમના ફાંસથી આંખના તીરથી જે શીકાર પોતાના ઘરમાં બાંધ્યો છે, આંખના ફરવાથી તેઓ શી રીતે રમે છે, શી રીતે ચાલે છે, તે યાદ આવ્યાથી તે રમત રમવા માટે તેઓનું હૃદય આતુર થઇ પડયું છે—પરંતુ હમણાં તેને લાગ નહિ મળ્યાથી તેઓ ફૂળની ઇચ્છાથી છાંય પીવામાં પ્રવૃત્ત થયા છે.

બે રમણીઓ આ બધી રમતથી દૂર રહીને આંબાના કુંજમાં શિલાની નીચે બેસીને પોતાના મનની વાતો કહેતી કહેતી પુષ્પાલંકાર ગુથતી હતી.

આમ્રકુંજ સુકંઠતાનથી કંપાયમાન થઇને એકદમ છેટેથી એક ગાયન સંભળાયું.

આથી સોઇનું ફૂળ સોઇમાં રહ્યું, નંદકોર એકદમ માથું ઉચ્ચુ કરીને બોલી, "એ પેલી જમના કાળા મોંની આવે છે!"

જમના ગાતી ગાતી થોડીવારમાં આમ્રકુંજમાં આવી પહોચી, નંદકોરે કહ્યું, "તું મર, વૃદ્ધ સ્વામીને ખુશ કરવા માટે તારૂ ગીત હવે સાંભળવાની જરૂર નથી."

જમના પાસે આવીને બોલી, "ઠીક છે તું બહેન મારો જુવાન સ્વામી!" આવું કહીને તેના ગાળને ચીમટો ખણીને ગાવાનો આરંભ કર્યો.

તેનું ગીત પુરૂ થયાથી હરકોર બોલી, "વૃદ્ધ રસનો ગોળ છે! એકીવાર ચાહ તો જોને?"

જમના બોલી, "તારો શું છોકરો સ્વામી છે કે? એક રસની વાત તો તારા મોંએથી આજ સુધી સાંભળી નથી! એવો સ્વામી મારો હોત તો હું વનવાસી થાત."

નંદકોર બોલી, "જમાઇ મારો ડૂબી ડૂબીને પાણી પીએ છે. તે વિશે એક ગીત ગા જોઇએ."

જમના બોલી, "શું તે ગીત સાંભળશો કે? બહેન મને જેવું કહેવા કહેશો તેવું હું સંભળાવી શકું છું."

હરકોર બોલી, "આ વખતે તારો સ્વામી કવિના એટલે ભાટના ટોળામાં સામેલ થયો છે. તું પણ શું તેમાં મળી છે?

જમના બોલી, "હા તેમ છે." આવું કરીને તેણે ગાવું શરૂ કર્યું.

એટલામાં એકદમ ગંગાબા પછવાડેથી આવીને બોલી, "ખરેખર શું જમના આવું સારૂ ગાય છે!"

હરકોર બોલી, "બરાબર શ્યામની વાંશળીના જેવું!"

જમના પછવાડે વળી જોઇને ઉભી થઇને કહ્યું, "આ તો રાણી સાહેબ પધાર્યાં છે!"

ગંગાબા બોલી, "બહેન, તને આજે આ ગીત રાજકુમારને સંભળાવવું પડશે." જોકે હમણા અજયસિંહ રાજા થયા છે, પરંતુ ગંગા તેને આગળના અભ્યાસને લીધે હમણાં પણ રાજકુમાર કહીને બોલાવે છે!

જમનાએ કહ્યું, "તમારૂં ગીત હું શા માટે ગાઉ બહેન ? તમે આજે રાજાને આ ગીત ગાઇને માન આપોને, 'રાજા લઢાઇમાં જીત્યા છે–તેમને તો બક્-સિસ આપવી જોઇએ!"

પ્રાણ ભરીને આનંદ રેડતાં ગંગા જરા મોહ-કારક લજ્જાનું હસવું હસીને બોલી, "નહિ, બહેન, તમે બધા ગાજો–હું ફૂળની માળા પહેરાવીશ."

નંદકોર બોલી, "અમે પહેલા તમારા ગળામાં પહેરાવીએ પછી તમે તમારા ગળામાંની કાઢીને રાજાના ગળામાં પહેરાવજો." આવું કહીને હસતાં હસતાં કોઇએ રાણીના ગળામાં કોઇએ તેના હાથમાં કોઇ માથામાં ફૂળના ઘરેણાં પહેરાવીને ત્રણ જણી-ઓએ ગાવું શરૂ કર્યું.

તેઓનું ગાયન પુરૂં થતાં ન થતાંમાં ગંગાબા બોલી, "નહિ, બહેન, આ માળા પહેરાવીશ નહિ,– આજે હું પોતે માળા ગુંથીને તેમના ગળામાં નાખીશ,–અહિં પુષ્કળ ફૂલો છે, માળા ગુથું છું!" આવું કહીને ગંગાએ શીલાપર બેસીને માળા ગુંથવા માંડી.

સોઇમાં ફૂલ પહોવતાં પહોવતાં એકદમ તેનું પ્રફુલ્લ

મુખ ફીકું પડી ગયું-તેને પોતાની પેલી ઘણા વર્ષોથી વાત યાદ આવી, ગોદાવરી એકદમ જો પહેલાના પ્રમાણે પોતાના હાથમાંની માળા લઇને રાજાના ગળામાં પહેરાવે! સભયથી તે ઉચ્ચું માથુ કરીને જોવા લાગી, ગોદાવરીને નહિ જોતાં નીસંતે લાંબો શ્વાસ ખેંચીને પાછી માળા ગુંથવા લાગી, તે વખતે છેટેથી વાંશળી સંભળાઇ, હારકોર બોલી ઉઠી, "સાંભળો! આ જૂનુ ગાયન! ઘણા દિવસ થયા આ સુર સાંભળ્યો નથી! મને નાનપણાની વાત યાદ આવે છે. યાદ છે રાણી આ ઘણા વર્ષની વાત! પેલી રાજારાણીની રમત!"

યાદ વળી નહિ હોય! તે યાદદાસ્ત ગંગાના આ સુખના અજવાળાવાળો દિવસ પણ ઝાંખો થયો છે તે શું યાદ નથી!

ગંગા મોં નહિ ઉચ્ચું કરતા ધીરે ધીરે લાંબો શ્વાસ મૂંને બોલી, "રાજકુમાર આજે અહિં હજી સુધી આવ્યા નહિ!"

રાજકુમાર તે વેળાએ પેલા નિસ્તબ્ધ નદી કિનારે મધુર સાંઝે પોતાની બાલ્ય સખી, રમતની રાણી, ગોદાવરીના મધુર રૂપમાં આંખ, ઢાકીને હૃદય પ્રાણ

તેમાં લગ્ન કરીને પોતાનું જૂનું પ્રેમગીત પાછું નવેસરથી ગાતો હતો, તે અહિં શા માટે આવે અને શી રીતે આવે? તે હમણાં જગત્ સંસારને ભૂલી ગયો છે, પોતાને ભૂલી ગયો છે, ગંગાને પણ ભૂલી ગયો છે. તે હમણાં ઘણા વર્ષની ખોયલા બાળક અજયસિંહમાં અને ફૂલ રાણી બાલિકા ગોદાવરીમાં માત્ર જાગ્રત, તન્મય આત્મહારા છે, બીજુ બધું હમણાં તેની પાસે શૂન્ય, અસ્તિત્વ વિનાનું છે.

પ્રકરણ ૧૩ મું.

રાજકુમારનો તે દહાડો પ્રમોદ ઉદ્યાનમાં જઇને ક્રીડા કૌતુક કરવાનો દહાડો નહોતો. નિસ્તબ્ધ રાતે મહેલમાં આવીને તારાથી ઘેરાયલા ગગનની તરફ આંખ તાકીને રાજકુમાર એકલો આગણામાં બેઠો છે. તેનું મગજ વિચારમાં ભમે છે, હૃદય વેદના પૂર્ણ છે, તેના મનમાં આવતું હતું કે, "મેં આ શું કર્યું!– શું કર્યાથી સારૂ થાત! ભગવાને શા અપરાધથી મારાથી તેની આ દશા થઈ! આટલા પ્રેમનો આ બદલો! શું કર્યું–હાય, મેં શું' કર્યું!"

ગંગા એકદમ પછવાડેની આવીને તેની આંખ હાથવતે ઢાંકી. રાજકુમાર ચપકીને અન્યમનથી બોલી ઉઠયો, "ગોદવરી!" ગંગાની છાતી ધડકવા લાગી, ગભરાઈને તે બોલી, "હું ગંગા છું!" "રાજકુમાર તેની સામુ જોઇને બોલ્યો," ગગા! બેસો." તેના બોલવામાં તેના હાવ ભાવથી ગોદાવરીએ બીજા દહાડાના પ્રેમાગ્રહની ખોટ અનુભવી, પક્ષીના મોંએ કહેલા બોલના પ્રમાણે તેના બોલ જણાયા. ગંગાની આંખમાં ઝળઝળિયા આવ્યા, તે નહિ બેસતાં નિસ્તબ્ધ ઉભી રહી. ગંગા હમણાં પંદર વર્ષની થઇ છે, પરંતુ સરલતાપૂર્ણ નિર્ભર ભાવથી તે હજી નાની બાલિકા જેવી છે, તેનો યૌવનોદીપ્ત હૃદયમાં ભરેલો પ્રેમ સભય સંકોચ ભાવથી મળીને હજી પણ નાનપણનું સુકુમાર, સ્નિગ્ધભાવ, નવીન મધુરતા દર્શાવછે.

થોડીકવારે રાજકુમારને શુદ્ધી આવી કે ગંગા નહિ બેસતાં ઉભા રહેલી છે, પરોણાગતમાં ઓછાપણું થયાથી પરોણાવત્સલનો જેવો મનનો ભાવ થાય છે તેવો રાજકુમાર અનુતપ્ત થઇને તેનો હાથ ઝાલીને ધીરે ધીરે પાસે સંગેમરરનો પાટ

હતો તેના ઉપર તેને બેસાડી, ગંગા બેસીને તેના ખભા ઉપર માથું મૂકીને રોવા લાગી. રાજકુમારે પોતાની વ્યથા છુપાવીને, તેને શાંતની ઇચ્છાથી તેના ગળામાં હાથ નાખીને સસ્નેહથી કહ્યું, "શું થયું છે, ગંગા?" ગંગાએ કંઈપણ જવાબ આપ્યો નહિ. રાજકુમારે બહુવાર પૂછ્યાથી તેણે પોતાની આંસુથી ભરેલી દૃષ્ટિ તેની દૃષ્ટિમાં સ્થાપીને કહ્યું, "રાજકુમાર, કહો તમે મને ચાહો છો?"

તેણે તેના વાળની લટો હલાવીને કહ્યું, "એકસો વાર શું આંજ વાત કહેવી?"

ગંગા અડધા અવાજથી બોલી, "તમે જો-તમે જો-"

રાજકુમારે તેના ધ્રુજતા હોઠપર ચુંબન કર્યું, તેણે તેનું ગળું ઝાલીને કહ્યું, "મારા મનમાં થાય છે કે જો ગોદાવરી આવે તો તમે મને ભૂલી જશો." રાજકુમારે આનો કંઈ પણ જવાબ ન દેતાં તે સરળ સાશ્રુનયનની તરફ જોવા લાગ્યો. તેણે કહ્યું, "કહો, હું ભૂલીશ નહિ, કહો તમે મારા છો!"

રાજકુમારે કહ્યું, "હું તમારો નહિ તો બીજા

કોનો છું ?" તેણે કહ્યું, "હું જાણતી નથી કે તમે કોના છો ? પરંતુ મને ઘણું કષ્ટ થાય છે !" આવું કહીને તેના ખોળામાં માથું છુપાવીને તે રોવા લાગી. રાજકુમાર પેલી રોતી પ્રેમયથી પત્નીનું માથું ખોલામાં લઇને ભારે હૃદયની બળતરાથી મૂંગો બેસી રહ્યો. એક બાજુએ ગોદાવરીને વિવાહ કરીને લાવ્યાથી ગંગાના જેવી કોમળ વેળનું હૃદય કચરાત–બીજી બાજુએ ગોદાવરીને વિવાહ નહિ કર્યાથી તેનો ધર્મ નાશ પામે છે. તેણે પતિરૂપે વરણ કર્યો છે, લાચારીથી બીજાની જોડે પરણવું પડશે. હવે તે શું કરે ?

રાજકુમારે આવી રીતે વિચારમાંને વિચારમાં અનિદ્રાથી રાત ગાળી. પ્રભાત થતાંજ નલ રાજાના પ્રમાણે સ્ત્રીને ઉંઘતી છોડીને ગોદાવરીને શોધવા માટે મહેલમાંથી બહાર નીકળ્યો. તેની મતલબ એ હતી કે ગોદાવરીની જોડે એકવાર મળીને જે કરવું યોગ્ય છ તે સમજાશે, તેની મીમાંસા કરવી પરંતુ તેની હવે જરૂર દેખાઇ નહિ. જંગલમાં જતાંજ તેણે લશ્કર દીઠું. તે જોઇને અજયસિંહે એક ઘોડે સવારને પૂછ્યું, "લશ્કર કયાં ગયું હતું." ઘોડે સવારે

કહ્યું," કાલે જે હિંદુ કન્યાને ઉત્સવના" મેદાનમાં તમે જોઇ હતી, તેની સાથે શાહજાદા અહમદખાંનની શાદી થઇ છે તેને માટે અહિં માણસો આવ્યાં હતાં." રાજકુમાર વજ્રઘાતથી સ્તંભિત થઈ ગયો.

પ્રકરણ ૧૪ મો.

સ્ત્રીના કંઠથી એકદમ પોતાનું નામ ઉચ્ચારિત થતું સાંભળીને અજયસિંહનો મોહ તુટયો. સ્ત્રી ગભરાતી ગુસ્સાવાળા અવાજથી બોલતી હતી, "આ કોને જોઉં છું? મહારાજ અજયસિંહ કે?" તેની સામે આવા અન્યાય, આ જુલમ, સ્ત્રીની આવી અપમાનના, વળી તે પથ્થરના જેવો ઉભો રહયો છે? મહારાજ, ધિક, તમને ધિક પડો! તમેજ ગુજરાતની માતાના કુલને દીપાવનાર પુત્ર છો! તેથીજ અભાગિયણ જન્મ ભૂમિની આટલી દુર્દશા!"

અજયસિંહ આશ્ચર્યથી એ અવાજને લક્ષીને નજર કરીને થોડે છેટે જોયું કે પહેરદારોથી વીંટાયલા બાંધેલા હાથવાળી સંન્યાસિનીને જોઇ તે વેળાએ

દોડતો પાસે આવીને પૂછ્યું, "આ કોણ છે! એને શા માટે બાંધી છે?" સિપાઇઓએ તેને સલામ કર્યા. તેમાંથી એક જણાએ કહ્યું, "બંદગી હજુર અમને ફોજદારે હુકમ આપ્યો છે કે માયજીને બાંધીને લાવો, તેણે જુવાન છોકરીને ઘરમાંથી કાઢી નહિ અને તે સામે બોલી તેથી બાંધવાને અમને ફોજદારે હુકમ આપ્યો છે. તેથી અમે તેને બાંધી છે."

યોગિની જરા હસીને બોલી, "એક જણાએ ચોરી કરી છે અને બીજાને ફાંસીએ લટકાવે એવો ન્યાય છે. એ ન્યાય છે ખરો."

અજયસિંહે કમરમાંથી તરવાર બહાર કાઢીને કહ્યું, "તમે બધા હઠો, રસ્તો આપો." સિપાઇઓએ તેની મતલબ જાણીને કહ્યું, "મહારાજ, એને છોડવશો નહિ તેમ કર્યાથી અમે ગરીબ માણસો માર્યા જઇશું. ફોજદાર સાહેબ અમારા ઉપર ગુસ્સે થશે." આવું કહેતા કહેતાં તેની તીક્ષ્ણધાર તડકામાં ચળકતી સ્વચ્છ તરવારનો સ્પર્શ થતાંજ તેઓ ખસી ગયા. અજયસિંહ સન્ય.સિની પાસે જઇને તેને દોરડાંથી છોડીને બોલ્યો, "તમે ડરતા ના, હું સેનાપતિને કહીશ કે તમારો કંઇ દોષ નથી

જો સેનાપતિ તમને સજા આપવા યોગ્ય ધારે તો તમે મારી પાસે આવજો, તમારી હું મારા લશ્કરમાં ભરતી કરીશ સેનાપતિ ક્યાં છે ?"

સિપાઇએ કહ્યું, "અમને હુકમ આપીને તેઓ આપની તરફ ગયા છે." રાજકુમારે કહ્યું, સન્યાસિની તરફ ફરીને કહ્યું, "મારી સાથે ચાલો સિપાઇઓ તમને અડકશે નહિ."

સંન્યાસિના બોલી, "હું જાણું છું, બેટા, તમે હશો ત્યાં સુધી કોઇની મગદુર નથી કે મને ડરાવે પરંતુ હું રસ્તો જાણું છું, તમે મારી પછવાડે પછવાડે આવો અહિંના બધા માર્ગ હું જાણું છું."

જોનારૂં ટોળું અવાક થઇને ઉભુ રહ્યું, સિપાઇઓમાંથી કોઇએ પણ ચું કે ચા કરવાની હિમ્મત કરી નહિ. અજયસિંહ સંન્યાસિનીની સાથે જંગલમાં અદૃશ્ય થઇ ગયો. રસ્તામાં યોગિનીએ ગોદાવરીની બધી વાત કહી.

પ્રકરણ ૧૫ મું.

યોડે, છેટે આવીને સંન્યાસિની બોલી "ડાબી

તરફ વળવાનો રસ્તો આવ્યાથી તે રસ્તેથી તમે રાજમહેલના બગીચાની હદમાં પહોચશો. તમે રાજમહેલમાં જાઓ, હું થોડીવારે આવીશ ?"

અજયસિંહે ઘરની પાસે આવતાંજ આજિમખાંને જોયો. તેને જોઇને .આજિમખાં બોલ્યો, " મહારાજ હું આપની પાસે આવ્યો છું. આપના રાજ્યમાંના જંગલમાં કાલકાદેવીનું મંદિર છે તેમાં કાલે મેદાનમાં જે છોકરી ફૂલની માળા લઇને આવી હતી તેના ઉપર શાહજાદા અહમદખાંની નજર પડી છે. તેની જોડે તે શાદી કરવા ઇચ્છે છે. જો આપ કૃપા કરીને તે છોકરીને મેળવી આપો તો શાહજાદો ઘણો ખુશી થાય, આજે હું કેટલાક સિપાઇઓ લઇને કાલકાદેવીના મંદિરની પાસે ગયો હતો પણ પેલી સંન્યાસણ તેનો પત્તો આપતી નથી. તેને મેં પકડવાનો હુકમ આપ્યો છે. હવે તેની તપાસ કરવી એ આપનું કામ છે. જો શાહજાદાની મુરાદ પૂરી કરો તો આપનું તેમજ મારૂં સારૂં થાય."

અજયસિંહે કહ્યું, " આ શું કહેવાય, અમસ્તી તમે ડોશીને પકડી છે. મેં તેને રસ્તામાં છુટી કરી છે. તમે નકામી એને પકડી છે. મેં હમણાજ

સાંભળ્યું કે તમને અમહદખાને મોકલ્યા પછી થોડી-વારે પોતાથી રહેવાયું નહિ તેથી તે પણ પાટણથી નીકળીને વીરમગામના જંગલમાં આવ્યા અને દેવ-ળમાં જઇને જોયું તો ત્યાં પેલી હિંદુ છોકરી હતી તેની જોડે શાદી કરીને તે બારોબાર ત્યાંથી ગયા. તમે સિપાઇઓને પકડવાનો હુકમ આપીને આ તરફ આવ્યા પણ હવે પેલી વૃદ્ધાને પકડવાની જરૂર નથી હવે તમે શાહજાદાને મળો."

શાહજાદા અહમદખાંની પાસે સેનાપતિ જઇને સલામ કરીને તેમને મુબારકબાદી આપી, અને વાતમાંને વાતમાં પૂછ્યું શી રીતે આપે હિંદુ કન્યાને બેગમ કરી તે કહો, ત્યારે અહમદખાંએ કહ્યું, "કાલે મેં પેલી જુવાન સ્ત્રીને જોઇ ત્યારથી તેને મેળવ-વાને મારૂં દીલ ઘણું લાગ્યું. કાલે ગમે તે રીતે તેને મેળવવી એવો મેં નિશ્ચય કર્યો. ત્યારપછી મેં મારા નાનપણના મિત્ર કુતુબને શી રીતે મેળવી શકાય તેજ વિશે પૂછ્યું કુતુબ બધી વાતે પૂરો છે એવું હું સારી પેઠે જાણું છું તેથી તેની સલાહ પ્રમાણે કરવાનો ઠરાવ કરીને પૂછ્યું તેણે કહ્યું, "પહેલાં તેનો પતો મળવો જોઇએ" તેથી તે

તરત તેનો પતો મેળવવાં માટે તેની પછવાડે પછવાડે ચાલ્યો. આખરે સાંઝે વાતચીતથી તેનો પત્તો મેળવીને કુતુબ મારી પાસે આવ્યો તે વેળાએ મેં તમને બોલાવીને મંદિરમાં જઇને છોકરીને લાવવાને કહ્યું પછી અમે બેઉએ એક મ્યાનો અને ત્રણ ચાર ઘણા સારા જુવાનો લઇને નીકળ્યા કાલીકા મંદિરની પાસે પહોચીને કુતુબના કહેવાથી સિપાઇ અને મ્યાનો જંગલમાં રાખ્યા અમે બેઉ મિત્ર મંદિરમાં ગયા. પહેલેથી કુતુબ ગોદાવરીની જોડે મંદિરમાં જઇને આસપાસનું જોઇ આવ્યો હતો. તેણે પહેલાં મંદિરમાં જઇને પોશાક બદલ્યો માથાપરની પાઘડીની તેણે સાડી કરી. કાલકાના ગળાનો જબર હાર લઇને માથાપર વીંટાલ્યો, છાતીપર નાખ્યો. ભીત ઉપરની નરકપાલમા લિંગ લઇને ગળામાં પહેરી પ્રતિમાની સાથેના વાસણમાં રકત ચંદન લઇને અંગે ચોપડયું. આવો શણગારીને મારી પાસે આવીને તેણે કહ્યું, "ઉભા રહો—એકવાર જોઇએ પછી શું કરવું ?" આવું કહીને ભીતના કાણામાંથી સંન્યાસિના ખંડમાં જઇને થોડીવારે કુતુબ બોલ્યો, "શાહજાદા, પ્રતિમાની પછવાડે છુપાવો;

બાલિકા અહિં આવશે." બેઉ પ્રતિમાની પાછવાડે છુપાયા યથા સમય બીજા અવાજથી કુતુબે ગોદાવરીની પાસે ભવિષ્ય વાણી કહી તેથી તે ચમકીને પછી કંઇક બોલા ચાલ થઇ ત્યારપછી ગોદાવરી ગુસ્સે થઇને બોલી કે આ કોઇ માણુસ છે પછી કુતુબ ત્યાં ગયો અને દેવીની ભવિષ્ય વાણી મારી તરફથી કહેવાને દેવીએ હુકમ આપ્યો છે તે જણાવ્યું. ત્યારપછી હું છતો થયો અને તેનો હાથ માંગ્યો. તે તેણે ખુશીથી આપ્યો. પછી અમે ત્રણ જણા જંગલ તરફ જઇને સિપાઈ મ્યાનાની સાથે અમે અહિં આવ્યા."

પ્રકરણ ૧૬ મું.

ઐશ્વર્યના પ્રકાશિત તેજમાં આવ્યાથી ગોદાવરીના આંખ અંજાઇ ગઈ. પરંતુ તે કેવળ પળને માટે હતું, ત્યારપછી પળમાં તે પ્રકાશના તેજની તેને ટેવ પડી. મહારાણી થવા માટે તે જન્મી હતી, મહારાણી તે થઈ—એમાં વળી આશ્ચર્ય શું છે?

આયનાથી શોભતા દિવાનખાનામાં ચારેબાજુએ દર્પણની દિવાલ છે. દર્પણની પાસે પાસે વેલ પાંદડાં ફૂલથી ઘેરાયલા સુકોમળ પલંગ છે. ઓરડામાં ઠેક ઠેકાણે ફૂલોથી સણગારેલા સફેદ સંગેમરમરના ફુવારા છે, ફુવારામાંથી ગુલાબનું પાણી ઉડે છે, તેનો સુગંધ પુષ્પોમાંથી આવતા સુગંધની સાથે મળી ઓરડાને સુગંધવાળો કરી મૂકે છે. ઘણાં કિંમતી વસ્ત્રાલંકાર પહેરેલી સુંદરી સખીઓ. વીંટાઇને ગોદાવરી જેવી આ ઓરડામાં આવીને ઉભી તરત ઘણી સુસજિત સુંદરી, સેંકડો ઉત્સાહિત ફુલ્લ કાનન પૂર્ણપણે તેને ઘેરીને ઉભી રહી ! ગોદાવરી ચમકી પડી ! તેને માન આપવા માટે નન્દન કાનન ઉતરીને શું આવ્યું છે ?

ગોદાવરીએ આશ્ચર્ય પામીને ફરી સારી રીતે ચારે તરફ જોયું. તે ખીલેલા કાનનમાં સાલંકૃતા શણગારેલી અપ્સરાઓમાં એક ગરીબ વેશની સ્ત્રી શો મૂર્ત્તિમાં વિરાજમાન છે. ગોદાવરી પોતાને ઓળખીને સમજી—તેણે જાણ્યું કે એ માયાની રમત છે, દર્પણનો પ્રતિબિંબત દેખાવ છે ! વિસ્મયને બદલે તે વેળાએ અપૂર્વ ગર્વમય, પરિતૃપ્તિમાં તેનું હૃદય

ભરી ગયું, આ સામાન્ય દીન વેશની મન સ્તુષ્ટિને માટે શું આટલી અસામાન્ય તૈયારી છે! લાખો નરનારીની હમણાં તે ચલાવનારી છે! તેની ઇશારતથી, તેના હુકમથી તેઓ પ્રાણ આપવામાં સંકોચ કરશે નહિ! તે હમણાં સામાન્ય ગરીબની સ્ત્રી માત્ર નથી?

ગોદાવરી ત્યાંથી નહાવાના ઓરડામાં ગઇ. ચારે બાજુએ દાસીઓએ જૂદાં જૂદાં રંગના મણિ મુક્તા હીરાથી જડેલા ચાર પોશાક લાવીને પૂછ્યું, "બેગમ સાહેબ, આમાંથી કિયા લુગડાં પહેરશો?" ગોદાવરીએ તે બધા હાથમાં લઇને જોયા અને તે જોતી જોતી કહેવા લાગી, "આ કેવા કદરૂપા છે, બીજા લુગડાં શું નથી?" દાસીઓ અવાક થઇ ગઇ. એક જણીએ કહ્યું, "કદરૂપાં! આ લુગડાંને માટે ત્રણ બેગમનું મુખ એકમેક જોઇ શકતી નથી!" વળી એક જણીએ કહ્યું. "આ પોશાક શાહજાદાની દાદીનો પોશાક છે. તેના મૃત્યુ પછી ત્રણ બેગમો તેને પોતાના તાબે કરવા ઇચ્છતી હતી, શાહજાદાએ તેથી કોઇને ન આપતા મૂકી રાખ્યા હતા, આજે આપના શરીર શોભાને માટે મોકલ્યા છે!"

ગોદાવરી જરા હસીને બોલી, "એની મને જરૂર નથી, નવી બેગમની ભેટ તરીકે ત્રણ જણીઓને મોકલી દો."

દાસી બોલી, "બીજો એક?"

ગોદાવરીએ પૂછ્યું, "બીજો એક? શાહજાદાની આટલા દહાડાથી પ્રિય બેગમ કોણ હતી?"

દાસીએ જવાબ આપ્યો, "મતિયાજાન."

ગોદાવરી બોલી, "આ તેને મોકલો."

દાસી બોલી, "જેવો હુકમ! પરંતુ આપ શું પહેરશો?"

ગોદાવરીએ કહ્યું, "શું શાડી નથી? મને એક શાડી અને હોઢણી મળ્યાથીજ ચાલશે?"

દાસીએ પોશાકની પેટી ઉઘાડીને તેમાંથી ભાત ભાતના રંગના, નાના પ્રકારની કારીગરીના નાના પ્રકારની શાડી તથા હોઢણી કાઢવા લાગી. ગોદાવરીએ તેમાંથી એક સાદો શાલુ અને એક શોનેરી કામની હોઢણી પસંદ કરી.

નાહીને તે વસ્ત્ર પહેરીને ગોદાવરી કોમળ ગાદી ઉપર થાકને લીધે તકીએ ટેકીને બેઠી છે. સખીઓ કોઈ તેના વાળ સુકાવે છે; કોઈ પંખો નાખે છે,

કોઈ પગ ઉપર મેંદી મૂકે છે; કોઈ અતર ચોપડે છે; વળી એ જણીઓ ઘરેણાંના ડબામાંથી અલંકાર કાઢી કાઢીને તેને દેખાડે છે. પુષ્કળ જાતના અલંકારો છે! તેની કેવી આશ્ચર્યકારક કારીગરી, કેવી અપૂર્વ શોભા! સોના, મોતી, હીરા, પાના, ચુની, પોખરાજ, ફિરોજ વગેરે મણિ રત્નનું એકત્રીભુત ચલકાટ આંખ સહન કરી શકતી નથી. વિશેષ કરીને હીરાનાં ઘરેણાંની કેવી મનોહર દીપ્તિ છે! જ્યારે દાસી શતદલ હીરાનો હાર, તથા છાયાપથના પ્રમાણે પુષ્કળ જડેલા તારાના પ્રભાવાળા હીરાનો મુકુટ તેની સામે રાખ્યો, સેંકડો સૂર્ય રશ્મિના તરંગો તેમાં રમી ઉઠયા, ગોદાવરીની આંખ તે જ્યોતિથી અંજાઇ ગઇ.

ગોદાવરીએ વીરમગામના રાજમહેલમાં રત્નાલંકાર દીઠાં હતાં ખરા, પણ આવા મણિરત્નની અનુપમ કાંતિ કદીપણ જોઈ નહોતી. બાલિકાએ તે અલંકારોમાંથી વિશુદ્ધ હીરાના ઘરેણાં વીણી લીધા. પોતે શણગાર સજીને પાછી પેલા આયના મહેલમાં આવી. શહાજાદો અહમદખાં તેને મળવા માટે આતુર થઇ રહયો હતો; અહિં આવીને તેને ખબર

કહાવી મોકલી કે તે પધારે. આયનામાં ગોદાવરીની સુસજ્જિત શાલંકૃત મૂર્તિ પ્રતિબિંબિત થઈ, ગોદાવરી પોતે પોતાને ઓલખી શકી નહિ; આ શું ભુવન-મોહિની રૂપ! પરંતુ આ રૂપ કોણ જોશે? કોને માટે આટલો શણગાર સજ્યો છે! ધીરે ધીરે ગોદાવરીની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં!

હાય! સુખ ક્યાં છે? અજયસિંહ જ્યારે પોતાનો થયો નહિ, ત્યારે ધનમાં ઐશ્વર્યમાં સત્તામાં તેને સુખ ક્યાં છે! સુખ શેમાં છે? તે કેવળ ઐશ્વર્યના લોભમાં પોતે વેચાઇને દેહ વેચીને પોતાનું સન્માન પણ લોપ કર્યું છે. આ શું તેનો બદલો? એ કોના તરફ બદલો" બીજાને મારવા જતાં તેણે પોતાની હત્યા કરી છે!! તે હમણાં પિશાચી પ્રેત છે, તેનું ખરે ખરૂ અસ્તિત્વ પણ હમણાં લોપ પામ્યું છે. આ વિરૂપ વિકૃત અસ્તિત્વ લઇને તેના સંગાવહાલાંની પાસે જવાને પણ તે સાહસી થઈ ન હતી. તે હમણાં મુસલમાની પત્ની છે! ગોદાવરીની યાદદાસ્ત પણ હમણાં તેને ધિક્કાર ઉત્પન્ન કરશે. વળી અજયસિંહ પણ હાલ શો વિચાર કરતો હશે? પહેલાં તે તેની ચહાવાની વસ્તુ ન હો પણ સન્મા-

-ની વસ્તુ તો હતી ! પરંતુ હમણાં ? હાય હાય ! એના કરતાં આખી ઉમ્મર સુધી શા માટે સંન્યાસીનિ રહી નહિ ?"

તેની ઉગ્ર કઠોર પ્રકૃતિ કોમળ પ્રેમોત્થિત અનુતાપમાં લીન થઈ પડી. એક દાસીએ કહ્યું, "શાહજાદા સાહેબ આવવા ચાહે છે—શું તેમને ખબર આપું ?" ગોદાવરી બોલી, " આવવા કહો, હું થોડીવાર પછી તેમની જોડે મળવા આવું છું." આમ બોલીને ગોદાવરી ત્યાંથી ગઈ. બીજા ઓરડામાં જઇને એક દાસીને કહ્યું, "મારૂં ઉતારેલું લુગડું કયાં છે ? તે લાવ." આવું કહીને ગોદાવરી પોતાનો શણગાર ઉતારવા લાગી. દાસી અવાક થઇને બોલી, " બેગમ સાહેબ, શાહજાદા સાહેબ શું કહેશે ? ગોદાવરી ગુસ્સે થઇને બોલી, "તેનો વિચાર તારે કરવાનો નથી, તું જલદીથી લુગડું લાવ." ગોદાવરીએ પહેલાનો પોશાક પહરીને આયના મહેલમાં આવીને જોયું, અહમદખાં તેને માટે રાહ જોતો બેઠો છે. ગોદાવરીનો આ વેશ જોઇ આશ્ચર્ય પામીને તે બોલ્યો, "આ શું ? હજી પણ આ પોશાક પહેરી રાખ્યો છે ! ગુજરેશ્વરીના લાયક આ પોશાક નથી !"

ગોદાવરી બોલી, "હજી ગુર્જરેશ્વરી થઇ નથી. જ્યાં સુધી આપ તખ્ત ઉપર નહિ બેશો ત્યાં સુધી હું આજ પોશાક ધારણ કરીશ."

અહમદખાં તેના દૃઢ સ્વરથી શુનું શું ધારીને બોલ્યો," પ્રિયતમે તમારે માટે મેં ધન સંપદ પ્રાણ મન બધુ હવાલે કર્યું છે તેમાં વળી આવું કહો છો!" આવું કહીને તેની પાસે આવવા લાગ્યો. ગોદાવરી જરા હઠીને ઉભી રહીને બોલી, "જાંહાપના! મને અડકશો ના, મેં સાગન ખાધા છે કે જ્યાં સુધી તમે ગાદી ઉપર બેસશો નહિ ત્યાં સુધી"–

અહમદખાં સ્તંભિત થઇને ઉભો રહ્યો. તેની આંખમાં ક્રોધાગ્નિ સળગી ઉઠ્યો. તેને વાક્ય પૂરૂ ન કરાવતા એકદમ બોલી ઉઠયો, " તમે મારી સ્ત્રી છો–મારી સંપત્તિ છો, તમારા હુકમથી હું કામ કરીશ નહિ, તમારે મારા હુકમ પ્રમાણે ચાલવું જોઇએ!" ગોદાવરીની આંખમાંથી પણ ક્રોધાગ્નિ નીકળ્યો. તે દૃઢ અવાજથી બોલી, "ત્યારે હું આપની પત્ની નથી. મને છોડવાનો હુકમ આપો, હું બીજે સ્થળે જાઉં."

આ વખતે દાસી આવીને બોલી, "જાંહાપના, કુતુબ સાહેબ આપને અગત્યના કામને માટે બોલાવે

છે. અને કહાવી મોકલ્યું છે કે જો જલદી નહિ આવો તો મોટી આફતમાં પડશો ! બહાર આવીને કુતુબના મોંથી પોતાના દાદા મુજફ્ફરશાહના મરવાના સમાચાર સાંભળ્યા અને બીજું એ પણ સાંભળ્યું કે આસપાસ બખેડા થયો છે. બખેડા શાંત નહિ કર્યાથી રાજ્ય હાથમાં રહેવાનું નથી. તેથી જલદીથી લશ્કર લઇને સરદારો અમીર ઉમરાઓને શાંત કરવાને જવું જોઇએ. આવી હકીકત કુતુબને મોંએ સાંભળીને એકદમ પાછો મહેલમાં જઇને ગોદાવરીને કહ્યું, " હું હમણાં ગુજરાતનો બાદશાહ થયો છે, આજે બાદશાહ મરણ પામ્યા. હું હમણાં બખેડા શાંત કરવાને જાઉં છું, તમે ખુશીથી રહો. થોડા દિવસમાં હું પાછો આવીશ." આવું કહીને અહમદશાહ ત્યાંથી ચાલ્યો.

પ્રકરણ ૧૭ મું.

વીરમગામમાં જમનાનો વર ભાટ ચારણની વાતો કરવામાં કુશળ હતો. તે જ્યારે વાતો કરતાં

ત્યારે સાંભળનારાઓની બહુ ભીડ મચેલી હતી. તેનું નામ ભગવાન હતું. ભગવાન ભાટ એક દહાડો પોતાના ઘરના આગણામાં બેસીને ગાતો હતો ત્યાં પુષ્કળ માણસો ભેગા થયાં હતાં. ભગવાનનું ગાયન પૂરૂ થતાંજ એક સ્ત્રી આવીને બોલી, "રામ રામ, તમારૂં ગાયન બહુ સારૂં હતું ! તમે ઘણુંજ મઝાનું ગાઓ છો."

ભગવાન સ્તબ્ધ થઇ ગયો, આ કોઇ વનદેવી આવીને તેના કાનમાં પ્રશંસા વચન રેડે છે ? તેને મૂંગો જોઇને સ્ત્રીએ કહ્યું, "શા માટે અટકયા ? બીજું એક ગાયન ગાઓ." તે આનંદોપ્લુત થઇને ધીરે ધીરે એક બે વાર ગળું સાફ કરી બોલ્યો, "ગાવું છું-પરંતુ શું ગાવું ?"

સ્ત્રી બોલી, "શું ગાવું ? વળી એક વિરહનું ગીત ગાઓ; ભગવાન ભાટના છપા મને બહુ ગમે છે; પહેલું જે ગાયું હતું તે શું તેનું નથી ?"

ભગવાન ભાટે સંગીત વિદ્યાનું સાર્થક થયલું જાણ્યું, જીવન ધન્ય સમજ્યો, તે આનંદ છુપાવી ન રાખતાં બોલ્યો, "હુંજ ભગવાન ભાટ છું."

ગોદાવરીએ તેને પહેલાંથી ઓળખ્યો હતો. આઠ દશ વર્ષમાં તે તેની પાસે વિશેષ ફેરફારવાળો થયો નહોતો, પરંતુ ગોદાવરી સંપૂર્ણ બદલાઇ ગઈ હતી. ગોદાવરી બોલી, "આપ ભગવાનભાટ છો કે? આપના ગાયનની પ્રશંસા હું સાંભળતી આવી છું, આજે આંખ કાનનો ઝંગડો ભંજન થયો; મારૂં મોટું સૌભાગ્ય કે આપનું દર્શન થયું! બીજું એક ગાયન સંભળાવો."

ભગવાનભાટે ગાવાનો આરંભ કર્યો.

ભગવાનભાટ તાનમાન આપીને ઘણીવાર સુધી ગાયન ગાવા લાગ્યો. ગોદાવરી પાસે ઉભી રહીને સ્તબ્ધ અનિમેષ નેત્રથી તે સાંભળવા લાગી.

સાંઝ થઇ રહેવા આવી છે; મેઘના ચિન્હ નથી; સ્વચ્છ સફેદ શારદગગનમાં ચંદ્રમા ઉગ્યો છે, ઝાડની નીચે છાયામાં જ્યોત્સ્ના મ્લાન ભાવથી કંપાયમાન થઈ રહી છે-વળી સુસ્વર સંગીત લહરી કાંપતી ચાંદણીને સ્તંભિત કરીને ઉપર જાય છે. એકદમ ગાયન પૂરૂં કરીને ભગવાનભાટે પૂછ્યું, "તમે કોણ છો દેવિ?" આ પૂછવું ભગવાનભાટ ભૂલી ગયો હતો,-ગોદાવરી જરા હસીને બોલી, "પોશાક જોઇને સમજી શકતા નથી? હું ભિખારણ છૂં."

ભગવાનલાલે સારંગ નીચે મૂકીને પ્રણામ કરતાં કહ્યું, "અમને ઠગો છો ! તમે પાસેના વનની અધિષ્ઠાની દેવી છો !" ભગાનલાલ પ્રણામ કરવા જાય છે તેટલામાં ગોદાવરીએ વ્યાકુલતા દેખાડીને તેને રોકયો, "મને પાપમાં મગ્ન કરશો નહિ, હું રજપુતની કન્યા છું, મારૂં કોઇ નથી, હું ખરેખર ભિખારણ છું."

બ્રાહ્મણ આશ્ચર્ય પામીને બોલ્યો, "ભિખારણ ! આવી ભિખારણ તો મેં કદી દીઠી નથી !"

ગોદાવરી એકદમ બોલી; "આ ગાયન પણ શું આપનું છે ?

આ ગાયન મેં એક ભિખારણને મોંએ સાંભળ્યું હતુ."

ભગવાનલાલે કહ્યું, "હા, એ મારૂંજ છે બહેન, તમે આટલા ગાયનો સાંભળવા ચાહો છો તો શું તમે ગાઈ શકો છો ?"

ગોદાવરી બોલી, "હા હું ભિખ માંગીને ખાવું છું, ને થોડુંક ગાવું છું ખરી."

ભગવાનલાલે આગ્રહથી કહ્યું, "એક ગાયન શું

સંભળાવશો નહિ ? હું તમારા બાપના જેવો છું, મારી પાસે ગાવામાં શરમ રાખતા નહિ."

ગોદાવરી જરા હસીને બોલી, "તે ખરૂં છે, પરંતુ આપના જેવા ગાયન ગાનારની પાસે મારે ગાવું એ ધૃષ્ટતા માત્ર કહેવાય, તોપણ આ કહો છો તો હું ગાઉં છું–"

ગોદાવરીએ આસ્તે આસ્તે આરંભ કરીને પછી ગળું ખોળીને ગાયું.

પોતાનું ગાયન બીજાના મોંથી સુસ્વર સાથે સારા લયથી સાંભળાતું હોય તો કેવો આનંદ થાય છે. જે કવિ છે તેજ તે વિશે જાણવાને સમર્થ થાય છે. ગોદાવરીના મોંએથી ગાયન સાંભળીને ભગવાનલાલનું હૃદય રસ ચંદ્રિકા પ્લાવિત સાગરના પ્રમાણે ઉછળી પડયું.

ભગવાનલાલ ગદગદ કંઠથી બોલ્યો,–"બહેન હું તમારે માટે શું કરૂં ?"

આ સ્પષ્ટ ભાષાનો અર્થ ગોદાવરી સમજીને બોલી, "હું ભિખારણ છું, મારે માટે આપ શું કરશો ? એક કામ કરી શકો છો, હું એકવાર રાજા રાણીને મળવા ચાહું છું. હું તેમની પાસે ગાવા ઈચ્છું છું."

ભગવાનલાલ વિચાર કરીને બોલ્યો, "મહારાણીનો હુકમ છે કે કોઇ સંન્યાસિની ભિખારણ રાજાની પાસે જવા ન પામે. તેથી હું શું કરૂં ?"

ગોદાવરીએ કહ્યું, "હું રાણીને મળવા ચાહું છું. તેમાં તેને કંઇ વાંધો નહિ હશે. જો તમે ધારો તો મને મેળવી શકશો એવી હું આશા રાખું છું."

ભગવાનલાલ બોલ્યો, "ઠીક છે, કંઇ ચિંતા નહિ. મારી સ્ત્રીને કહ્યાથી તે બધું નક્કી કરશે, તમે મારી જોડે ઘરમાં ચાલો."

પ્રકરણ ૧૮ મો.

રાણીની જોડે મુલાકાત કરવાને માટે ગોદાવરી મૂળથી આતુર નહોતી, પરંતુ મનમાં પાપ રહેવાથીજ બહારથી જેટલો સંકોચ થતો હતો. કોણ જાણે ફક્ત રાજાની જોડે મળવાનું કહ્યાથી ભગવાનલાલ જો કોઈ રીતે શંદેહ આણે, તેથી તેણે રાજાનું નામ કરવા જતાં રાણીનું પણ નામ લીધું.

દીવાથી પ્રકાશ પામતા એક ઓરડામાં ખાટલા ઉપર એક વર્ષનો બાળક સુતો છે, અજયસિંહ એ

ખાટલા ઉપર એક મોટા તકીયાને ટેકાને માથા ઉપર હાથ મૂકીને બાળકની તરફ જુએ છે વખતો વખત તેના નિદ્રિત હોઠપર ચુંબન કરે છે. ગંગાબા નીચે પગ રાખીને રાજાના માથાની પાસે બેસીને તેના ગાઢા વાળમાં નાની નાની આંગળીઓ સસ્નેહથી સંચાલિત કરતી કરતી તેને સત્સુકયથી નાના પ્રકારના વાતો પૂછે છે. જમના ભિખારણને એ વખતે ઓરડાની પાસે લાવીને બોલી, "તમે ઉભા રહો હું ખબર કહીને આવું છું." આવું કહીને જમના ઓરડામાં ગઇ. ગોદાવરી બારણાની પાસેથી જરા ખસીને ઉભી રહી. અજયસિંહને પહેલ વહેલી રાણીની સાથે બેઠેલો જોયો તેને એક છોકરો થયો છે, તે તેણે પહેલા જાણ્યું. ગંગા કેવી સુખ શાંતિના ખોળામાં રહેલી છે! તેનું કેવું સૌભાગ્ય છે! સ્વામીના લાડમાં, પુત્રના સ્નેહમાં, સમાજના વિશુદ્ધ શ્રદ્ધામાં તેનું જીવન આનંદ સ્વપ્નામાં ચાલ્યું જાય છે! ગોદાવરીનો પ્રેમ વિનાનું, સુખ વગરનું શાંતિ વિનાનું હૃદય દુઃસ્વપ્ન પૂર્ણ ભીષણ તરંગમાં પીડિત છે, નિરાશ જીવનની સાથે એનો કેવો પ્રભેદ છે! ભગવાને શા અપરાધથી તેની આવી ખરાબ દશા કરી?

જ્વલંત ઈર્ષાથી ગોદાવરીના હૃદયમાં ચિંતા વહ્નિ બળી ઉઠયો. જમનાએ આવીને જોયું કે ગોદાવરી ઓરડાના દરવાજાથી છેટે ઉભી છે. તેણે ઓરડામાં આવવાને કહ્યું, ગોદાવરીએ કહ્યું, "રાજાને અહિં બોલાવો, મારે જે કહેવાનું છે તે બીજાની સામે કહીશ નહિ." જમના પાછી ઓરડામાં ગઇ; થોડીવારે રાજા પોતે તેની પાસે આવીને બોલ્યા "મેં સાંભળ્યું છે કે કંઇ જરૂરની છુપી ખબર આપવા માટે તમે આવ્યા છો. અહિં કોઇ નથી, બોલો."

ગોદાવરીએ પોતાનો અવાજ જરા ફેરવીને ધીરે ધીરે કહ્યું "અહિં તળાવને કાંઠે પધારો." આવું કહીને રાજાની જવાબની રાહ ન જોતાં તેણે ચાલવા માંડયું. રાજા પણ ચુપ ચુપ તેની પછવાડે પછવાડે ચાલ્યો. ગોદાવરી તળાવને કિનારે આવીને માથા ઉપરનો છેડો કાઢીને ચંદ્રમાની તરફ મોં ફેરવીને ઉભી રહી. જો એકદમ ચંદ્રમા આકાશમાંથી પડીને તેની સામે જમીન ઉપર ટુકડે ટુકડા થઇ જાત, તો તેથી અજયસિંહ જેટલો જોઇએ તેટલો આશ્ચર્ય પામત નહિ. તે મુગ્ધ ચિત્રાર્પિતના જેવો ગઇ ગયો.

ઘડીવારે શુદ્ધી આવ્યાથી તે એકદમ જરા ખસીને ઊભા રહીને ધિક્કારવાવાળા ગંભીર અવાજથી બોલ્યો "યવની શા માટે તમે અહિં આવ્યા છો ?"

ગોદાવરીનું માથું ભમવા લાગ્યું ખરે ખર શું તે યવની છે! કંઇ હિંમતથી પાછી અજયસિંહની પાસે આવી ? ગોદાવરીએ ઘણા કષ્ટો સહન કર્યા હતાં તેથીજ તે અસહ્ય ધિક્કારથી કચરાઇને પણ સીધી ઉભી રહીને બોલી, "નામમાં માત્ર છું; હું તેની શય્યાભાગિની થઇ નથી. મારૂં હૃદય અકલં-કિત ભાવથી હજી તમારૂં છે. જો તમે મારી રક્ષન ન કરો તો મારી આ વિશુદ્ધતા નષ્ટ થવાનીજ. તમે કબુલ નહિ કર્યાથી મને પાપાનલમાં કુદકો માર્યા વિના બીજો ઉપાય નથી."

તે દહાડે રાજા બાળકના પ્રમાણે પ્રેમિકના પ્રમાણે ગોદાવરીને જોઇને આત્માહારી, વિહ્વલ થયો હતો. તેની તે દહાડાની વાત ન્યાયાન્યાય બોધ રહિતા મુગ્ધ, આત્મ વિલુપ્ત, પ્રેમમય હૃદયની વાત હતી; પરંતુ આજે તે પ્રશાંત ગંભીર અપક્ષપાતી કઠોર છે ન્યાયાધિશ થઇને બોલ્યો, "તે દિવસ હવે ગયો છે. તમે યવન ઘરમાં વાસ કર્યો છે, શી રીતે તમે મારી

પત્ની થશો ? થનારૂં તે ઉલટાવી શકતું, ને કર્મને ખંડિત કરવાં એ મારી શક્તિથી બહાર છે, દહાડે હું તમને મારી કરી શકત; પરંતુ તે વેળાએ તમે ચાલ્યાં ગયાં હતાં, બીજે દહાડે તમારી તપાસ કરતાં મેં જાણ્યું કે તમે અહમદખાંનની બેગમ થયાં છો."

ગોદાવરીએ પૂછ્યું, "ખરેખર શું તમે મને પરણવાની ઇચ્છા રાખી હતી. મહારાણીની ના છતાં પણ ?"

રાજાએ જવાબ આપ્યો, "હા"

ગોદાવરીએ જોયું, પોતાના પગમાં પોતેજ કુહાડી મારી છે. બદલો લેવાને આતુર, ક્રોધ પરવશ-જ્ઞાન ગુમાવેલી, પોતે પોતાને ભૂલીને સુખાં આશ્રય ત્યાગીને દુઃખના તરંગમાં કુદી પડી છે. કોણ હવે તેને ઉદ્ધારશે ? જો રાજા તેને ઉપાડવા જાય તો તે પોતે પણ નીચે ડૂબશે ! તેની રક્ષા કરવી એ તેના કર્માભિશાપને ખંડન કરવા જેવું છે એને હમણાં દેવતાઓને પણ સાધ્ય નથી. ગોદાવરી પોતાની દુરવસ્થા સારી રીતે સમજીને યંત્રણાથી વ્યાકુલ થઇને બોલી, "ત્યારે શું મારો કંઇપણ ઉપાય નથી ?"

રાજાએ કહ્યું, "જે ઉપાય તેં પોતે અવળંબન કર્યો છે તેજ છે. જેની જોડે લગ્ન કર્યું છે તેની પાસ જા, સ્વામીજ સ્ત્રીઓનો એકમાત્ર અવલંબન છે."

રાજાને મોંએ—જેને માટે તે સુખ-શાંતિ—એટલુંજ નહિ ધર્મહીન-તેના મોંએ આ સખ્ત નિર્દય ઉપલા વાક્ય સાંઘાતિકથી પણ વધારે સાંઘાતિક! તે દહાડે જે ગર્વથી તેણે રાજકુમારને ત્યાગ્યો હતો. આજના ઊંડા નિરામય દુઃખના કિનારા વગરની અવસ્થામાં જે ગર્વ બાકી રહયો હતો તેપણ રહયો નહિ! તેનું બધું ગયું હતું તોપણ આત્મગર્વ, આત્મગૌરવના જોરથી સર્વસ્વાંત થઇને પણ તે નીચી થઈ નહિ. પરંતુ તુફાનવાળી રાતે દિશાથી ભૂલાતા ખારવાએ આજે સામાન્ય હોકાયંત્ર પણ ગુમાવ્યું છે, તે ગર્વીષ્ઠવાળી રોતી રોતી કહેવા લાગી, "જેને હું ચહાતી નથી, જેને હૃદય આપી શકતી નથી, તેનો શા રીતે સહવાસ કરૂં? રાજકુમાર મને આટલા ખરાબ કામને માટે ફરજ પાડશો નહિ. મારી જોડે લગ્ન કરી ન શકો તો મને આશ્રય આપો. જેને હું ચાહું છું તેની હું રાખેલી થઇ શકું છું, પરંતુ જેને હું ચાહતી નથી તેની

શા રીતે પત્ની થાઉં ! રાજકુમાર, સમાજ ગમે તે કહે, ભગવાનની આંખમાં તમે પતિત થનારા નથી, તેમ ધર્મ ભ્રષ્ટ થનાર નથી, મને આશ્રય આપો, મારો ત્યાગ કરશો નહિ."

ગોદાવરીની આ હૃદયમાંથી ઉઠતાં દયાના વચનથી અજયસિંહ હવે શું કરવું તેના વિચારમાં દિગમૂઢ જેવો થઇને મુગો રહ્યો. થોડીવાર પછી તે પોતાને સાવચેત કરીને બોલ્યો, " સાંભળ ગોદાવરી, ગમે એટલી તમે ઇચ્છા રાખો તોપણ હું તમને આશ્રય આપી શકતો નથી. જીવ કાઢશો તોપણ હું તમને મારી પોતાની કરી શકીશ નહિ, કેમકે તે કરવું અકર્તવ્ય છે, અન્યાય, પાપાચરણ છે. તમે હમણાં બીજાની જોડે વિવાહ કર્યો છે, બીજાની પત્ની છો. હુ જો હમણાં તમારાં સ્વામીથી તમને છુટી પાડીને આશ્રય આપું તો તમારો પણ ધર્મ નાશ પામે અને મારો પણ ધર્મ જાય, જે પ્રેમ ધર્મના પ્રતિકૂલ છે તે અપવિત્ર છે તે ત્યાગવા જેવો છે?–તમે ખુશીથી તેની જોડે લગ્ન કર્યું છે,–તમને તેણે બળ જોરીથી વિવાહ કરવાની ફરજ પાડી નથી; તેથી હું શી રીતે વિવાહિત સ્વામીનો અધિ-

કાર હરણુ કરૂં ! સ્વામીજ સ્ત્રીઓનો ગુરૂ, દેવતા છે. જેને સ્વામી રૂપે પસંદ કર્યો છે, એકાગ્ર મનથી હવે તેનેજ આત્મ સમર્પણ કરો. તમારી શુભ ઇચ્છામાં, ધર્મ સંકલ્પમાં ભગવાન બળ આપશે !"

ગોદાવરીથી હવે ખમાયું નહિ. રાજાનો ઉપદેશ, તેનો મંગળ ભાવ તેણે કંઇપણ સ્વીકાર્યો નહિ. તેના દરેક એણે પ્રેમહીન કઠોર વજ્રદંડથી તેના હૃદયનેજ માત્ર જખમી કર્યું. જખમી થયલાં લોહી લુહાણુ હૃદયમાં પાછી તેની અપમાનવ્યથા જાગ્રત થઇ. રાજા તેના પ્રેમમય આત્મ-વિસર્જનની કિંમત ન ગણુકારતાં તે ધિક્કારવા યોગ્ય અસાર વસ્તુના પ્રમાણે તુચ્છકારી કાઢી તેને હૃદયમાં ટોચ્યું. સ્ત્રીઓ બધું ખમી શકે છે કેવળ આ સહન થઇ શકતું નથી. પહેલાનો ગર્વ એકદમ પાછો મેળવીને રોવા શિવાય ગંભીર ભાવથી બોલી, "અજયસિંહ, હું કુલટા નથી. આત્મ સંમાન સતીત્વ સાચવવાને માટેજ હું તમરો આશ્રય લેવા આવી હતી, તમારી પાસે દેહ વેચવાની ખાતર હું આવી નહોતી પરંતુ જ્યારે સંસાર તે સંમાન રાખવા ચહાતો નથી, સમાજ સંમાનજ જ્યારે તે મારી વહાલી વસ્તુ છે, ત્યારે તેમજ થાઓ,

હૃદય ધર્મ ત્યાગીને સમાજ ધર્મ પાળીનેજ હું ચાલીશ! એમાં જો પાપ હોય તો તે પાપ મારૂં નથી; એ પાપ કરવાની મને જેણે ફરજ પાડી છે—એ પાપ તેનુંજ."

આટલું બોલીને પહેલાના તે દહાડાની પેઠે તુફાનની હવાના વેગથી ગોદાવરી ત્યાંથી જતી રહી. રાજા ઘણીવાર સુધી એકલો તે જ્યોત્સ્નાં દીપ્ત તળાવને કાંઠે ઉભો રહયો.

× × × ×

અહમદશાહ લડાઇમાં જય મેળવીને અથવા સરદાર ઉમરાવોને હરાવીને ગોદાવરીની પાસે આવીને તેણે જોયું, ગોદાવરીએ પેલી સંન્યાસિનીનો વેશ ધારણ કર્યો નથી, મણિમુક્તા અલંકારોથી શણગારીને ગોદાવરીએ ગુજરેશ્વરીનું રૂપ ધારણ કર્યું છે. અહમદશાહ પાસે આવીને પગ નીચે મુકુટ મૂકીને બોલ્યો, "પ્રિયતમે, ગુજરાતનો મુકુટ આ તમારા પગ નીચે પડ્યો છે, હવે તમે મારૂં કહ્યું માનો."

ગોદાવરીએ તેના આલિંગનમાં પોતાને મૂકીને દગ્ધ હૃદયથી કહ્યું, "હું તમારી થઇ છું."

પ્રકરણ ૧૯ મું.

અહમદશાહ બળવાને શાંત કરીને પાટણમાં આવ્યો ખરો પણ તે બળવો ઉઠાવનારાઓમાંથી જે સર્વથી મોટો ઉપરી હતો, જેનાથીજ બળવો જાગ્યો હતો તે નાશી ગયો, તે પકડાયો નહિ, ખબર કાઢતા જણાયું કે સાહબુદીનને વીરમગામના રાજા અજયસિંહે આશ્રય આપ્યો છે, આ વાત છુપી હોવા છતાં પણ અહમદશાહના કાનમાં પહોંચી તેથી તેણે પોતાના મિત્ર કુતુબને તેનો પત્તો મેળવવાને માટે વીરમગામમાં મોકલ્યો. અજયસિંહ મોટી આફતમાં પડયો છે, શરણાગત મિત્રને મૃત્યુના હાથમાં સોપવો કે અહમદશાહની જોડે લઢવું, રાજ્યપાટની ધૂળધાણી થઇ જાય તો ભલે થઈ જાય; પણ સન્યાસિનીની સલાહ—લઢાઇ થાય તો છો થતી, અશ્રિતની રક્ષા કરવી, અન્યાય થતો અટકાવો એ રાજધર્મ છે. આ ધર્મ સાચવતાં જતાં બધું ચાલ્યું જાય તો તે ભલે.

અજયસિંહની માની આજ્ઞા તેનાથી ઉલટી હતી. તે કહેતી હતી કે સાહબુદીનને આશ્રય આપ્યાથી

ધર્મની રક્ષા થશે નહિ; ધર્મની હાનિ થશે. એક પ્રાણને માટે સેંકડો આશ્રિત પ્રજાના પ્રાણનાશ કરવા એ રાજાનું કર્તવ્ય નથી, આ પળે સાહબુદ્દીનને કુતુબના હાથમાં આપીને દેશની રક્ષા કરવી જોઇએ અજયસિંહના મનમાં આ વાત ઉતરી નહિ. તે વિચાર કરતો હતો કે "પહેલથી લાભ નુકશાનનું પરિમાણ નિર્દ્ધારણ, ફલાફલની ગણતરી કરીને કર્તવ્યની મીમાંસા કરવી એ શું ક્ષીણદૃષ્ટિ મનુષ્યને માટે સંભવ છે? તેમ થયાથી ન્યાય મહત્ત્વ ધર્મનું ખરી રીતે કોઈ કાર્યકારી અસ્તિત્વજ રહે નહિ. તેમ થયાથી જ્યાં દશ માણસ મળીને એકના ઉપર જુલમ કરે છે, ત્યાં બીજા પાંચ જોનારા નિશ્ચિંત ઉભા રહે, કેમકે પાંચ માણસો દસ માણસોની સાથે લઢે તો હાનિ તેઓનીજ થવાની તેવાં કંઇ શક નથી. મનુષ્યત્વ, મહત્વનો લાભ ઘણીક વખત અનિયમિત છે, અપ્રત્યક્ષ તેને માટે પ્રત્યક્ષ નુકશાનીના વિરૂદ્ધમાં ઉભા રહેવાય તો અન્યાય કાર્ય થઈ પડે છે. વળી એક બાજુએ જોયાથી આવા લાભાલાભનો વિચાર કરીને કામ કર્યાથી ન્યાયનું કામ પણ એકવારે અસંભવિત થઈ પડે

છે! કોઈ અપરાધની સજા થતી નથી. શારીતે થાય? એક અપરાધીને સજા આપીને તેની જોડે કેટલાક નિરપરાધી માણસને સજા થાય છે,—કષ્ટ આપવામાં આવે છે, તેની સંખ્યા કોણ નિરૂપણ કરે?

"માનવ સર્વજ્ઞ નથી. મંગળ નિયમ પાલનમાં મંગળ થાય છે એનો વિશ્વાસ કરીને તે કાર્ય કરી શકે છે પરંતુ ટૂંકામાં તે નિયમ પાળવાથી મંગળ થશે કે નહિ—અદૂરદર્શી મનુષ્યને તે સ્થિર સિદ્ધાંત કરીને કામ કરવું પડે તો તે કામ કરી શકાતું નથી. ઘણીક વખતે ન્યાયનો અન્યાય થાય છે—મંગળ નિયમ પાળવા જતાં અમંગળની ઉત્પત્તિ થાય છે ખરી, તથાપિ મનુષ્યનું કામ કરવાનો માર્ગ તેજ છે. તેને મૂળ ધરીને ડાળીઓપર ચઢાવવું જોઇએ, અતીતકાળ જોઇને ભવિષ્યત્કાળની વિવેચના કરવી જોઇએ, એક કાંટો દૂર કરવા જતાં સેંકડો શાખાને ઉચ્છેદ કરવા જોઇએ, એક ફળ બચાવવા જતાં સેંકડો પાત્રાનો નાશ કરવો જોઇએ; સેંકડો પ્રાણની જલાંજલિમાં ન્યાય મહત્વ રાખવું જોઇએ—આત્મપર, નાના મોટા નિર્વિઘ્ન ભેદથી

ન્યાય 'ધર્મ ઔદાર્ય, મહત્વનું સમાદર રાખવું જોઇએ. અસંપૂર્ણ દૃષ્ટિ માનવની કર્તવ્ય મીમાંસાનો એજ એક માત્ર ઉપાય . છે."

અજયસિંહની પકી ખાતરી થઇ હતી કે મેં શાહબુદીનને આશ્રય આપીને ન્યાયનું કામ કર્યું છે. તેથી લઢાઇ કરવામાં તેને દુ:ખ જણાતું નહોતું, અનુતાપ થતો નહોતો. શી રીતે આ ન્યાયની લઢાઇમાં તે ફતેહ મેળવે, આ અશાંતિમય જુલમ દબાવીને ફરી શાંતિ, ન્યાય પાછા આવે એજ કેવળ તેનો વિચારનો વિષય થયો.

ત્યારપછી પોતાના તાબેના સરદાર હોદ્દેદારોને એકઠાં કરીને વાદવિવાદ ચલાવ્યો. આખરે લઢાઇ કરવાનો નિશ્ચય કરીને જ્યારે રાતે અંતઃપુરમાં ગયો ત્યારે પણ તેનું મન વિચારમાં ભમતું હતું.

રાજાને જોઇને ગંગાબા બોલી, "સાસુજી ઘણાં ગુસ્સે થયા છે, શાહબુદીનને તમે આશ્રય આપવો એવી તેમની ઈચ્છા નથી."

રાજાએ પૂછયું, "તમારા મનમાં શું આવે છે-તેને આશ્રય આપીને મેં શું અન્યાય કર્યો છે?"

ગંગા બોલી, "અન્યાય કર્યો છે એ શું બોલો છો. તમારા જેવા પુરૂષો જો અસહાયને સહાયતા ન આપે, નિરાશ્રયને આશ્રય ન આપે, તો દુનિયમાં દુર્બલ આતુરની દશા શી થાય વારૂં ? તમે તમારૂં યોગ્ય કાજ કર્યું છે."

રાજાએ ગગાને ચુમ્બન કરીને કહ્યું, "આજ સ્ત્રીઓની વાત છે." ગંગાબા આ અનુમોદનના વચનથી રાજાને ખુશી થતો જોઇને તે આનંદ પૂર્ણ થઇ પડી, અને તે આનંદ છુપાડવા જતાં એકદમ બોલી, "એક નવી ખબર શું તમે સાંભળી છે ? પેલી ગોદાવરીને ખચીત યાદ હશે ? તે અહમદશાહની બેગમ થઇ છે."

રાજાએ કહ્યું "ખરેખર ?"

રાણી બોલ્યાં, "શું તમને માલમ નથી ? કુતુબના માણસોનાં મોંએ આપણા માણસોએ આવું સાંભળ્યું છે. વાત ખોટી હોવી સંભવતી નથી. હાય ધનના લોભથી યવની થઇ. ઓ મા રે !"

ગોદાવરીની તરફ આ ધિક્કારવાળા વચનથી રાજાનું હૃદય વ્યથિત થયું. એ વૃથા અપવાદ—ગોદાવરી ખરી રીતે હીન સ્ત્રી નથી; તેની આ દુર્દશા

કેવળ તેને ચાહીને, તેજ તેનું આવું ધિક્કારવાવાળું જીવન પકડવાનું કારણ છે, રાજાએ કહ્યું, "શાને માટે તે યવની થઈ છે તે તમે શા રીતે જાણ્યું? વળી મુસલમાન થયાથી તે શું માણસમાં નહિ રહે છે અને તે માણસ ધિક્કારને પામે છે। હિંદુ મુસલમાન બધા એક વિધાતાના છોકરાં છે—તમે શા, માટે ધારો છો કે તમે શ્રેષ્ટ છો અને તેઓ નિકૃષ્ટ છે?"

રાણી બોલી, "કોણ જાણે! હું મુસલમાનને ઘણી ધિક્કારૂં છું. સ્વર્ગ મારા હાથમાં આપે તો પણ હું મુસલમાની ધર્મ પકડનારી નથી.

રાજાએ કહ્યું. "એ ગેરવાજબી ધિક્કાર છે। તેમ જો છે તો યવનો હિંદુઓને ધિક્કારે છે તો તમે શા માટે તેમને દોષ આપો છો? હિંદુ જાતિનો ખરેખરો ગૌરવ તેઓની ઉદારતામાં છે, હિંદુ કહેવામાં જો તમને ગર્વ હોય તો બીજા કોઇને પણ ધિક્કારો નહિ. બધાને પોતાના જેવા જાણો."

રાજાનું કહેવું ખરૂં છે એવું તેને જણાયાથી ગંગાબા હાર ખાઈ, ખીશિયાણી પડીને બોલી, "ગમે તેમ હો, જો ગોદાવરી આવે તો હું તેની જોડે એક સમાનભાવે બલી શકીશ નહિ."

રાજાએ કહ્યું, "તે ગુજરેશ્વરી છે અને તમે સામાન્ય વીરમગામની રાણી છો. તેના તાબામાં સામંત પત્ની છે, તે જો તમારી જોડે સમાન ભાવે મળે તો તમારા ગૌરવની વાત કહેવાય."

ગંગાબાને મોટું દુઃખ થયું, ગોદાવરી તરફ રાજાનો તે સંમાન ભાવથી તે પોતે પોતાને ઘણી હલકી ગણવા લાગી. તેની પહેલાની જૂની વાત પાછી યાદ આવી. ખરેખર! ગંગા શું ગોદાવરીની અયોગ્ય છે! રાજાએ ગોદાવરીના ગળામાં ફૂલની માળા પહેરાવી હતી, તેને પહેરાવી નથી! "હૃદયમાં આઘાત અનુભવીને ગંગાબા મુખથી કેવળ આટલુંજ બોલી, એમ કે"

એવામાં બારણાં ઠોકવાનો અવાજ સંભળાયો.

જમનાએ જવાબ આપ્યો, "ભગવતી સંન્યાસિની મળવા આવ્યા છે."

રાજા સચકિતથી ઊઠીને બારણું ઉઘાડયું. સંન્યાસિની બોલી, "તમારી માએ કુતુબને સાહબુદીનનાં ઘરની ઇંધાણી આપી છે, સાહબુદીન આ વખતે કદાચ બંદીવાન થયો હશે– હમણાં જો કંઇ તદબીર કરી શકો તો કહો."

રાજાએ ગભરાતા કહ્યું, " આપ શહેરના કોટવાળને કહો કે લશ્કર લઇને જલદીથી મારી મદદે આવે, હું તેટલીવારમાં મહેલના સિપાઇઓને એકઠા કરીને જાઉં છું."

રાજા ઝડપથી ચાલ્યો દરવાજાપર જેટલા સિપાઇઓ જોયા તેટલાઓને પોતાની જોડે લઇને ચાલ્યો. તેઓ કુતુબના લશ્કરની ગતિ રોકવા ઉભા રહ્યા. તે વેળાએ બીજા સિપાઇઓ આવવાને સામેલ થશે ત્યાયેતેજ જીવની દરકાર ન રાખતાં અસીમ સાહસથી કેટલા સિપાઇઓ માત્ર પોતાની જોડે લઇને કુતુબના ઘણા સિપાઇઓમાં આવી પડયો. પરંતુ તેથી સાહબુદીનનો ઉદ્ધાર કરી શકયો નહિ, કેવળ તે અંધારી રાતે કુતુબના સૈન્ય વ્યુહમાં, અભિમન્યુના પ્રમાણે અજયસિંહને તરત કેદી થવું પડયું.

પ્રકરણ ૨૦ મું.

અમદાવાદના રાજમહેલમાં ગોદાવરીનો મુકામ ન હોતો, તે જુદી કિનારાપરના એક વાડીના મકાનમાં

ૂદી રહેતી હતી. બીજી બંગમોની સાથે તેને કંઇ
બંધ ન હોતો. બગીચામાં ફૂવારા ઉડે છે, ફૂલની
ળીઓ ખીલે છે પદ્મપત્રથી શોભતો લાંબો પહોળો
ાણીનો પાટ બગીચામાં સાપના જેવો જાય છે.
વળી એટલુંજ નહિ પણ મુસલમાન બાદશાહનું
આ પ્રમાદ નિકેતન ઘણું કરીને હિંદુરૂચિ હિંદુભા-
વાળું છે. બગીચામાં ઠેકઠેકાણે હિંદુની દેવદવીની
થ્થરની મૂર્તિ છે. કોઇ જગાએ સુસજ્જિતા રાધિકા
, કોઈ જગાએ મોરપિછા ધારી કૃષ્ણ છે, કોઈ
ઠેકાણે વીણાપાણિ સરસ્તી છે, કોઇ ઠેકાણે પદ્માસન
લક્ષ્મી છે, કોઇ જગાએ વલ્કલ પહેરેલા હરણની
ાસે હાથમાં માટીનું વાસણ ઝાલીને શકુન્તલા
ભી છે, કોઇ ઠેકાણે રત્નાવળી ઉદયન રાજાને જો-
ને લજ્જાથી નીચું માથું ઘાલીને ઉભી છે.

રૂપેરી રાત થઇ છે. બગીચામાં પૂર્ણભાગા
ાંદરણુ પસારીને આનંદ સંગીત ગાતો ગાતો જાય
છે. ફુવારાનો ઝર ઝર તાન અને વાયુએ આંદોલન
રેલો વૃક્ષાવળીનો મદુરવ નદીના તે દુમધુર
લ્લોલમાં ભલીને સંધ્યાકાનનને સુમધુર સંગીતમય
રી મૂકે છે. કાનનના તે મધુર ગીતોચ્છવાસ એકદમ

સ્તબ્ધ કરીને ગોદાવરીએ ઉગ્ર કઠોર અવાજથી કહ્યું, "આ મેં શું સાંભળ્યું ? સાહબુદીનને ફાંસીએ લટકાવવા માટે તેને ઝાલવાને માણુસો મોકલ્યા છે ! છિ છિ આવા નિર્દયની જોડે મેં લગ્ન કર્યું !"

અહમદશાહ આ બાગમાં આવીને કોઇ વખતે તરત ગોદાવરીને મળી શક્તો હતો, કોઇ વખતે ઘણી વાર બોલાવ્યાથી ગોદાવરી આ બાગમાં આવતી હતી–કોઇ દહાડો તેને વખત નથી એવું કહાવી મોકલતી હતી. તે હાલ કન્ય ને લઇને રહેતી હતી. આજે અહમદશાહ તેને અહિં જોઇને આશ્ચર્ય પામ્યો. પરંતુ તેના વચનો સાંભળીને સમજ્યો કે આજે બેગમ પ્રેમની વાતચીત કરવાને માટે અહિં રાહ જોતી નથી.

તે ગોદાવરીની પાસેના સંગમરમરના પાટ ઉપર તેના કહેવાનો જવાબ આપવા લાગ્યો, "તમારાથી પણુ નિર્દય ! પ્રિયે, હૃદય મન પ્રાણુ બધું તમારે હવાલે કર્યા છતા પણુ હું તમારૂં મન પામ્યો નહિ. હું મારા દુશ્મનનો જીવ લેઉં છું, તેથી નિર્દય કહો છો–પરંતુ–"

અહમદશાહની પાસેથી જુલમ ખમી શકે છે પરંતુ તેની પ્રેમની વાતચીત તેનાથી ખમાતી નથી! ગોદાવરી સ્વામીના પ્રેમનું ભાષણ કઠોર ભર્ત્સનાથી બંધ કરવાને માટે બોલી, " એ નિર્દય પણ નથી! કદાચ તમારી યવન ભાષામાં અને વીરત્વ કહેતા હશે અપરાધ વિના ઘણા માણસોના જાન લીધા તે છતાં એક ઉમરાવનો પ્રાણ લીધા વિના તમને ચેન પડતું નથી."

અહમદશાહ બોલ્યો, " તમારા હિંદુવીરોમાંથી કોઇએ પણ તમારા જેવા રત્નનો ભાવ પૂછયો નહિં કોઈ પુરૂષત્વ જો તમને મેળવી શકે તોજ હું પુરુષાર્થ સમજું

ગોદાવરીને વખતો વખત આવી રીતે કમળની વ્યથા આપવામાં અહમદશાહને સારૂં લાગતું હતું. તેની ગર્વિત તિરસ્કારવાળા ભાવનો આજ માત્ર બદલો લેતો હતો.

ગુસ્સાથી ગોદાવરીની ગૌર મૂર્ત્તિ લાલ થઇ ગઇ. તે પુરાતન અપમાનની સાથે નવો અપમાન મેળવીને તેનું આખું શરીર બળવા માંડયુ. ગોદાવરી તેનો કંઇ પણ જવાબ આપી શકી નહિ, કેવળ

ગુસ્સો નિરૂપાય માણસના અંતરમાંથી નીકળતો ભયાનક શાપ અજયસિંહના ઉપર વર્ષવા લાગ્યો. અજયસિંહેજ તેની આ સ્થિતિ કરી છે!

સામે ફુવારાનું પાણી રજતોચ્છ્વાસમાં પડીને નીચે પડે છે, હોજમાં તારા ખીલ્યા છે, ચંદ્ર તણાય છે, ગોદાવરીએ દાંત પીસીને ભ્રકુટી ચઢાવીને લાલ આંખથી તેની તરફ જોઇને હાથની પાસેના ઝાડના ફલોને તોડવા લાગી. અહમદશાહ ગોદાવરીની પેલી ચંદ્ર દીપ્તક્રોધોજ્જવલ મુખ કાંતિની તરફ જોઇને બોલ્યો, "પ્રિયે સૌન્દર્યમાં બધા મરે છે તોપણ દૂર જઇ શક્તો નથી. હજારો પ્રકારે ધક્કાં માર્યા છતાં પણ" આવું કહીને વહાલથી ગોદાવરીનું મુખ ચુમ્બન કર્યું. ગોદાવરીનું પાંચ વર્ષપર લગ્ન થયું હતું, પણ સ્વામીનો વહાલ હજી પણ પોતાના મનમાં ભોગવ્યો નહોતો–એનાથી છેટે રહી શકયાથી તે સારી પેઠે રહેતી હતી. ત્યારપછી અહિંના આ મનની અવસ્થામાં એ તેને ઝેરના જેવું જણાતું, તે કંપાયમાન થઇને મનમાંને મનમાં બોલી, "અજયસિંહ, તમે તમેજ મારી આ હાલત કરી છે. એના બદલાને માટેજ કેવળ મારૂં આ જીવન લઇને હું બેઠી છું."

એ વેળાએ એક દાસી એક રોતી છોકરીને ખોળામાં લઈ આવીને બોલી, "બેગમ સાહેબ, શાહજાદીને કોઇ રીતે હું ઘરમાં રાખી શકતી નથી તેથી હું લઇને આવી છું."

છોકરી દાસીના ખોળેથી ઉતરીને રોતી રોતી માની પાસે આવીને બોલી, "જનાર નથી, હું તારી પાસે રહીશ."

ગોદાવરીએ દાસીને જવાનું કહીને કન્યાને ખોળે લઇને મુખ ચુમ્બન કર્યું. તેણે તેના ખોળેથી ઉતરીને કહ્યું, "તું ખરાબ છે, શામાટે નાશી આવી–હું બાપાની પાસે જાઉં છું."

છોકરી અહમદસાહના ખોળામાં ચઢી બેસીને તેને ગળે વળગી પડી.

કોમળ માતૃ સ્નેહથી ગોદાવરીનો સખ્ત ભાવ નરમ થઇ ગયો, તેની ઉગ્રતા કરૂણ નિરાશામાં આવી ગઇ, તેણે જોયું કે જે પોતાનું કોઇ નથી તે તેના કરતાં પોતાનું છે, તે તેનો સ્વામી છે, તે તેની કન્યાનો પિતા છે. પોતાને ગોદાવરી તેનાથી દૂર રાખી શકે છે, પરંતુ આ સગપણના સંબંધને તોડી શકવાની તેનામાં શક્તિ નથી. કેવું ભાગ્ય લઇને આ દુનિયામાં જન્મી છે.

અહમદશાહ પાસેના ઝાડમાંથી ફૂલ તોડીને કન્યાના હાથમાં આપતો હતો, તે પિતાની જોડે કાલુ કાલુ બોલીને હસતી હસતી તે તોડીને ફુવારાના હોજમાં નાખતી હતી. ફૂલો ચંદ્રના કીરણમાં નાચતાં નાચતાં ઉંચે નીચે જતાં હતાં, અને તેના મોંમાં હસવું સમાતું ન હોતું, કોમળ કળીના જેના હોઠ હસતા થાકીને ખીલેલા પુષ્પના જેવું મુખ ઘણુંજ સુંદર લાવણ્યમય થઇ પડયું હતું. ગોદાવરી અદેખાઇથી પૂર્ણ સ્નેહથી તેની તરફ જોઇને હૃદયમાં નિરાશાની જવાલા અનુભવી હતી. અહમદશાહે કન્યાનું મુખ ચુમ્બન કરીને ગોદાવરીની સામું જોઇને કહ્યું, "પ્રિયતમે, હું શું પોતાના સુખને માટે શત્રુનું દમન કરૂં છું ? ધારો કે હું મરી ગયો છે–રાજ્ય શત્રુના હાથમાં–તે વેળાએ આ ફૂલની કળીનું શું થાય વારૂં !"

ગોદવરી બોલી, "ધારો કે આ પળે જો હું અહિંયાં વજ્રપાત થાય તો શું થાય ? એક અસહાય માણસને નહિ મારવાથી શું તમારૂં રાજ્ય રહેશે નહિ !"

અહમદશાહે કહ્યું, "અસહાયતાજ તેનો સહાય

છે. એ માણસને લીધે કેટલા માણસો બલવો જગાડશે, રાજ્યમાં અશાંતિની હદ રહેશે નહિ"

ગોદાવરી બોલી, "તેથી પહેલા નિર્દોષીનો વધ કરવો જોઇએ! એ બાદશાહનું કર્તવ્ય છે, એ બાદશાહના જેવો ન્યાય છે ખરો જો બલવાખોરોને દબાવવા ઇચ્છતા હો, તો જો રાજ્ય નિર્ભયથી રક્ષા કરવા ઇચ્છતા હોતો દોષીઓને દંડ આપો. સાહબુદીનનો કંઇ અપરાધ નથી, તે પોતાનો બચાવ કરવા માટે છુપાતો ફરે છે. તેમાં તેનો દોષ નથી પરંતુ જેણે તમારા હુકમને ન ગણકારતાં તેને આશ્રય આપ્યો છે, તેનું તમે શું કર્યું? જો સજાને પાત્ર કોઈ હોય તો તેજ છે, સાહબુદીન નથી."

અહમદશાહ આશ્ચર્ય પામ્યો. ગોદાવરી અજયસિંહને ચાહતી હતી તે તે જાણતો હતો, તે પ્રેમ તેના હૃદયમાંથી એકીવારે ભૂસાયો નથી એ પણ તેનું માનવું હતું. તેથી તેના મોંએ આવા વચન સાંભળીને આશ્ચર્ય થયો. સ્ત્રીનો પ્રેમ અને બદલો લેવાની ઇચ્છામાં કેટલું છટાપણું છે તે સમજી શકયો નહિ. પરંતુ તે મનમાંને મનમાં ખુશ થઇને બોલ્યો, "અજયસિંહ બંદીવાન થયો છે."

ગોદાવરી બોલી, " બંદીવાન ? "

અહમદશાહ બોલ્યો, " હા "

બાલિકા સાંભળીને બોલી, " અજય !– તે મેં તોડી નાખ્યો છે ! મને હીરાએ કહ્યું હતું કે તે ખરાબ છે !

હીરો એ બગીચાનો માળી છે.

પ્રકરણ ૨૧ મું.

કુતુબની બુદ્ધિમાં સાહબુદીનને મારી નાખવો, એ યુક્તિ સિદ્ધ જણાતું હતું. શત્રુઓને જીવતા રાખવા એ કંઈ ઠીક નથી. બાદશાહનો શુભેચ્છક થઇને કુતુબ તેને આ સલાહ આપતો હતો. બીજા અમીર ઉમરાવોમાંથી કોઇ આ વાત જાણતા નહોતા, સાહબુદીનને માટે દલગીર થઇને તેનો પ્રાણ બચાવે એ માટે ઉમરાવો કુતુબને સમજાવવા લાગ્યા. એઓને વિશ્વાસ હતો કે જો બાદશાહ કોઇનું પણ સાંભળે તો કુતુબનું સાંભળીને છોડે–જરૂર નવી રાણી છોડે. વાંચનારાઓએ પણ જાણી લીધુ હશે કે તે કહેવું પાયા વિનાનું નથી.

કુતુબે અમીર ઉમરાવોની વાત સાંભળીને અર્થ પૂર્ણ ભાવથી ડોક હલાવીને કહ્યુ, "મારી વાત શું બાદશાહ સાંભળશે તમે તો જોયું છે કે કેટલાક બળવાખોરોને બચાવવા મારી ઇચ્છા હતી તે તો બચ્યા નહિ ને આને શી રીતે બચાવું તે તમેજ કહો" આવું કહીને ઉઠ્યા.

ગોદાવરી આવવાની પહેલા કુતુબ જેવો રાજાનો પ્રિય હતો હમણાં તેવો નથી. તેના આસનપર બેઠી છે, તે તેથી નીચે પડયો છે. ગોદાવરીની જોડે રાજાનું લગ્ન કરાવીને તેણે પોતાના પગમાં પોતેજ કુહાડી મારી છે. કુતુબને આવી અદેખાઇ કરવાનું ખરેખરૂં કંઇ કારણ છે તેમ જો કે નથી. પહેલાના પ્રમાણે હમણાં પણ કુતુબ અહમદશાહનો જમણો હાથ છે, ખરી રીતે જોતાં તે કુતુબના કહેવા પ્રમાણે ચાલે છે. તેનું મોટું કારણ એ છે કે બાદશાહને વશ કરવાની રાણીની કંઈ કોશેશ નથી. રાણી કોઇ વખતે રાજાના કામની તરફ જુએ છે, કોઇ વખતે તેને સમજાવે છે. પરંતુ તેમ છતાં શું થાય છે, રાજા જો કોઇ સામાન્ય વિષયમાં કુતુબની વાત અમાન્ય કરે તો કુતુબ રાણીને તેનું મૂળ સમજીને

તેના ઉપર બળે છે. હાલમાં ઉપરા ઉપરી એવા કેટલાક બનાવ બન્યા હતા કે જેથી તેની આ અદેખાઇ ઘણી પ્રબળ થઇ પડી છે. કેટલાંક દહાડા પહેલાં કેટલીક પ્રજા જમીનનો કર ન આપી શકવાથી કુતુબના હુકમથી તેઓને નદી કિનારાપરના બગીચાની પાસે એક ઝાડની સાથે બાંધીને ફટકા મરાવ્યા હતા. શાહજાદી ગુલ બહાર બગીચાના દરવાજા પાસે ઉભી હતી તે વેળાએ તેને મારતા જોયાથી તેણે રોતાં રોતાં માની પાસે આ વાત કહી. ગોદાવરીએ રાજાને તિરસ્કાર દઇને તેઓને સરકારમાં નોકરીએ રખાવ્યા તેમાંનો એક બગીચાનો નવો માલી હીરો છે. તેથી કુતુબને દીલગીરીની હદ નથી પરંતુ પરિપકવ બુદ્ધિ સુચતુર સભાસદની રીતે કુતુબે પોતાનો યથાર્થ મનોભાવ છુપાવીને રાજાની પાસે રાણીની કરૂણાની પ્રશંસાજ કરી વળી સભાસદ તથા પેલી ગરીબ પ્રજાંને કૌશલથી જણાવ્યું કે કુતુબની કૃપાથીજ કેવળ બીચારા છુટયા નહિ તો રાક્ષસી રાણીની કૃપાથી તેના હાડકાપર માંસ એકઠાં રહેત નહિ.

કુતુબે ધાર્યું કે રાજકુમારી બહાર આવ્યાથી ઘણી

વિપત્તિ છે. આ ભયથી તેને સર્વદા ડરવું પડતું હતું. બાદશાહની પાસે કંઇ છુપી વાતચીત કરે છે. એટલામાં શાહજાદી આવે છે અને તેને સાંભળીને પોતાની માને કંઇ કહે તો મોટી પંચાતી થાય, એ ડરથી તેણે એક દહાડો બાદશાહને કહ્યું, "શાહાજાદી હમણાં મોટી થઇ છે હવે તેને જનાનામાં રાખવી ઠીક છે, નહિ તો બાદશાહનો કાયદો રાખવામાં આવશે નહિ. " બાદશાહ કુતુબની સાથે એક મતનો થયો, તે છતાં કામમાં શાહજાદીએ બહાર આપવાનું છોડયું નહિ. કુતુબે ધાર્યું કે એ કોના હાથથી ચાલે છે તેથી તે મનમાં ને મનમાં ગુસ્સે થયો, ત્યારે હવે શું કરવું ગુપચુપ સહન કરવું પડયું. પરંતુ સહન કરવાની પણ એક હદ હોય છે. કુતુબે જ્યારે જોયું કે રાજનૈતિકમાં રાણી ઇચ્છા કરે તો રાજાને ચલાવી શકે છે, ત્યાં પણ કુતુબ કોઇ નથી, ત્યારે તેણે તેનો ઉપાય કરવાનો દઢ નિશ્ચય કર્યો. પહેલાં કહી ગયાછીએ કે કુતુબની સલાહથી સાહબુદીનને મારી નાખવો જોઇએ, બાદશાહ પણ તેમાં રાજી થયો છે; કિયે દહાડે ફાંસીએ લટકાવવો એ નક્કી કરીને કેવળ હુકમ

આપવાની ખોટી હતી એટલામાં અમહદશાહે કુતુબને બોલાવીને કહ્યું, "કુતુબ, સાહબુદીનને મારી બકસવામાં આવી છે અને તેને છોડી મૂકો."

કુતુબથી રહેવાયું નહિ તેથી તે બોલ્યો, "એ આપની બુદ્ધિનું કામ કે બીજાની બુદ્ધિનું કામ?" એ ઘણો બળવાખોર છે એ વાત ધ્યાનમાં રાખજો" અહમદશાહે કહ્યું, "રાજ્ય મારૂં છે, ધન મારૂં છે, લશ્કર મારૂં છે, તે એકલો સામો થાય તો મારૂં શું કરનારો છે? તે બળવાખોર થાય તો તેમાં મારી કંઈ હાનિ થનાર નથી-હાનિ તેનીજ થશે!"

કુતુબે પૂછયું, "અજયસિંહને પણ શું માફી આપવી કે?"

બાદશાહ બોલ્યો, "જો તે સાગન ખાઈને પ્રતિજ્ઞા કરે છે હવે આખી ઉમ્મર સુધી મારો વિપક્ષ ન થતાં પક્ષમાં રહે તો તેને પણ છોડી મૂકીશ. અજયસિંહ એકવાર વચન આપે તો તે કદીપણ તોડનારો નથી એવી મારી ખાતરી છે."

કુતુબે કહ્યું, "જો એવું વચન નહિ આપે તો?

બાદશાહે કહ્યું, "તો તેને મારી નાખવાનો હુકમ આપીશ. અજયસિંહની મદદ ઉપર સાહબુદીન કુદી

રહ્યો છે. સોગન ખાઇને વચન આપે નહિ તો મરણના સિવાય અજયસિંહનો છુટકો થયાથી સાહબુદીનને કંઇ પણ ડરવાનું નથી તેને વગર હરકતે તે વેળાએ છોડી શકાય."

કુતુબે વિચાર કર્યો કે અહમદશાહનું કહેવું ખોટું નથી. બીજી વખતે આવી બાદશાહની બુદ્ધિની તારીફ કરીને તેની જોડે મળતો થાત. પણ એ ગોદાવરીની સલાહ છે તેથી ખેદિત થઇને બોલ્યો, "સાહબુદીન મદદ વગરનો છે પણ તે અકલમંદ છે. કોઇ રીતે બીજાઓને પોતાના પક્ષમાં લઇને ખરાબ કરશે. પછી તો આપને જે ઠીક લાગે તે કરવાને આપ મુખતિયાર છો, મારે વધારે કહેવું નકામું છે."

કુતુબના મનમાં આટલાં દહાડા સુધી અદેખાઇની આગ ધૂમાતી હતી. આ બનાવના પછી તે ભારે સલગી પડી ગોદાવરીની નિંદા કરીનેજ હવે શાંતિ વળતી નહોતી તેની સત્તા ઓછી કરીને તેને મૂંગી રાખવાને માટે તે આતુર થઇ પડયો સૌભાગ્યથી તેની ઇચ્છા પૂર્ણ થવાનો લાગ મળ્યો.

શેકસપિયર પોતાના કાવ્ય જગતમાંજ કેવળ એકલો આયાગોની સૃષ્ટિ કરી ગયો છે તેમ નથી,

અરી રીતે જોતા દુનિયામાં પુસ્કળ આયાગો છે. કુતુબનો મનોભાવ ગોદાવરી કંઈ જાણુતી નહોતી, તેનાથી વિપરીત ધારણા તેની હતી. તે જાણુતી હતી કે કુતુબ તેનો પરમમિત્ર છે. તે કુતુબની મદદથીજ સંન્યાસિની થઇને બાદશાહનો મહેલ છોડીને અજયસિંહની જોડે મળવા પામી હતી. કુતુબ તે વેળાએ તેને મદદ એટલા માટે કરી હતી કે તે ત્યાંથી પાછી ન આવે તો સારૂં, બીજું જો તે ફરે તોપણુ એક તરફ રાણીને હાથમાં લઇને બીજી તરફ જરૂર માલમ પડયાથી એ જણુાવીને બેગમનું સત્યાનાશ વાળવાનો ઉપાય રહે. હમણાં તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે પોતાનો દોષ ઢાકીને શી રીતે સુકોશલથી બાદશાહને આ વાત જણાવીને બેગમને હલકી પાડવી. પરંતુ એકાએક ભાગ્ય બલથી પોતાની મળે બીજો એક નવો ઉપાય આવ્યો, તેથી તેને જૂનો બનાવને પકડવાની જરૂર જણાઇ નહિ. ગોદવરીએ કુતુબને બોલાવીને કહ્યું, "મને એક વખત કેદખાનામાં અજયસિંહની જોડે મેળવો. મારે કઇ તેની જોડે વાતચીત કરવી છે."

અહિંયા કહેવું જોઇએ કે કુતુબ આ પંક્તિનો

માણસ હતો કે તેને બાદશાહના જનાનામાં જવા આવવાની મનાઇ નહોતી. રાણીની વાત સાંભળીને કુંઠુએ કહ્યું, "જરૂર હું તેને મળવાનો લાગ જોઇને આપને મોકળીશ. રાણીની ઇચ્છા પૂર્ણ કરવાને આ જાન પણ આપવા તૈયાર છું, અને આ વાત તો કંઇ બીશાદમાં નથી?"

પ્રકરણ ૨૨ મું.

ગોદાવરીનો આજે સંન્યાસિનો પોશાક નથી, રાજ રાજેશ્વરીનો વેશ છે. વિવાહ કર્યા પછી વાંચનારે તેને ક્ષણ કાળને માટે જેવી મણિમય શણગારથી સજેલી દીઠી હતી. આજે તે શણગાર સજીને અજયસિંહને મળવા આવી છે. આજે તે બાલ્ય સખી (પ્રતમ રાજકુમારને જોવા આવી નથી, સદાનો શત્રુ વિરાગ ભાજન, ધિક્કારનો પાત્ર અજયસિંહને પોતાનો પ્રભાવ દેખાડવા આવી છે, તેણે ગોદાવરીને પાછી કાઢીને સારૂંજ કર્યું છે, તેને માટે તે આજે સામાન્ય સામંત રાણીને બદલે રાજરાજેશ્વરી બાદશાહજાદી થઇ છે, એક દહાડો તેની કૃપાની

ભિખારણ દીન હીન સ્ત્રી હતી. નસીબના યોગે તે આજ તેનો પ્રભુ, ભાગ્ય નિયંતા છે–તેજ તે દેખાડવાને આવી છે, તેને જોવા આવી નથી. તેનો નાનપણનો પ્રેમ નાનપણની યાદદાસ્ત હમણાં શરમનો વિષય છે, અપમાનનો વિષય છે–તે જવલંત બદલાથી તે ભસ્મ કરવા ચાહે છે. બદલો લેવો એજ હમણાં તેના પ્રાણનું સુખ તે જીવનની તૃપ્તિ છે. તેથી તે પોતાની સુખ શાંતિને ગુમાવનાર દુશ્મનને પોતાના મોંએથી મૃત્યુ દંડ જણાવવાને પોતાની સત્તા દેખાડવાને આવી છે.

કેદખાનાની ઓરડીની બારીની તરફ અજયસિંહ નજર કરીને સખ્ત જમીનની ઉપર સૂતો છે. સાંઝે બાદશાહની પાસેથી છોડવાને માટે કરાર આવ્યો હતો. તે કરારનો મર્મ આવો હતો કે કોઇ પ્રકારે કદીપણ અજયસિંહ બાદશાહની સામે ન થતાં જો ન્યાયાન્યાયનો વિચાર ન કરતાં તેનો પક્ષ ધરવાના સોગન ખાઇને વચન આપે તો બાદશાહ તેને છોડી દે.

અજયસિંહે બાદશાહની કૃપાને અગ્રાહ્ય કરી આવી સદાની ગુલામગીરીમાં બંધાવવાના કરતાં

મૃત્યુ તેને સારૂં જણાયું. તે ધિક્કારવાળો .રાર વખતો વખત યાદ આવ્યાથી તે ગુસ્સાથી કંપાયમાન થતો હતો; વળી વખતો વખત પ્રિયવિચ્છેદ મુમૂર્ષુ માણસની ગભરામણ તે ક્રોધની જગા લેતી હતી. રાજાને મરવામાં દુઃખ નથી, ન્યાયને માટે જીવ આપવામાં તે ગભરાતો નથી; પરંતુ તે મર્યાથી તેના સગાંવહાલાંની શી દશા થશે, તેનો વિચાર કરીને તેના યંત્રણા પીડિત હૃદયમાં આર્ત્તનાદ ઉઠતો હતો. આખરની અવસ્થામાં એકવાર કોઇની સાથે મેળાપ પણ થયો નહિ, એવો કોઈ મિત્ર પણ નથી કે જે તેના સંબંધમાં કંઇપણ બોલે! અજયસિંહ જેટલો અનિરાશાની વેદના ગંભીર રૂપે અનુભવતો હતો, તેટલો મૃત્યુનું પાસે આવ્યા છતાં પણ મૃત્યુમાં અવિશ્વાસ અને ઇશ્વરના ન્યાય વિચારના ઉપર તેનો વિશ્વાસ ઉત્પન્ન થતો હતો. તેના મનમા આવતું હું કોઇ ઐશ્વર્ય શક્તિના પ્રભાવથી હમણાં કેદખાનાની સખ્ત ભીતના કકડા થઇને તેને છોડવશે.

આ વિશ્વાસમાં આવીને ઉત્તેજિત પોતાને ભૂલી જઇને અજયસિંહે બળથી એકદમ ભીતના ઉપર મુઠીવાળીને માર્યું, સખ્ત ભીત તુટી નહિ, ખસી

નહિ, જેવી હતી તેવીજ રહી, તે કેવળ હાથમાં વેદના અનુભવીને શુદ્ધીમાં આવ્યો તેના મોંપર હસવાની રેખા જણાઈ. તે શું ઘેલો થયો છે! તેની મુઠીથી ભીંત તુટશે! એ વખતે પેલી સંન્યાસિની તેને યાદ આવી, તે શું રાજાના જીવન માટે યત્ન કરતી નહિ હશે. તેમ નહિ હોય. ખચીત અજયસિંહ છુટો થશે, ન્યાયને માટે કાર્ય કરીને કદી તે પોતાનું જીવન ગુમાવશે નહિ. એકાએક ગોદાવરી યાદ આવીને અનુતાપના દંખથી હૃદય બળી ઉઠયું. તેણે ગોદાવરીના સંબંધમાં અન્યાય કર્યો હતો તેનું બધું આ ફળ છે. તેની આશા બધી જતી રહી, તેણે સમજી લીધું કે તેનું મૃત્યુ ખચીત થશે! વિશ્વાસની ઉત્તેજના ધીરે ધીરે નિરાશાની કાંતિમાં ફેરવાઇ ગઇ. તેની થાકવાળી આંખમાં ઊંઘ આવી. તેણે સ્વપ્નું જોયું—ચારેબાજુએ ભીતની રોકાણ નથી, ઉપરનું છાપરું ઉઘાડું છે, તે ખુલ્લા ખેતરમાં નક્ષત્રવાળા આકાશની નીચે ઉભો છે, સામે એક જયોતિર્મયી દેવી વિરાજમાન છે. અપૂર્વ આનંદથી તેનું હૃદય પૂર્ણ થયું, તે દેવીને પ્રણામ કરીને ઉઠવા જતો હતો. એટલામાં

એકદમ દરવાજો ઉઘાડવાનો અવાજ થયાથી તે જાગી ઉઠયો. આંખ ઉઘાડીને જોયું, ખરેખર પોશાકના મણિમય કાંતિથી અંધારી ઓરડી ઝળકીને ઓરડીના બારણામાં એક રમણીમૂર્ત્તિ ઉભી છે—સ્વપ્નાને સત્ય જાણીને અજયસિંહનું હૃદય આશા પૂર્ણ વિસ્મય જનક સુંદર ભાવથી પૂર્ણ થઇ ગયું.

પ્રકરણ ૨૩ મું.

ગોદાવરી કેદખાનાનામાં જઇને પહેલા અંધારામાં કંઇ જોઇ શકી નહિ. સિપાઇને દીવો લાવવાનો હુકમ આપીને તે જગાએ આંખ મીચીને ઉભી રહી થોડીવારે આંખ ઉઘાડીને જોયું તો પહેલાના જેવું અંધારૂં જણાયું નહિ. બારીમાંથી ઓરડીમાં જે કંઇ અજવાળું આવતું હતું તેનાથી ગોદાવરીએ જોયું અજયસિંહ કયાં છે. તે ત્યાં જઇને ઉભી રહી. અજયસિંહ આશ્ચર્ય પામીને બેસીને બોલ્યો, "ગોદાવરી?" અવાજ ઉપરથી ગોદાવરીને તેણે ઓળખી હતી.

ગોદાવરી કઠોર તીવ્ર અવાજથી બોલી, "ગોદાવરી નથી બાદશાહની બેગમ છું."

કેદખાનાની ઓરડીની પથ્થરની ભીતના અણુ પ-રમાણુ પણ તે રૂદ્રવાગ્યથી કંપી ઉઠયાં અજયસિંહ મૂગો થઇ ગયો, ગોદાવરી પણ સ્તબ્ધ થઈ રહી પરંતુ વાત કહેવાની અનિચ્છાથી નહિ, ગોદાવરી ઉ-સ્તબ્ધવાળી તીવ્ર દૃષ્ટિથી અંધારાને ભેદીને અજયસિં-હના મોં જોવાનો યત્ન કરતી હતી. તેના બોલવાની અસર અજયસિંહના મન ઉપર શારીતે થઈ તે સમજવાનો યત્ન કરવો એજ ગોદાવરીની મતલબ હતી પણુ તેનો યત્ન નિષ્ફળ થયો, ગોદાવરીનો અંધકારમાં પ્રકાશ થયો નહિઃ રાજમૂર્તિ જેવી અ-સ્પષ્ટ હતી તેવીજ રહી.

એકાએક ગોદાવરીની ઉત્સુક દૃષ્ટિની સામે અ-જયસિંહનો સુસ્પષ્ટ ચેહેરે પ્રકાશિત થયો. સિપાઇએ ઓરડીમાં દીવો મૂકીને બારણું વાસીને તે ચાલ્યો ગયો. તે વેક્ષાઅ જોયું કે આટલા દિવસથી જે અજયસિંહને ઓળખતી હતી તે અજયસિંહ નથી. આ મૂર્તિ નથી. ફાટેલા, મેલા વસ્ત્ર ધારણુ કરેલો, તેલ વિનાના લાંબા બાળવાળો, ક્ષીણુ ફીકા ચહેરા-વાળો એક દીનહીન બંદીવાન તેની સામે બેઠો છે. કેદીના વાલની પાસે આંખના ખાઢામાંથી જો તેને

પૂર્ણ પ્રભાવ પૂર્ણ જ્યોતિ નહિ પ્રકાશિત થાત તો એને અજયસિંહ ધારવું એ ગોદાવરીને મુશ્કેલ પડત.

ગોદાવરી પાપણ હલાવ્યા શિવાય અજયસિંહને જોવા લાગી. તેના મોંના માંસના લોચાએ એવા આટલા અપરિવર્તિત ભાવ ધારણ કર્યાથી આવું નિષ્કંપ નિસ્તબ્ધ થઇને તે ઉભી રહીને રાજાને જોઇને તે વેળાએ તેના મનમાં શા ભાવોદય થાય છે, રાજાની દુર્દશાથી તે સુખ અથવા દુ:ખ અનુભવ કરે છે, તેની મૂર્તિથી એ સમજવું એ કુશળ મનોભાવવેતાને પણ મુશ્કલ પડત. પરંતુ થોડીવારમાં તેનો તે નિસ્પન્દભાવ ઓછો થઇ આવ્યો, મુખના રંગમાં ફેર પડયો, આંખમાં આંસુના બે ટીપાં જણાયાં. જરા ભુજવા લાગ્યો. એકદમ જડ શકિતએ જીવમાનવીરૂપ ધારણ કર્યું. તેની આ નવા પ્રાણની અપૂર્વ મૂર્તિમા શું બદલો લેવાની પ્રફૂલ્લતા પ્રકાશ પામે છે? આનંદાશ્રુ છે? નહિ, તેમ નથી. ગોદાવરી આજે નિ:સ્વાર્થ કરૂણામય પ્રેમમાં પોતાને ભૂલી ગઇ છે, પાષાણુમાંથી આજે એકદમ કરૂણાધારા વહે છે. સંપદશાળી અજયસિંહ આટલા દહાડા સુધી જે કહી શકતો ન હોતી તે આજે દીન હીન અજ-

યસિંહ કહે છે. પહેલાં અજયસિંહને ગોદાવરીને દાન આપવાનું કંઈ ન હોતું, તે તે વેળાએ ભિખારણ હતી, તે રાજાધિરાજ હતો. તેથી તેને ચાહીને પણ ગોદાવરીનો પ્રેમ પૂર્ણ વિકશિત થઈ પડયો ન હોતો, પોતાનું દાન પ્રેમની સંપૂર્ણતા છે, જે પ્રેમમાં તેનો લાગ સુધ્ધાં મળતો નથી, તે પ્રેમની અપૂર્ણતા શી રીતે પૂરાય? તેથીજ રાજધિરાજ મહાપ્રતાપ અજયસિંહ શક્તિના હૃદયમાં પ્રેમભાવ ઉદ્રેક કર્યા છતાં પણ તે પ્રેમની સ્વાર્થ પૂર્ણ મલિનતા દૂર કરી શકી નહિ. આજે વિપત્તિમાં ફસેલા કેદી અજયસિંહે ગોદાવરીના હૃદયમાં નારીનો મહાપ્રેમ જાગરિત કરીને તેનું જીવન, તેનું સુખ, તેનો માનવત્વ પૂર્ણ કર્યું હતું. તે હવે અદેખાઇનો બદલો લેવાથી દૂર થઈ. સંન્યાસિની એ ઘણા વર્ષો પહેલાં તેને જે કર્યું હતું કે નિઃસ્વાર્થ પ્રેમમાં મગ્ન થઈ તો તે હમણાં આ બોલવાની સત્યતા સિદ્ધ કરે છે.

ગોદાવરી થોડીવારે બોલી, "રાજકુમાર ઉઠો!" આ સ્વર આગળના સ્વરથી જૂદી જાતનો હતો. એ શું એક ગળામાંથી નીકળ્યો છે—પેલી કઠોર રૂદ્રધ્વનિ અને આ કોમળ કરૂણ વાણી? રાજકુમા-

રની આગળ આ બધું રહસ્યમય પ્રહેલિકના જેવું ભાસ્યું, તે આશ્ચર્યથી નિરૂત્તર થઇ ગયો.

અજયસિંહ, તમે પુરૂષ છો, સ્રીની પ્રકૃતિ શું સમજો ? તમારામાંથી જેઓ જ્ઞાનીઓ છે તેઓ પણ જ્યારે નારી હૃદયનું રહસ્ય તોડવાને સમર્થ નહિ થયાથી કહી ગયા છે, देवो न जानंति कुतो मनुष्यः ત્યારે ગોદાવરી તમારી આગળ અબોધ ગમ્ય થાય તેમાં કંઇ આશ્ચર્યનો વિષય નથી.

રાજકુમાર તેની બોલવાની મતલબ સમજ્યો, તેનું સ્વપ્નું ત્યાંરે ખરૂં છે ! ગોદાવરી તેને છોડાવવાને આવી છે ! વળી પોતાને ખુલ્લા ખેતરમાં પ્રશાસ્ત આકાશની નીચે ઉભો જોવો, સગાંવહાલાંના આનંદ વિભાસિત મુખ મંડલો પોતાની આસપાસ જોઈ શકયો, બંધન શૂન્ય સ્વતંત્રતાના આનંદથી પ્રિયજન મિલનજનિત અનુપમ સુખથી હૃદય પરિપૂર્ણ થઇ પડયું, તે પોતાનું ભાન ભૂલીને રમવાના પુતલાની પ્રમાણે ઉઠીને બોલ્યો, " કયાં જાઉં ? "

ગોદાવરીએ દીવો હોલવીને પોતાની લાંબી સાડી-માંથી કંઇક પોતાના શરીર ઉપર ઢાંકીને બીજી ફાડી. તે અને તેના માથા ઉપર ઢાંકેલી સોનાની ભરેલી શાળ

રાજાના હાથમાં આપીને બોલી, "આ લ્યો, આ વસ્ત્ર અને શાળ આપ પહેરીને દરવાજે ઠોકો, તેથી દરવાજો ઉઘાડયાથી સિપાઇની જોડે નિસ્તબ્ધ ચાલ્યા જજો, કેદખાનાની બહાર આવીને ત્યાંના પહેરેગીરને આ વીંટી આપજો, વીંટી લઇને તે જતો રહેશે, પછી તમે તમારી ઇચ્છા પ્રમાણે નાશી જજો."

રાજા લાકડાના પુતળા પ્રમાણે થઇને બોલ્યો, "પછી તમે ?"

ગોદાવરી બોલી, "તેનો વિચાર તમારે કરવાનો નથી. કુતુબ આવીને મને લઇ જશે એવી તેની જોડે મસલત થઈ છે."

રાજા બોલ્યો, "પરંતુ પહેરેદાર ધારશે કે તમેજ જતા રહ્યા છો, કુતુબ આવ્યાથી તે તેવું કહેશે."

ગોદાવરી બોલી, "જે પહેરદાર તમારી જોડે જશે તેનો પહેરો તે વેળાએ પૂરો થશે, તેની જગાએ જે નવો પહેરેદાર આવશે તે શી રીતે જાણશે કે હું ગઈ છું ?"

રાજાએ કહ્યું, "તે પહેરદારની પાસેથી બધું સાંભળશે."

ગોદાવરી બોલી, "નહિ તેમ કહેવાની સખ્ત મનાઇ છે. તમે આ વખતે જાઓ, નહિ તો ગડબડ થશે."

ગોદાવરીએ બધી હકીકત સાચી કહી નહોતી. ગોદાવરી આદર્શ ન્યાયવાદી અથવા સત્યવાદી છે એવું અમે કદી કહ્યું નથી, હમણાં પણ કહેતા નથી. દોષ ગુણ માણસ માત્રમાં છે. રાજાને છોડવવો એ હમણાં તેની મતલબ હતી, આ મતલબ પૂરી કરવા માટે તેણે ખોટું બોલવાને કંઇ પણ સંકોચ રાખ્યો નહિ. રાજા સમજ્યો કે ગોદાવરીને માટે તેને ચિંતા કરવાની જરૂર નથી. તે હવે અસંકોચથી નાશી શકે છે. અજયસિંહ ગોદાવરીએ આપેલું લુગડું અને શાલ હાથમાં લઇને આશાના બળમાં બળવાન થઇ પડયો. કેદખાનામાંથી નહિ નીકળતાંજ સ્વાતંત્રતાના સુખમાં તેનું હૃદય પૂર્ણ થઇ ગયું. તેણે જોયું કે હવે હું બંધ કરેલો અસહાય કેદી નથી. હું જુલમ રોકનાર કુશળ પુરૂષ અજયસિંહ છું. પરંતુ તે સ્વપ્નું જોતો હતો, સ્વપ્નાના આનંદથી એકદમ જાગીને વિલીન થયું. તે પળમાં સાવચેત થઇને બોલ્યો, "નહિ, ગોદાવરી હું જઇશ નહિ— આ લ્યો તમારા કપડાં ?"

ગોદાવરી આશ્ચર્ય પામીને બોલી, " શામાટે ? "

અજયસિંહ બોલ્યો, "તમારા હાથથી મુક્તિ મેળવવાનો મારો અધિકાર નથી, હું નાશીશ નહિ."

આટલા દૃઢ સ્વરથી અજયસિંહે આવું કહ્યું. ગોદાવરીએ જાણ્યું કે તેનાથી રોકવો એ શક્તિથી બહાર છે. ગોદાવરીની આશા પ્રદીપ્ત મુખ મંડળ એકદમ ભસ્મના પ્રમાણે ઝાંખુ થઇ ગયું, જમીન ઉપર પડવાને રોકવા માટે તેણે ભીતનો આશ્રય લીધો.

પ્રકરણ ૨૪ મું.

બાદશાહે કહ્યું, " ખરું કહો છો ! ખરેખર ! "

કુતુબે કહ્યું, " ભરૂસો નહિ આવતો હોય, તો આપ ચાલો, આપની આંખ તો આપને ખોટું કહેશે નહિ ! "

બાદશાહે કહ્યું, " સમજ્યો છું હવે જોવું પડશે નહિ ! ઠીક, ઠીક ! તમે હમણાંને હમણાં જાઓ, તેનું કાપેલું માથું મારી પાસે લાવીને દેખાડવાને કહેજો, જાઓ, કુતુબ અહિંથી જાઓ–

કુતુબે કહ્યું, ' કોનું માથું ?—"

બાદશાહે કહ્યું, "કોનું માથું! પેલા નરાધમ અજયસિંહનું!"

કુતુબે પૂછ્યું, "બીજુ–બીજુ–બેગમ સાહેબને શું કરવું?"

બાદશાહ ગુસ્સેથી બોલ્યો, "બેગમ સાહેબને તમારે કંઇ કહેવું નહિ. તેની જોડે સમજવું એ મારૂં કામ છે, બીજાને તે સંબંધમાં કંઇ પણ કરવું પડશે નહિ."

કુતુબ દલગીર થયો. તેણે ધાર્યું હતું કે અજયસિંહને જોવા ગઈ છે સાંભળ્યાથી બાદશાહ ગોદાવરીને સજા આપશે તેને હવે પાછી રાજમહેલમાં મોં દેખાડવું પડશે નહિ. કુતુબ નિરાશ હૃદયથી માથું નીચું ઘાલીને સલામ કરીને બાદશાહનો હુકમ બજાવવાને ગયો.

બાદશાહે ફરી બોલાવીને કહ્યું, "સાંભળ કુતુબ, બેગમ સાહેબ કેદખાનામાંથી જ્યાં સુધી ન જાય ત્યાં સુધી અજયસિંહને ગરદન મારનો નહિ. સમજ્યો કે?"

કુતુબે કહ્યું, "જેવો હુકમ."

પ્રકરણ ૨૫ મું.

ગોદાવરી સદા આશાથી નિરાશ થતી આવી છે, કદી પણ સુખ ઇચ્છા રાખીને સુખ મેળવવા પામી નથી. પરંતુ આજે બીજાને સુખ શાંતિ આપવા જતાં પણ જ્યારે તે નિષ્ફળ થઇ, તેના પરિપૂર્ણ હ્રદયનો ઉછળતો નિઃસ્વાર્થ સહાનુભૂતિ સુદ્ધાં જ્યારે અજયસિંહે અપ્રાપ્ય અવહેલા કરી, ત્યારે તેને જે કષ્ટ થયું તે આ દુઃખપૂર્ણ સંસારમાં પણ કદાચ થતું હોય. એ તેના આગલા બદલાના ઉત્તેજના મિશ્રિત, ક્રોધતરંગ સિક્તના કરતાં લઘુભાર મિશ્ર નિરાશાનું નહોતું, બદલો લેવા વગરનું ઉત્તેજનાહીન. અમિશ્રિત અકલ્પિત જમાવના દુઃખના લોઢાના દરવાજાથી કચરલું થઇને તેની બધી પ્રકૃતિ પળમાં પ્રલય ધૂમકેતુના પ્રમાણે ઉચ્છૃંખલ, અપ્રકૃત, ફેંકાવલું થઇને વિશ્વજીવનની સાથે એક સૂત્રતા એકાત્માનુભૂતિ ગુમાવી.

કેદખાનાની ઓરડીમાંથી બહાર નીકળીને ગોદાવરીએ જોયું કે આકાશમાં એક પણ તારો નથી,

રાતનો અંધકાર મેઘના અંધારામાં ગાઢો થયો છે. તે નિસ્તબ્ધ નિશ્ચલ થઇ રહી. ચારેબાજુની અવસ્થા સારી રીતે જોઇ શકી નહિ, પોતાની અવસ્થા પણ સારીરીતે તે સમજી શકી નહિ, પોતાને અસ્તિત્વ વિનાની, મહાશૂન્ય, અંધારી રાત તરીકે ભૂલાવામાં પડવા લાગી. ગોદાવરીને નિસ્તબ્ધ રાતે ઉભેલી જોઇને પહેરેદારે વિચાર કર્યો કે અંધારામાં જતાં તે ડરે છે, તેથી તેણે કહ્યું, "અંધરેમે ડર માલમ હોતા હે તો મેં રોશની લાઉ?"

ચકિતથી ગોદાવરીનો મોહ ભાંગ્યો. ધીરેધીરે તે બોલી, "નહિ ચાલો આવું છું."

કેદખાનાની બહારના ભાગમાં જમાદાર ગુલાબ અલીખાં સૂતો સૂતો હોકો ગડગડાવે છે અને વખતો વખત ખંખારે છે. અને તેની પાસેના મેદાનમાં બે બે સિપાઇઓ ચાલતા પહેરો આપે છે. સિપાઇ રમઝાને અંદરથી આંધળો ઉઘાડીને દરવાજો ઉઘાડયો દરવાજો ઉઘડવાનો અવાજ સાંભળીને બેઉએ સાથે ધીરથી પૂછયું "કોણ હે?"

જમાદારે દરવાજો બંધ કરતાં કરતાં કહ્યું, "કંઇ ફ્કર્ નહિ, પોતાનું કામ કરીને ચાલે છે!"

પહેરેદારો કંઇ નહિ બોલતા પાછા પોતાનો પહેરો ભરવા લાગ્યા. જમાદારે દરવાજો બંધ કરીને જોયું કે સ્ત્રી દરવાજામાંથી કંઇક દૂર ગઇ છે. ઝડપથી તેની પાસે જઇને બોલ્યો "વીંટી ?"

કુતુબે ગોદાવરીને ગુલામઅલીખાંની પાસે પહોચાડીને એક વીંટી આપી હતી એ વીંટીના બળથી તે અજયસિંહની ઓરડીમાં વગર હરકતે પ્રવેશ કરવા પામી હતી. તેઓમાં મસલત થઇ હતી કે કે ગોદાવરીની રાહ જોતો કુતુબ પાસેના પહેરેવાળાની ઓરડીમાં બેસશે, તે કેદખાનામાંથી બહાર નીકલવા ગઇ તે વીંટી ગુલામઅલીખાની મારફતે તેને પાછી મળશે તે પાછો અહિં આવીને ગોદાવરીને જોડે લઇને વગર હરકતે બગીચા સુધી પહોચાડશે. કુતુબ ખરીરીતે પહેરેદારની ઓરડીમાં બેસીને બેગમ સાહેબનું શુભેચ્છામાં મગ્ન ન હોતો, તે વાંચનાર જાણે છે. તોપણ ગોદાવરીને કેદખાનામાંથી નીકળી જવાના સમાચાર મેળવવાનો બંદોબસ્ત રાખવામાં કંઈ ઓછાપણું રાખ્યું ન હોતું. એ વાસ્તે ગુલામઅલી ખાંની પાસે પોતાનો એક નોકર રાખી ગયો હતો. તેનો હુકમ હતો કે સ્ત્રી કેદખાનામાંથી નીકળીને

વીંટી આપે તેની મારફત ગુલામઅલીખાં તરત તે મહેલમાં મોકલે ખચીત તે વખતે જો કુતુબ પાછો ન આવે કુતુબે ધાર્યું હતું કે બેગમ કેદખાનામાંથી નીકળવાની પહેલાં આવીશ, તોપણ કોણ જાણે જો આવતાવાર થાય બાદશાહને સુવાના ઓરડામાંથી ઉઠાડીને ખબર આપવી એ વખતનું કામ છે. એ વાસ્તે બધી બાજુ વિચાર કરીને કુતુબ આવો બંદોબસ્ત કર્યો હતો. સ્ત્રી બાદશાહજાદી છે તો કુતુબે છાનું રાખ્યું હતું. પહેરદારે વીંટી માગી, ગોદાવરી ઉભી રહીને બોલી, વીંટી મોકવવાની જરૂર નથી."

અસલ વાત એ હતી કે ગોદાવરીને હમણાં મહેલમાં જવાની અથવા કુતુબની જોડે મળવાની ઇચ્છા ન હોતી આવું કહીને ગોદાવરી પાછી ચાલવાને તૈયાર થઇ પહેરદારે અટકાવીને કહ્યું, 'લેકીન કુતુબ સાહેબકા હુકમ ઐસા હે."

બાદશાહજાદી ગંભીર હુકમના અવાજથી બોલી, "રસ્તો છોડ બાદશાહજાદીનો હુકમ છે. પહેરેદાર ભયથી આશ્ચર્ય પામીને ઉભો રહ્યો ગોદાવરી અટક્યા વિના ચાલી ગઇ. થોડી પળમાં અંધારાની નિસ્તેજ છાયા વિલીન થઇ ગઈ. પહેરેદાર તે વેળાએ પોતાની

જગાએ આવીને બાક ઉપર બેસીને ચકમક કાઢીને બોલ્યો, " હુમ બાદશાહજાદી સાહેબ! મેં જો અન્દાજ કિયાથા અજયસિંહકા ઔરત! ખસમકો ભેટનેકો આયા. હમ લોગોકોભી અલબત કુછ ભેટ મિલેગા. ખોદાને સબ ખરાબી કર દીયા એસા તસીબ! કુતુબ સાહેબ, તેરેકો સાબાસ! બાદશાહ ઔર બાદશાજાદી દોનોકોહી ગુલામ બનાયા! અહં ભઇઆ ફતેહખાં ઉઠોગે કે નહિ?"

ફતેહખાં શેઠનો હુકમ અને આ તાઢીરાતે એક સાથે દરકાર ન રાખના કંબલ વીટાલીને ઝાડની નીચે નસકોરા બોલાવતો ઊંઘતો હતો: સિપાઇઓ બોલાવે છે, ઊંઘના ઘોરમાં બોલ્યો, "અંગુઠી મિલા?"

પહેરદારે કહ્યું, " નહિ, ભઇયા, મિલનેકા નહિ! બાદશાહજાદી ચલી ગઈ."

નોકરે કહ્યું, " જાતા–જાતા " કહીને પાછો મૂંગો થઇ પડ્યો. પહેરેદારે બિચાર કર્યો કે ફતેહખાંના હાથમાં કુતુબને વીંટી આપવાને કહ્યું છે, તે વીંટી જ્યારે મળી નથી, ત્યારે તેને જગાડીને કુતુબની પાસે આ ખબર મોકલવાની પહેલા એક ચલમ પીધાથી હુકમને અમાન્ય કર્યો કહેવાશે નહિ. એવો

વિચાર કરીને તે સંપૂર્ણ કર્તવ્ય પાલન કર્તા નિરાંતે ચલમમાં તમાકુ ભરી તેમાં દેવતા નાખીને હોકો પીવા લાગ્યો.

પ્રકરણ ૨૬ મું

ગોદાવરી ચાલી, અંધારામાં તે એકલી ચાલી. અંધારામાં ચાલવાની તેને ટેવ હતી, જંગલનો રસ્તો તેના જાણુમાં હતો. જંગલના દરેક રસ્તા દરેક ઝાડ સુદ્ધાં આ અંધારામાં પણ તેને ખોળો બીછાવીને માનપૂર્વક આહ્વાન કરતા હતા. ગોદાવરી ઘણીજ સહેલાઇથી કષ્ટ વગર તે જંગલમાંથી નદી કિનારે આવી. કેટલાક વર્ષની વાત ઉપર નદી કિનારે જે આમલીનું ઝાડ અડધું જમીનપર ને અડધુ પાણીમાં અધિકાર કરીને જમીન ઉપર સૂતું હતું. આજે તેનું થડ માત્ર બાકી રહેલું છે. તે દહાડે બે જણા એના ઉપર બેસીને વાતચીત કરતા હતા, તેઓનું જીવન પણ આજે કેવું બદલાઈ ગયું છે! ગોદાવરી તે થડના તરફ થોડી પળ જોઇને પાછી ચાલી, વળી જંગલમાંથી ચાલી, ચાલતાં ચાલતાં

એકદમ અટકીને ઉભી રહી, જે ઝાડની તળે પોતા ની ઘણી વહાલી સૂકી ફૂલની માળાને પગ નીચે કચરી નાખી હતી. ત્યાં આવીને સ્તંભિત થઇને ઉભી રહી; ત્યારપછી ઝાડ નીચેથી એક મુઠી ધૂળ લઇને પોતાના મણિમય લૂગડાંના છેડામાં બાંધીને પાછી ચાલવા લાગી. થોડીવારમાં ગોદાવરી પેલાં જૂના કાલિકાના દેવળની પાસે આવી પહોચી પહેલા એ દેવળમાં રહેવાની વખતે દર રોજ રાતે ઘર જવાની વખતે છેટેથી બારણાના છિદ્રમાંથી જેવું અજવાળું દેખાતું હતું. તેવું આજ પણ તેણે જોયું માનસચક્ષુથી મંદિરના ઓરડામાં પ્રતિમાની સામે સંન્યાસિની મૂર્તિની કલ્પના કરતી કરતી બારણાની પાસે આવી પહોચી, બારણું અંદરથી બંધ નહોતું, ડોકીયું કરીને જોયું તો તેને જેવું ધાર્યું હતું તેવુંજ જોયું. પ્રજવલિત હોમાગ્નિની સામે સંન્યાસિની મીચેલી આંખથી બેઠી છે. ગોદાવરી એવી ગુપચુપ પછવાડે આવીને ઉભી રહી કે સંન્યાસિની તે જાણવા પણ પામી નહિ. તે મંત્રોચ્ચારણ કરતી કરતી અગ્નિમાં આહુતિ આપી—અગ્નિ સળગી ઉઠયો, બળથી નીકળી આસપાસ અગ્નિ શિખા

ઓરડાના છત સુધી પહોંચવા લાગી, ગોદાવરીની આંખમાંથી લોહીના ફૂવારા નીકળતા હોય એમ જણાવવા માંડયું, તેમાંથી છિન્ન મુંડ ખસીને પડવા લાગ્યો એવું તેને ભાસવા માંડયું. ગોદાવરી એકી નજરથી તેની તરફ જોવા લાગી, એકદમ ફૂવારાનો ઉચ્છવાસ અટકી ગયો. છિન્ન મુંડો શૂન્ય ચતુષ્કોણ ભાવથી સજ્જિત શ્રેણીબદ્ધ થયાં, તેના ઉપર સિંહાસનના પ્રકાશ પ્રત્યક્ષ થયો સિંહાસનમાં આ કોની મૂર્તિ છે! ગોદાવરીએ તીક્ષ્ણ નજરથી તે ઓળખવાનો યત્ન કર્યો. એ વેળાએ સંન્યાસિનીએ સ્વાહા મંત્ર ઉચ્ચારીને કહ્યું, "હે સર્વ શક્તિમતિ, ભગવાનની વ્યક્તિરૂપી પ્રકૃતિ! તમે પ્રસન્ન થાઓ. તમારી કરૂણાથી વિશ્વ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ છે, તમારા ક્રોધથી એનો વિનાશ થાય છે! તમે રૂદ્રા રૂપે આ દેશની આવી દુર્દશા લાવ્યા છો, તમારા પ્રસન્ન કટાક્ષથી એનું દુઃખ દૂર કરો. તમે કરૂણા કરીને અજયસિંહને છોડવો—આ જુલમથી પીડાતા અભાગિયા દેશમાં સૌભાગ્યનો ઉદય કરો!"

ગોદાવરીએ સંન્યાસિની આરાધ્ય દેવીની પ્રતિનિધિ રૂપે જવાબ આપ્યો, "તથાસ્તુ! મહાશક્તિએ

મનેજ તે કાર્યમાં મંગાવીને અહિં મોકલી છે."

સંન્યાસિનીએ આંખ ઉઘાડીને ગોદાવરીની સામું જોઇને બોલી, " તું ગોદાવરી ! બાદશાહજાદી ! તું અજયસિંહને છોડાવશે ?"

ગોદાવરી બોલી, " આને પહેલાં છોડાવત, પરંતુ તે મારાથી છુટવાને કબૂલ થયા નહિ "

આવું કહીને અથથી ઇતિ સુધી બધો વૃત્તાંત ગોદાવરીએ સંન્યાસિનીની પાસે કહ્યો અને પછી તે બોલી, " આપ મારી જોડે પધારો, આ વીંટી દેખાડીને આપણે હમણાં કેદખાનામાં જઈ શકીશું ત્યારપછી તેને જોડે લઇને આપ નાશી આવજો."

સંન્યાસિની ઉઠીને ઉભી થઇ ગોદાવરી બોલી, " જરા ઉભા રહો, મને આ લુગડું છોડવું જોઇએ બીજું એક લુગડું આપી શકશો ? "

સંન્યાસિનીએ એક ભગવું લુગડુ મંદિરના ખુણા-માંથી લઇને કહ્યું, " આ લે ? "

ગોદારીએ તે ભગવું વસ્ત્ર પહેરીને છેડે બાંધેલી ધૂળ શરીર ઉપર ચોપડીને ત્યાર પછી શાલના જોડા-માંથી એક શાલ કાઢીને માથા ઉપરથી લઇને શરીર ઉપર લપેટી અને તેને ઉતારેલું મણિમય

વસ્ત્રના બે કકડા અને બાકીની એક શાળ સંન્યાસિનીને આપીને તે બોલી, " એમાંથી એક લુગડું પહેરો અને બીજું શરીર ઉપર લપેટો અને શાળ માથે ઓઢી લ્યો. ત્યારપછી કેદખાનામાં જઇને શરીરપરનું લુગડું અજયસિંહને પહેરાવજો અને મારી આ શાલ કાઢી આપીશ, તે તેના મોં ઉપર સારી રીતે ઓઢાડજો આવી રીતે તમે બેઉ જણા નાશી શકશો. પહેરદારો સમજશે કે બે જણા ગયાં હતાં તેઓ પાછા આવે છે."

સંન્યાસિની બોલી, ' અને તમે ? "

ગોદાવરી બોલી, " અજયસિંહને બદલે હું કેદખાનામાં રહીશ. મારે માટે ફીકર કરશો નહિ, કુતુબ મારો મદદગાર છે."

સંન્યાસિનીએ તેની વિપત્તિ જાણી; પરંતુ તેને આ સંકલ્પથી હઠાડવાનો યત્ન કર્યો નહિ. અને અજયસિંહને કાઢવામાં, દેશનું હિત કરવામાં જો ગોદાવરીનું મૃત્યુ થાય તો તે મૃત્યુ પણ સુખનું છે. ગોદાવરીનું તે પરમ સુખ અનુભવીને સંન્યાસિનીએ પણ સુખમાં લાંબો નિસાશો નાંખ્યો.

ગોદાવરી બોલી, " દેવિ, બીજું એક કામ છે.

મારા માથાપરના વાળ કાપો." ગોદાવરીએ કાલિકાના હાથમાંનો છરો લઇને સંન્યાસિનીના હાથમાં આપ્યો. સુલલિત લાંબા ભરેલા કેશોની લટો તે છરાથી કાપીને સંન્યાસિનીએ તેના હાથમાં આપીને ગોદાવરીએ એક વાર હાથમાં લઇને પાછી તેના હાથમાં આપીને બોલી, " ગુલબાહાર જો મા વિનાની થાય તો તેને આ આપજો. હવેથી યાદ રાખજો કે તે આપનીજ કન્યા છે."

સંન્યાસિની ગુપચુપ તે વાળ કાલિકાના પગ તળે મૂકીને મંદિરમાંથી નીકળી. ગોદાવરી પહેલેથીજ મંદિરમાંથી બહાર આવીને તેની વાટ જોતી ઉભી હતી.

પ્રકરણ ૨૭ મું.

—o-oo-o—

સંન્યાસિનીએ હાંક મારી, "રાજકુમાર !" ઊંઘમાં અજયસિંહ ચમકીને જાગી ઉઠયો ને બોલ્યો, "નહિ ગોદાવરી હું જઈશ નહિ, મને હવે લલચાવશો નહિ."

સંન્યાસિએ કહ્યું, " બેટા, હું ગોદાવરી નથી. તમે ઉઠો, તમને છોડાવવાને હું આવી છું."

અજયસિંહે સંન્યાસિનો અવાજ ઓળખ્યો, ક્ષત્રીયાનું લોહી શતોચ્છ્વાસથી ઉછળી પડયું. ખરેખર ત્યારે આ વખતે તે સ્વાતંત્રતા મેળવશે ! આનંદથી વિસ્મયથી ગભરાતો ઉઠીને ઉભો થઇને બોલ્યો, "ભગવતી સંન્યાસિની અહિં છે ?"

સંન્યાસિની બોલી, "હા જલદી તૈયાર થાઓ; આ વસ્ત્ર પહેરીને સ્ત્રીનો વેશ ધારણ કરીને આ શાલથી આંખના શિવાય બીજા મોંનાં બધા અવયવ ઢાંકીને મારી સાથે ચાલો." અજયસિંહે જેમ બન્યું તેમ જલદીથી વેશ ધારણ કરીને કહ્યું, "દેવિ, હું તૈયાર છું" સંન્યાસિનીએ તે વેળાએ આસ્તેથી દરવાજો ઠોકયો, દરવાજો ઉઘાડવામાં આવ્યો તેઓ બહાર નીકલ્યા. એક પળમાં લોઢાના કમાડ અને ગોદાવરી એકજ સાથે પાછા બંધ થયાં.

ગોદાવરી કેદખાનાની ઓરડીમાં પ્રવેશ કરીને આટલીવાર સુધી એક ખુણામાં ધ્રુજતા હૃદયથી છાનીમાની બેઠી હતી. ડર ઉપજતો હતો કે કદાચ અજયસિંહ તેને જોવા પામે તો નાશી જવાને માટે પાછો વાંધો કાઢે. જો કે તેનો આ ડર નકામો હતો, કેમકે તેને ઘરમાં પેસતાં અજ-

યસિંહે જોઈ નહોતી, તે તે વેળાએ ઊંઘતો હતો, ત્યારપછી જાગ્રત થઇને નાશવાની તૈયારી કરતો હતો, અને વિચારમાં મશગુલ હતો. તેથી બીજી તરફ જવાનો તેને વખત નહોતો, તેમાં વળી ઓરડીમાં અંધારૂં હતું, સહેલાઇથી કંઇપણ નજરે પડતું નહોતું. તેથી ગોદાવરીનો ભય નકામો કરીને તે સંન્યાસિની જોડે જતો રહ્યો, ગોદાવરીને શ્વાસ લઇને નિરાંત વળી. આટલા દહાડાની તેની એક વાસના પૂર્ણ થઇ. એક વાસના પરંતુ આખી, ઉમ્મરની આવેગ–કેન્દ્ર ભૂત છેલ્લી વાસના! એની સિદ્ધિમાં તેણે પરમ સિદ્ધિ મેળવી, તેની સફળતાથી તેનું સદા નિરાશનું કષ્ટ પળમાં અસીમ આનંદ સમુદ્રમાં વિલુપ્ત થઇ ગયું. તે વેળાએ ગોદાવરીએ ઓરડીનો ખુણો છોડીને અજયસિંહે ત્યાગ કરેલા સ્થાનમાં ને આવીને સૂતી. તેણે સખ્ત જમીનપર સૂઇને અતુલ સુખ અનુભવ્યું, કોમળ રાજ્ય શય્યા-પર તેના ભાગ્યમાં કદી તેને તે સુખ મળ્યું નહોતું. આનંદથી ઉછળતા કૃતજ્ઞતા પૂર્ણ હૃદયથી તે ઈશ્વ-રાહ્વાન કરીને બોલી, "હે કરૂણામય ભક્તવત્સલ, આટલા દિવસ તમને કારણ વિના તમારી નિંદા

કરી હતી—તેને માટે મને ક્ષમા કરો. તમે આટલા વરસો મને જે દુઃખ કષ્ટ આપ્યું છે—તે આ આનંદ સમુદ્રમાં પાણીનું ટીપું માત્ર છે, આ સમુદ્ર સ્રજનને માટેજ તે સંચિત થયું હતું. હું અતિ મૂઢ છું, અજ્ઞાન છું, શી રીતે તે બિંદુરૂપી દુઃખ કષ્ટનું પરિણામ સમજું, આ મહાનંદ પરમ સુખ છે તે સમજું? ભગવાન, જો આ દીન હીન અયોગ્યને આટલી કરૂણા, આટલું સુખ આપ્યું તો આટલી પ્રાર્થના પણ પૂર્ણ કર. પ્રભુ, આ સુખથી તેને હવે વિચ્છિન્ન કરશો માં, આ આનંદમાં તેનું આ જીવન પણ પૂરૂં થાય."

અજયસિંહ જવાની વખતે તેની એકમાત્ર સંપત્તિ એક ફાટેલી કામળી અહિં મૂકી ગયો હતો. ગોદાવરીએ તે માથેથી લઇને પગ સુધી હોડીને આવી રીતનો વિચાર કરતાં કરતાં ઊંઘી ગઇ. ઊંઘમાં તેના કાનમાં છેટેથી વાંશળીમાં ગાવાનો અવાજ સંભળાયો.

ગોદાવરીનો બાલ્યાવસ્થાનો સમય પાછો આવ્યો, સ્વપ્નામાં રાજકુમાર ગોદાવરીના ગળામાં ફૂલની માળા પહેરાવી તેને સાથે લઇને નાવમાં ચઢયો,

ગોદાવરી હલેસા મારવા લાગી, રાજકુમાર વાંશળી વગાડીને ગાવા લાગ્યો.

સઘળું તે દિવસના જેવું જણાયું. સુંદર ચાંદણી, ફૂલના સુવાસ, દક્ષિણ તરફનો વાયું, કોયલડી પાપિયાનો મધુર અવાજ, વળી તેમાં રાજકુમારની વાંશળીનો પ્રાણમનહારી આનંદ તાન છે. બધું તે જ છે. કેવળ તે દહાડાના જેવી બીજી છોકરીઓ નથી, ગંગાની પેલી કરૂણ સુખ સ્મૃતિ બેઉ વચ્ચમાં આવીને તેમનો પરિપૂર્ણ આહ્નંદોચ્છવાસમાં હરકત નાખતી નથી. એ આનંદ રાત્રિમાં તેઓ કેવળ બે એક આત્મા થઇને સંગીતની જોડે જોડે પૃથ્વીનું બંધન, શરીરનું બંધન છોડીને અસીમ આનંદ રાજ્યમાં તણાતાં જાય છે!

ધીરે ધીરે ગોદાવરીનું દ્વિત્વ જ્ઞાન પણ લોપ થયું, તેઓ બે એક આત્મા થઇને વિશ્વના બધા આત્મામાં વિલીન થઈ પડી, નાનો પ્રેમ મહાન પ્રેમમાં મગ્ન થઈ ગયો, એક આનંદમય મહાચૈતન્યની મહા શક્તિ ગંભીર નિદ્રામાં આભભૂત થઈ ગઇ.

× × × ×

એક જણાએ અતિ ધીરેથી કહ્યું, "કેદી ઘોર નિદ્રામાં ઊંઘે છે."

બીજાએ કહ્યું, "ઠીક છે સહેલાઇથી કામ પૂરૂં થશે."

બેઉના મૃદુ કંઠની વાતચીતથી સ્તબ્ધ ઓરડી કંપિત થઇ પડી—પરંતુ તેથી બંદીવાનની ઊંઘમાં કંઇપણ હરકત પુગી નહિ. પહેલા માણસે કહ્યું, "આપ દીવો લઇને દરવાજાની બહાર ઉભા રહો ત્યારપછી હું કેદીના મોંનું લુગડું કાઢીને અંધારામા કામ પૂરૂં કરીશ. દીવાથી કેદીની ઊંઘ જતી રહે."

કુતુબ બહાર આવીને મશાલ જમીન ઉપર નાખીને બધા સ્થિર થઇને ઉભા રહ્યા. તેટલામાં અહમદશા ઝડપથી ઉન્મત્તના પ્રમાણે કેદખાનાના દરવાજા ઉપર પહોચ્યો. તેણે કુતુબને વિદાય કરીને કંપિત ઉત્કંઠાથી રાહ જોતો હતો. પરંતુ વધારે વાર સુધી આ ઉત્કંઠા તે સ્થિરભાવથી સહન કરી શકયો નહિ. બાદશાહની પદમર્યાદા માન અપમાનના ઉપર પાણી મૂકીને પોતે કેદખાનાના બારણા ઉપર આવ્યો દરવાજામાં કુતુબને જોઇને તેણે કહ્યું. "કુતુબ શું હુકમ બજાવ્યો છે? અજયસિંહનું માથું કયાં છે? બાદશાહજાદી કયાં છે?"

હત્યાકારીએ એ વખતે કપડાંમાં વીંટાવેલી કોઈ વસ્તુ લાવીને ચુપચુપ કુતુબના હાથમાં સોંપી. કુતુબ તે કપડા વિના લઈને બાદશાહને દેખાડીને બોલ્યો, "જાંહાપના! આ લ્યો, નરાધમ અજયસિંહનું માથું."

જમીન ઉપર પડેલી મશાલ તે વેળાંએ હોલવાઇ નહોતી તેના તેજને જરા વધારે તેજીત કર્યું.

બાદશાહે કહ્યું, "આ કોનું માથું છે! મશાલ લઈ આવ!

પહેરેદારે મશાલને ઉજવળ કરી ઉપાડીને બાદશાહ આગળ ધરી.

"સેતાન! આ તે શું કર્યું!" આવું કહીને અહમદશાહે ઘેલાની પેઠે મોટી બુમ પાડી.

ઉપસંહાર.

ગોદાવરીને મારી નાખેલી જોઇને અહમદશાહ ઉન્મત્તના જેવા કામ કરવા લાગ્યો. કુતુબને મારી નંખાવ્યો, સાહબુદીનને મારી નંખાવ્યો, કેદખાનાના બધા સિપાઓને મારી નંખાવ્યા, અપરાધી નિરપ-

રાધી ભેદથી કેવળ તેને મારી નાખવાનો તે હુકમ આપવા લાગ્યો અને પેલી ગોદાવરીની છોકરીને કાઢી મૂકી.

રાણી ગંગાબા અજયસિંહની જોડે બગીચામાં બેસીને પ્રદોષ સૌન્દર્ય જોતાં હતાં. રાજકુમાર રણુજીતસિંહ આ વખતે એક રોતી છોકરીનો હાથ ઝાલીને પાસે આવીને બોલ્યો, " મા મા હું શાહાજાદીની જોડે લગ્ન કરીશ." આવું કહીને છોકરીની તરફ ફરીને તેને આદરથી કહ્યું, " રોશો માં, તમે મારી રાણી–હુ તમારે માટે ફૂલ લાવું છું."

ગંગાબા પુત્રના વ્યવહારથી દીલગીર થઇને ધિક્કારવાળા અવાજથી બોલી, " છિ છિ રણુજીત ! એ મુસલમાની છે એને છોડી દે—"

તેઓની જોડે જોડે સંન્યાસિની પણ ત્યાં આવી ઉભી હતી. તે બાળિકાને લઇને અજયસિંહની પાસે આવી હતી. સંન્યાસિની અમદશાહના બાગમાંથી આ છોકરીને લાવી હતી, તેણે ગંગાબાના કહેવા પરથી કહ્યું, " બેટા, મુસમાન જાણીને તેને ધિક્કારીશ નહિ. એની માએ તમારા બધાને માટે જીવ આપ્યો છે તે યાદ રાખજો."

અજયસિંહે લાંબો શ્વાસ લઇને તેનું મુખ ચુમ્બન કર્યું, ગંગાબા ડરતી આંખથી તે ી સામું જોવા લાગી. બાળક રણજીતસિંહે એટલામાં દોડતો દોડતો માળી પાસેથી એક ફૂલની માળા લાવી છોકરીને પહેરાવીને કહ્યું, "શાહજાદી, તમે મારી રાણી, હું તમારી જોડે લગ્ન કરીશ."

ગંગાનો ડર સાચો થયો, બાળક રણજીતસિંહની નાનપણની વાત ખરી પડી. ગોદાવરીનો શાપ ફળ્યો. બાળક રણજીતસિંહ જુવાનીમાં મુસલમાન થઇને તે બાળિકાની જોડે પરણ્યો હતો. એ રણજીતસિંહનું બીજું નામ જેલાલુદીન હતું.

———

સ્ત્રી સૌન્દર્ય મંદિર.

જેમા નીચલી કિંમતના નીચલા સ્ત્રી ઉપયોગી પુસ્તકનો સંગ્રહ છે જેની અસલ કિંમત પાાા— છે તેનો સંગ્રહ ઉત્તમ બાંધણીવાળા પુસ્તકની કિંમત ફક્ત રૂપીઆ ચાર પોસ્ટેજ જૂદું.

સ્ત્રી જાતિ વિષે ચર્ચા ૦ાા, ભારત મહિલા ০ા=, સ્ત્રી હિત શિક્ષા ০ા=, માતુ કર્તવ્ય ০ા, મા અને છોકરા ০ા, કેવી રીતે બાળકને સદ્ગુણનું અને મનનું શિક્ષણ આપવું ০ા=, જનહિતકારિણી સ્ત્રીઓ ০ા, પરોપકારી અબળા ০)—, બહેન ડોરાનું જીવન ચરિત ০)=, સતી સ્ત્રીઓ ০ા, સીતા ચરિત ০ા, સીતા વનવાસ ০ા, The Light of India or Sita ૧, પ્રાચીન હિંદુ સ્ત્રીઓના યશોગાન ০ા, સ્ત્રીઓનાં સારાં કામ ০ાા, સદ્વર્તન શાલી સ્ત્રીઓ ০ા=, Noble Deeds of Wonen and Girls ০ા=.

મુખ્ય મુખ્ય ચોપડી વેચનારને ત્યાંથી મળશે.

સ્નેહ મંદિર.

જેમાં નીચલી કિંમતની નીચલી નવલ કથાના પુસ્તકોનો સંગ્રહ છે. જેની અસલ કિંમત ૬॥।– છે તેનો સંગ્રહ ઉત્તમ બાંધણીવાળા પુસ્તકની **કિમત ફક્ત રૂપીઆ ચાર રાખી છે પોસ્ટ જૂદું.**

જીવન પ્રભાત ૧, જીવન સંધ્યા ૧, દુર્ગેશનંદિની ૰॥, સંન્યાસી ૦=, શરતચંદ્ર ૰॥, યોગજીવન ૦॥।, ગંગા ગોવિંદસિંહ ૦॥।, હૃત્ય વિકાશ (પાંચ નાની વાર્તાનો સંગ્રહ) ૦=, વૈદ્યકન્યા ૦= શકુન્તલા (વાર્તા) ૦)=, વિક્રમોર્વશી (વાર્તા) ૦)=, ઉત્તર રામચરિત (વાર્તા) ॥૦ અને માલતી માધવ (વાર્ત) ૦–

જીવન ચરિત્રનાં પુસ્તકો—કીર્તિમંદિર (જેમાં ૨૨જીવન ચરિત્રનાં પુસ્તકો છે) ૪, વીરમંડળ ભાગ ૨ જો વિદેશી વીર ૦॥।.

જ્ઞાનમંદિર (જેમા નાના મોટા જ્ઞાન સંબંધી પુસ્તકો છે.) ૪.

મુખ્ય મુખ્ય ચોપડી વેચનારને ત્યાંથી મળશે.